કુસુમાંજલિ

મ. ચ. પરેખ



સરકારે શાળાઓ અને કૉલેજોમાં ચલાવવા સારૂ મંજુર કરેલી. વડોદરા રાજ્યમાં પણ લાઇબ્રેરીઓ અને ઇનામ માટે મંજુર થએલી.

કુસુમાંજલિ.

[બીજી આવૃત્તિ.]

રચનાર, પ્રકાશક

મગનભાઇ ચતુરભાઇ પટેલ.

બી. એ. એલ એલ. બી. બૅરીસ્ટર-એટ-લૉ.

અમદાવાદ.

સન ૧૯૨૭. પ્રત ૧૦૦૦.

અમદાવાદ—ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં, પરીખ દેવીદાસ છગનલાલે છાપી.

કિંમત રૂ. ૦-૧૨-૦.

આ લેખકનાં પુસ્તકો.

૧.	ઉપનિષદ્-જ્યોતિ ભા. ૧...	૪–૦–૦
૨.	ઉપનિષદ્-જ્યોતિ ભા. ૨...	૪–૦–૦
૩.	ભગવદ્ગીતા-જ્યોતિ	૩–૦–૦
૪.	બ્રહ્મમીમાંસા-જ્યોતિ	૫–૦–૦
૫.	અભિજ્ઞાનશાકુંતલ (ગુજરાતી)	૧–૪–૦
૬.	વૈદેહીવિજય (નાટક)	૦–૯–૦
૭.	કુસુમાંજલિ	૦–૧૨–૦
૮.	કાવ્યાર્થ પ્રદીપ	૦–૮–૦
૯.	ક્ષાત્રપાળ (વે. સ. ધ. સ.) પાસેથી... ...	૦–૩–૦
૧૦.	સ્વદેશી હીલચાલ	૦–૨–૦
૧૧.	શિક્ષકનું કર્તવ્ય...	૦–૧–૦
૧૨.	Studies in Land Revenue & Economics.	૧–૦–૦

પ્રસ્તાવના.

(બીજી આંવૃત્તિની)

આ બીજી આવૃત્તિમાં કુસુમાંજલિનાં મૂળ કાવ્યો, કે તેમનાં નામ, કે અનુક્રમમાં કોઇનો ફેરફાર કર્યો નથી. અર્થને વધારે સરળ કરવા ક્વચિત્ શબ્દનું સ્થાન ફેરવ્યું હશે, કે કોક સ્થળે શબ્દને બદલ્યો હશે. કાવ્યોની સંખ્યામાં તો માત્ર એકજ 'કાળજ્વર' કાવ્ય વધ્યું છે. અને બીજા અગત્યના વધારામાં માનસિક સૃષ્ટિના ચોખ્ખા દર્શનમાંથી પ્રકટતો જે ભાવ પ્રત્યેક કાવ્યનું જીવન બની રહ્યો છે, તે ભાવદર્શનની બહુજ ટુંકી નોંધ દરેક કાવ્યને મથાળે કૌંસમાં મૂકી છે, તે એવી ઇચ્છાએ કે, એની મદદથી પ્રત્યેક કાવ્યના વાચકનો કવિતાના હાર્દમાં સત્વર પ્રવેશ થાય. આ કાવ્યોની પાછળ મૂકેલી માર્ગદર્શી ટીકા પણ મૂળનીજ રહી છે. માત્ર કોક કોક સ્થળે એકાદ બે શબ્દ, કે વાકય ઉમેરાયાં હશે. સરખામણી માટે બીજાં પુસ્તકોનાં રેફરન્સો તો નવાંજ ઉમેરાયાં છે. એટલે એકંદરે મૂળની પ્રસ્તાવના સાથે કુસુમાંજલિનાં કાવ્યો એમના પ્રથમના સ્વરૂપમાંજ અહીં પ્રકટ થાય છે, એમ કહેવું અયોગ્ય નથી.

આજે અરાઢ વર્ષના લાંબા ગાળામાં, નોંધવા જેવા કેટલાક પ્રસંગો આ કુસુમાંજલિને અંગે બન્યા છે. સંસ્કૃતના ઘણા ઉંચા પ્રકારના અભ્યાસી હોવાથી ગુજરાતી સાહિત્યના બહુ કઠણ પરીક્ષક તરીકે પ્રસિદ્ધિને પામેલા પ્રૌઢ સાક્ષર તનસુખરામ મનઃસુખરામ ત્રિપાઠીનો આ કાવ્યોએ સદ્ભાવ મેળવ્યો છે, તે અમને કાંઇ ઓછા સંતોષની વાત નથી. એમણે અમારા અભિજ્ઞાનશકુંતલના ભાષાન્તર સંબંધે લખતાં આ કાવ્યો વિષે કહ્યું છે કે, "આપનું મહાકવિ કાલિદાસ કૃત અભિજ્ઞાનશકુંતલ નાટકનું ગુજરાતી ભાષાન્તર જોઇ અનેક રીતિએ પ્રસન્નતા થઇ. પ્રથમ તો એ નાટકજ અતિ ગંભીર અનેક ભાવો યુક્ત છે. તે ગ્રહણ કરવાજ સહૃદયતાની આવશ્યકતા છે, તેમ તેના ભાષાન્તર રૂપાંતર કરણુ સારૂં 'કવિ'જ યોગ્ય

અધિકારી છે. આપનામાં તે ઉભય ગુણોની સત્તા આપે રચિત 'કાવ્યાર્થ પ્રદીપ' અને 'કુસુમાંજલિ' એઓએ સિદ્ધ કરી છે. તેમાં 'કાવ્યાર્થ પ્રદીપ'માં ગુજરાતીમાં પ્રકટ થએલા સાહિત્ય ચર્ચા સંબંધી ગ્રંથોમાં જેમ કેવળ મતમતાંતરોનો સંગ્રહજ જોવામાં આવે છે, તેમ ન હોતાં રસભાવ આદિના મર્મોનું અપૂર્વ આવિષ્કરણ જોવામાં આવે છે. તેમાં જે પ્રતિ• પાદ્યો છે તેના ઉદાહરણ રૂપ આપનાં (કાવ્ય) 'કુસુમાંજલિ' અનુભવાય છે." એમની સાથે અમારે અંગત પરિચય નહીં છતાં, આ સાક્ષરે આટલા ઉદાર ભાવે કરેલો કુસુમાંજલિનાં કાવ્યોનો, અને કવિતાના અર્થની મીમાંસા ભર્યા અમારા 'કાવ્યાર્થપ્રદીપ'નો સત્કાર બહુ કિંમતિ છે. વળી સને ૧૯૧૭ ની મુંબઈમાં મળેલી ખાસ કાંગ્રેસની કમીટીએ કાંગ્રેસમાં ગુજરાતી ગીત ગાવા માટે અનેક ગીતોમાંથી કુસુમાંજલિમાંથીજ 'એક દિન એવો આવશે' એ કાવ્યને પસંદ કરીને કુસુમાંજલિનો સારો સત્કાર કર્યો હતો. અને છેવટે, સને ૧૯૨૭ માં આ કાવ્યોને સરકારે ગુજરાતી શાળાઓ અને કોલેજોમાં પાઠ્યપુસ્તક તરીકે ચલાવવા મંજુર કરીને તેમની કદર કરી છે. અને વડોદરા રાજ્યમાં તો પ્રથમથીજ ઇનામ અને લાયબ્રેરીઓ માટે એને મંજુરી મળી છે.

મંડળધારી સાક્ષરોના સૂકા જેવા ગુજરાતમાં આવા કાવ્યના દર્શનને મળેલો આટલો સત્કાર કાંઈ ઓછો સંતોષકારક ન કહેવાય.

ગુજરાતના સાક્ષર મંડળને રાગદ્વેષ રહિત કરીને તેમનું હૃદય પવિત્ર થયા વિના તેને ઉંચી કવિતાનું દર્શન થવું મુશ્કેલ છે. અને તેથી જ અનેક પરિષદોની ધમાલો મચાવી મોટા સાક્ષરોને માથે ચઢાવ્યા છતાં તેમના નિર્માલ્ય સાહિત્યથી કંટાળીને યુવાન વાચક મંડળે થોડાક દહાડા ઉપર એમની કોન્ફરન્સમાં એવો મશ્કરીનો ઠરાવ આણીને એમને વિનંતિ કર્યાનું સાંભળ્યું છે કે, હવે કેટલોક કાલ એવા વિદ્વાનોએ તેમની સાહિત્યસેવાને મુલતવી રાખી સમાજના ઉપર ઉપકાર કરવો ઘટે છે. યુવાન વર્ગને સાહિત્યના ભણી આવો અનાદર થાય તેમાં વાચક પોતે પણ જવાબદાર તો છેજ, છતાં એને માટે ગુજરાતના મંડળધારી

ઓને ઓછું શરમાવા જેવું નથી. તેમના રાગદ્વેષ અને અંગત સરસાઈમાં સાહિત્યનો ખરો અર્થ અને તેનું જીવન પણ એમણે વિસાર્યુંજ છે, અને એમ કરીને નવિનતાની શોધમાંજ ભટકતા અભ્યાસ વગરના એવા બાવાઓની નિષ્પક્ષપાત તુલના શક્તિના ઉપર વિશ્વાસ રાખનારા ગુજરાતી વાચક મંડળને તેમણે મોટી હાની કરી છે, અને તેમને ખરા અને ઉચ્ચ જીવનાભિમુખ કરનાર રસાસ્વાદથી વિમુખ રાખ્યા છે. આવા કર્તવ્ય ભંગના પાપેજ ગુજરાત સાહિત્યના પ્રદેશમાં, સેંકડો પુસ્તકો છપાયાં, છતાં, ઉજ્જડ વેરાન જેવું લાગે છે. અને આવા પાપમાં મોટા તેમજ નાના સર્વે વિદ્વાનોએ યથાશક્તિ પોતપોતાનો ફાળો ભર્યો છે; કેટલાકે મૌનજ ધારીને, તો કેટલાકે અંગુઠે કમાડ ઠેલીને પણ, તેઓ એક બીજાના સહાયક બન્યા છે.

સાહિત્યની આવી દયાજનક સ્થિતિમાં સાહિત્યનું આદર્શજ વિસરાઇ ગયું છે. પૂર્વના સંસ્કૃત કવિઓ આદિકવિ વાલ્મીકિના મનોહર રામાયણને, કે ભગવાન વ્યાસના ભારતને, પોતાનું આદર્શ રાખતા, અને એમ કરીને કાલિદાસજેવા પોતે પણ આદર્શની ઉત્કૃષ્ટતાએ પહોંચ્યા હતા. પાછલા કવિઓએ કાલિદાસને અને ભવભૂતિને આદર્શ કવિ તરીકે સ્વીકારી સાહિત્યની પ્રવૃત્તિ વધારી હતી. હિન્દી કવિઓએ ભક્તકવિ તુલસીદાસના આદર્શે સાહિત્યને સબળ કર્યું હતું. અને રામલીલાના ભવ્ય ઉત્સવોમાં હજુય એ આદર્શ હિન્દમાં બળ પૂરી રહ્યું છે. ગુજરાતી સાહિત્યનું અત્યારનું આદર્શ શું ? એમ કોઇ સાક્ષરને પૂછશો તો શો જવાબ મળશે ? આદર્શ જ નથી, ત્યાં ઉંચા નીચાની તો વાતજ શી ? દીઠું એટલું બધુંય આદર્શ ! અને લખાયું એટલું બધુંય સાહિત્ય ! વળી, સાહિત્યમાં તે ઉંચું શું, અને નીચું શું? બહુ કરો તો, શબ્દોની જોડણી ખરી લખે તેજ સાહિત્ય. કારણકે, એમ ખરી ખોટી જોડણી લખવામાં કાંઇ ઓછી વિદ્વતા જોઇએ છીએ ! કોશોના કોશો ઉથામતાંય ઠેકાણું પડતું નથી, ત્યારે આ બોલાતી ભાષાની જોડણી શોધવા મરી ગએલી પાલી અને પ્રાકૃતોનો ઓછો અભ્યાસ કરવો પડે છે? કેટલાકનાં જીવનજ એમાં વ્યતીત થાય છે ! અને જાણે એવાજ સાહિત્યની વૃદ્ધિને

અર્થે કૉલેજોમાં પણ એવીજ વિદ્યાનું અધિનિવેશન થાય છે! પણ ખરી જોડણી કઈ? એમ પૂછો તો તરત કંહેશે કે, ગુજરાતીના શબ્દોમાં સંસ્કૃતના પ્રમાણે કરાય તે જોડણી ખરી. કારણકે, જીવતી ભાષાની જોડણી તો વખતે ઉચ્ચાર પ્રમાણે ફરેય ખરી, તેથી મરેલીજ ભાષાની કાયમ થએલી જોડણીજ બોલાતી ભાષામાં પણ ભેળવીને એને જો અધરી ના કરાય તો પછી એવા સાહિત્યની કિંમત પણ કેમ લેખાય? અને જો એમ ઠીક ના લાગે તો, મરી ગએલી પ્રાકૃત ભાષાનેય ખોદી કાઢીને તે વખતે વપરાતા શબ્દોની જોડણી કરવીય સારી. નહીં તો, શોધખોળ શી રીતે થાય! પણ બોલાતા શબ્દો તો ખોટાજ. કારણકે કોઇનું મોં સાંકડું હોય તો તે સાંકડો ઉચ્ચાર કરે, અને પ્હોળું હોય તો પ્હોળો કરે, ત્યારે શબ્દ પરખાય કેમ? એમાં ગભરામણ થાય તો, ચાર સાક્ષરોના નામ ઉપર છાપ મારીને સિક્કો ચલાવો તો શું ખોટું? એનો રદિઓ તો કોઇ ઉછરતા લેખક તરફથી તરત એવોજ મળે કે, એવા સિક્કાને આ ડીમોક્રસીના જમાનામાં માને કોણ? આમાંતો કોઇનો ઋષિ ઉખડી જાય, તો કોઇનો મુનિ ચળી જાય, કોઇનો સાધુ બગડી જાય, તો બગડેલોય વખતે સુધરે, કોઇનો દર્દી ભોગી થાય, તો ભોગી દર્દી થાય. એમ ન્હાનો મોટો થાય, તો મોટો ન્હાનો થઇ જાય!

બાપડી ગુજરાતીના અત્યારે તો ચોતરફથી આમ ભોગ મળ્યા છે! આવા કારણથી વિદ્વાન સાક્ષરો જો હવે કૃપાવંત થઇને ભાષા અને શબ્દોના મરોડ અને જોડણીની મારામારી છોડીને એમાંજ સાહિત્યનું જીવન રહ્યું છે એવી તેમની ખોટી માન્યતાને ત્યજે, અને વિચારનીજ ઉચ્ચ શ્રેણી ઉપર વહેતી આત્માની ઉચ્ચ ભાવનાનું દર્શનજ સ્પષ્ટ અને સરળ રીતે પ્રકટ કરવા, તેને સમજાવવા, તેને ઉત્તેજીત કરવા પ્રેરાય તોજ, જીવનને ઉચ્ચ અને બળવાન કરે એવા ગુજરાતી સાહિત્યનો ઉદય થાય, એવો અમારો નમ્ર અભિપ્રાય છે.

કાવ્ય સંબંધે અમારા વિચારો જે પહેલાં સુદર્શન માસિકના અંકોમાં 'કાવ્યાર્થપ્રદીપ 'ના નામથી પ્રકટ થયા હતા, તે એક નાના પુસ્તકરૂપે

પ્રકટ થાય છે, એટલે એના સંબંધે અહીં મારે વધારે કહેવાનું રહેતું નથી. તેથી, લગભગ અમે સ્વીકારેલા સાહિત્યના ઉદ્દેશનો સ્વીકાર કરતા અત્યારના એક પ્રસિદ્ધ અંગ્રેજ સાક્ષર ડૉ. કેનીંગનો કાવ્ય અને તેના પ્રયોજનની દિશા બતાવતો, થોડાજ વખત ઉપર પ્રસિદ્ધ થએલો, અભિપ્રાય ટાંકીને બંધ કરીશું. કવિતા વિષે બોલતાં એ લખે છે કે—

"Its great tendency and purpose is to carry the mind above and beyond the beaten, dusty, weary walks of ordinary life, to lift it into a purer element, and to breathe into it more profound and generous emotion. It reveals to us the loveliness of nature......, strengthens our interests in human nature by vivid delineations of its tenderest and loftiest feelings; spreads our sympathies over all classes of society, knits us by new ties with universal being, and through the brightness of its prophetic visions helps faith to lay hold on the future life."

Dr. Channing.

સાહિત્યનો આવો ઉદ્દેશ ધ્યાનમાં રાખીને આ "કુસુમાંજલિ"નાં કાવ્યો વાંચતાં સાક્ષરોને જરૂર સંતોષ થશે એમ અમે માનીએ છીએ.

અમદાવાદ.
૧૮-૯-૨૭

મગનભાઈ ચતુરભાઈ પટેલ.

પ્રસ્તાવના.

[પહેલી આવૃત્તિની.]

આ નાના પુસ્તકને વાચક ગણના હાથમાં મૂકતાં મારે એક પ્રશ્નનો ખુલાસો કરવો પડશે એમ હું ધારૂં છું. આ પુસ્તકમાં આકાશમાં અદ્ધર ફુલની પથારી પાથરી તેના ઉપર દિવ્ય સુંદરી નચાવી ચમત્કાર ઉત્પન્ન કરવામાં આવ્યો નથી, તેમ પગલે પગલે પ્રભુના પડછાયા પાડવામાં આવ્યા નથી. તેમાં પર્વતને વાત કરતા ચિતરવામાં આવ્યા નથી, કે તારાને પૃથ્વી ઉપર ઉતારી રાસમંડળમાં રમાડવામાં આવ્યા નથી. આ પુસ્તકમાં પશ્ચિમના પ્રેમમંત્રની જાદુઈ અસરવાળો શુક્રનો તારો હિન્દુસ્થાનના જોનારનું હૃદય કોરતો બતાવ્યો નથી, તેમજ, વિના કારણ માત્ર આકાશ સામું જોતાંજ અતિ વિસ્મયતામાંજ સ્તબ્ધ થતો મૂગો નાયક ચિતરવામાં આવ્યો નથી. આ કાવ્યોમાં સંસારનાં દુઃખ રડી રડી આંસુ ગાળતો કે એ દુઃખમાં પોતેજ મૃત્યુ યાચતો નાયક જનમંડળ આગળ ખડો કરવામાં આવ્યો નથી, કે શ્રદ્ધા વગરનો અંધ શ્રદ્ધાના તોર ઉપર ચઢી ગુરૂજીને સંદેશા મોકલતો કોઈ બતાવવામાં આવ્યો નથી. કેવળ આવેશ ભર્યા વિચારશૂન્ય વીર્યનો આમાં આવિર્ભાવ ચીતર્યો નથી, તેમજ અર્થ સંકળના ન જડે એવા વિચાર વમળમાંથી સંભળાતા ધ્વનિ ઉપર આ કાવ્ય દાવો કરી શકે તેમ નથી. વળી આ પુસ્તકના લેખકને એવા ભક્તમિત્ર પણ નથી કે જે એની કૃતિમાં સર્વ સારૂંજ જુવે. ત્યારે આ પુસ્તક જનમંડળમાં કેમ નભી શકશે ? આવા અનેક વિચાર મારા મનમાં વારંવાર થતા હતા.

આવા આવી તરંગ રંગને મેં અનેકવાર તપાસી જોયા. એવા સ્વપ્નનાં ચિતરામણ ચિતરવાના હેતુનો વિચાર કર્યો, એના ફળનો પણ વિચાર કર્યો, તેમજ એવા તુરંગી અસંકલિત વિચાર અને તેના ધ્વનિનો અર્થ સમજવા પ્રયત્ન કર્યો, તથા તે સર્વમાં ચિતરાતા લેખક આત્માને તપાસી પણ જોયો. છેવટે એમ સમજાયું કે, જે યુવક વર્ગ કેવળ પાર-

કાના અભિપ્રાયોથી અવળે રસ્તે દોરવાઈ રહ્યું છે, તે યુવક વાચક જ્યારે પોતાનાજ વિચાર ઉપર આશ્રય રાખતાં શિખશે ત્યારે, તેમની શ્રદ્ધાએ જે અસ્પષ્ટ તુરંગી વિચારનો એમના મગજમાં જમાવ કરી નાખ્યો હશે તે ધીમે ધીમે અવશ્ય શમી જશે. એમનામાં શાન્ત વિચારની શકિત છે અને તે સાહિત્યના સદ્દભાગ્યે કાળબળે જાગ્રત થવા લાગી છે, તો એ વિચાર દૃષ્ટિ જ્યારે એમને પ્રાપ્ત થશે, ત્યારે ઝાકળના બિન્દુની પેઠે સ્વપ્નના અસંકલિત ખેલ ઉડી જશે, ત્યારે તેઓ ક્ષણભર અરસિકતાનો ખોટો દોષ ખમશે, અસહૃદયતાનો મિથ્યા આરોપ સહન કરશે, પણ સહૃદય કહેવરાવી સ્વપ્નના ચિતાર ચિતરનાર અને સમજાવનારને નિડર પૂછશે કે, તમે કહો છો તેનો સ્પષ્ટ અર્થ શો? તમે કયો સુંદર વિચાર અમારા ગ્રહણ માટે મૂકો છો તે સ્પષ્ટ કરી બતાવો. તમારી વિરૂદ્ધ ભાવવાળી સ્થિતિ સમજાવો. તમારી નબળી, નિરૂત્સાહવાળી, અને કેવળ ગરીબાઇની અને અધોગતિ કરાવનારી વાણી બંધ કરો. તમે કયું એવું સત્ય બતાવો છો જે અમને ઉન્નતિના માર્ગમાં દોરી જવા સમર્થ થશે. તમારા ગોટાળાવાળો તુરંગી નાચ, કે તમારાં અનેક• આશ્ચર્યવાળો આંધળો અને અજ્ઞાનતાનો ભરેલો ભાવ અમને શી રીતે સહાય કરશે તે બતાવો! તમારા એવા વિલાસ તમને પોતાને પણ શી રીતે સહાયક થયા છે તે જણાવો. તેઓ આવા અનેક પ્રશ્ન પૂછશે. લેખકના વિચારને તપાસશે, અને તે વિચારની યથાર્થ તુલના કરી સત્યને સમજી, સ્વપ્નજાળ, અને નિર્બળ બુદ્ધિના તુરંગોને ફેંકી દેશે. આવો બુદ્ધિ અને હૃદય બળનો કાળ આવશે. આજ યુવક મંડળ વિચારશીલ અને ગંભીર બનશે, અને એમના એવા શુદ્ધ વિચારમાં અને હૃદયબળમાં મને સંપૂર્ણ વિશ્વાસ છે. આ વિશ્વાસેજ આ નાના પુસ્તકને વાચકના હાથમાં મુક્યું છે.

કાવ્ય એટલે શું? એ ચર્ચવાનો અહીં પ્રસંગ નથી. કાવ્યનો અર્થ હું શું સમજુ છું, તે એક જૂદા લેખદ્વારા થોડા વખતમાં બહાર પાડવાની મારી ઇચ્છા છે, એટલે તે સંબંધે અહીં કાંઇ લખવાની જરૂર નથી.

'ક્ષાત્રપાળ' એ પુસ્તક અગાઉ વેદ સનાતન ધર્મ સભા તરફથી

જૂદું પ્રકટ થઈ ગયું છે. તેમાં ચિતરેલા વીર રસ સંબંધે એકાદ શબ્દ કહેવા જેવું છે. જો વીર્યનો આવિર્ભાવ કેવળ નાશકજ હોય, કે શત્રુના નાશમાંજ સદા તે રાજી રહે તેવો હોય, અથવા એ વીર માત્ર લોહી અને માંસમાં રમમાણુ રહેતો હોય અને શત્રુનો સંહાર પણુ સંહારને ખાતરજ કરતો હોય, તો અવશ્ય ચિતોડનો મહારાણો પ્રતાપ તેવો વીર નહોતો. એ કાવ્યમાં એવો વીર ચિતરવાનો લેશ પ્રયાસ પણુ નથી. એવાને હું વીર કહેતો પણુ નથી. વીરનો આવિર્ભાવ તે પ્રેમનુંજ રૂપાન્તર છે. વીર રસ નાશક બને છે, પણુ તે પ્રિય વસ્તુના રક્ષણુને અર્થેજ. એ રક્ષણુ અર્થે શત્રુનો નાશ કરતાં તેને આનંદ પડતો નથી, પણુ એવો નાશ કરવોજ પડે છે માટે એમાં તે વિના ક્ષોભે પ્રવૃત્ત થાય છે. ધર્મથીજ નાશ કાર્યમાં તે દોરવાય છે. પ્રિય વસ્તુનું રક્ષણુ થયું કે તરત નાશ બંધ પડે છે. શત્રુનાં લોહી અને માંસ પોતાના જેટલાંજ તેને કિમતી છે. અને અર્થ સિદ્ધ થયા પછી શત્રુમાં વીર રસ શત્રુતા જોતો નથી. પરાજીત શત્રુને પણુ ક્ષમા આપી તેની સાથે સમાન ભાવે મિત્રાચારીમાં એ જોડાઇ શકે છે. વીર અને સૈનિકમાં આજ મોટું અંતર છે. પ્રતાપ આ કોટીનો વીર હતો, અને એવાજ વીર્યનો ચિતાર ક્ષાત્રપાળમાં ચિતર્યો છે. એના મંગળમાંજ કહ્યું છે કે,

... ... ચીતરૂ મૂર્તિ વીર્યની,
ધર્મની, દેશભક્તિની, ધીર વીર પ્રતાપની,
યોગીમાં શ્રેષ્ઠ યોગીની, રામના પુણ્ય વંશની.

એ કાવ્ય જેના નિમિત્તે પંદરેક દિવસ જેટલા ટુંકા કાળમાં લખાઇ પૂરૂં થયું હતું તેનીજ સેવામાં પ્રથમ અર્પણુ થયું છે, તેથી તેટલા પુરતો તો મારો પ્રયાસ હું સફળ થયો સમજુછું.

'વસંતસેના' અને 'વિલાસતરંગ' એ બીજાં બે ખંડ કાવ્યો છે. આ તથા બીજાં છુટક છુટક કાવ્યો જ્યારે જ્યારે લખાયલાં તે કાળના અનુક્રમમાં ગોઠવ્યાં નથી. તેમની ગોઠવણીમાં સૂક્ષ્મ દૃષ્ટિએ જોનારને કંઇક જીવનકળાની સંકળના જણાશે.

આ કાવ્યોની જે ટીકા લખી છે તે માર્ગ દર્શન કરાવવા પૂરતીજ છે. વાચકનાં બુદ્ધિ અને તર્કનો સંપૂર્ણ અવકાશ એમાં રાખ્યો છે. એમાં હૃદયને રમવાનો પ્રદેશ ઘણા બહોળા વિસ્તારવાળો છે, માત્ર જ્યાં સહજ માર્ગ સૂચવીને સંકળનાની ઝાંખી કરાવવી ઘટે ત્યાંજ સૂચન કરેલું છે. છાપવામાં કેટલીક ભૂલો રહી ગઈ છે તે વાચક સુધારી લઇ વાંચવાની કૃપા કરશે એવી આશા છે.

વાચકના સંતોષ અને આનંદથી હું મારો પ્રયાસ સફળ સમજીશ.

અમદાવાદ.
તા. ૧૯-૩-૦૯.

મગનભાઈ ચતુરભાઈ.

કાવ્યાનુક્રમ.

કુસુમાંજલિ

(વંદન)

સાત્વિક વિરાગ

(ભૈરવી)

“ સુખ સર્વ ગયું
તવ મુખ દર્શન દૂર થયું. ધ્રુવ.
વિધ વિધ રંગે નાચે ખલક આ
પણ મમ જગ શમશાન થયું, સુખ૦
રજનિ દિવસ મન ઉલટ ભાવ ધરી
તિમિર ગાઢ રસ એક રહ્યું. સુખ૦
નવલ રંગ તરંગ સુખદ જે
તજી મન તે સૌ શૂન્ય થયું. સુખ૦
આશ નિરાશ ઉદાશ પ્રિય તવ
નામ એક સુખ ધામ રહ્યું. સુખ૦”

નમું પૂજ્ય પિતાની આં કાવ્યની પ્રતિભા તને
પિતામહ–પિતાશ્રીની જ્ઞાન–વૈરાગ્ય મૂર્તિને.

આત્મજ.

મહજ્જન પૂજન.

[પરમાર્થે સ્વાર્થની આહૂતિ આપતા ધર્મિષ્ઠ વીરના દર્શને ઉછળતો પ્રેમનો ઉમળકો આ કાવ્યનું જીવન છે.]

આવો અમારા દેશમાં પૂજન તમારૂં થાય છે
સર્વસ્વ જેના સ્વાર્થનો રસ દેશમાં વહી જાય છે.
જેણે ફકીરી આદરી પરમાર્થ જેનો સ્વાર્થ છે
તે સત્યવાણી અભયવરદા એકલો પૂજાય છે.
જેનું હૃદય ધડકી રહ્યું નિજ દેશના ધડકારમાં
એ પુનિત સુંદર હૃદયવરનું પ્રેમ પૂજન થાય છે.
જેણે ગણ્યું આ જીવિત સરખું તુચ્છ પરદુખ આગળે
પરમેશ દિવ્ય મનુષ્ય એકજ એજ અહીં પૂજાય છે.
જેને હજારો દુઃખ દેશની અર્થ્ય પુષ્પ સમાન ને
એ પુષ્પના ભર ગુચ્છની મૃદુમાળમાં મ્હેંકાય છે,
તે વીર ધીર મહન્ત પ્રેમી આવજો અમ મંદિરે
જયાં [1]ક્ષાત્રપાળ પ્રતાપનું છે આદર્યું પૂજન અમે.
કુંકુમ ભર્યે પગલે પધારી આંગણું પાવન કરી
અમ ગરીબ જનનાં હૃદયને અભરે ભરો અમીધારથી.

---

(૧) 'ક્ષાત્રપાળ'ની જગ્યાએ 'લોકરાજ્ય' શબ્દ પણ બહુ સારી રીતે મૂકી શકાશે. ત્યારે Power of Democracy નો સૂચિત અર્થ પ્રતાપ રાણાના જીવનને વધારે ઉત્કૃષ્ટ કરશે.

ક્ષાત્રપાળ

(મહારાણા પ્રતાપ.)

[હિન્દુસ્થાનના પ્રચંડ તેજસ્વી ક્ષાત્રપાળ યોગીના વીર્યનું દર્શન આ કાવ્યનું જીવન છે]

સર્ગ ૧.

(અનુષ્ટુપ્)

નમું વીર્યભરી વાણી ભારતી પુણ્ય દેશની
યાચતાં હું કૃપા તારી ચીતરૂં મૂર્તિ વીર્યની, ૧
ધર્મની, દેશ ભક્તિની, ધીરવીર પ્રતાપની,
યોગીમાં શ્રેષ્ટ યોગીની, રામના પુણ્ય વંશની. ૨

ગદ્વી૦ (અનુષ્ટુપ્)

મેવાડી વીર ભૂમિના બાપા રાવળ વંશના,
પ્રચંડ સૂર્ય તણા પ્રાણે પૂરેલા નિજ ગાત્રના ૩
રામચંદ્ર પ્રતાપીના રક્તના સ્રાવથી ભર્યા
રાજ્ય પુત્ર રણે ધીરા મૌલિના મણિ ! તેમના, ૪
હાય ! તારા પિતાઓએ દુઃખ વેઠી રણે રણે
મેળવેલું મહા કષ્ટે પ્રાણ ને રક્ત રેડીને ૫

પુણ્ય પુંજ પ્રકાશેથી ફેડતાં નિજ શત્રુને
મહારાજાધિરાજોના રાજ્યનું શ્વેત છત્ર તે, ૬
જેને આલંબીને ઉભી મોહિની વીર્યની ભરી
રાજ્યલક્ષ્મી તણી જ્યોતિ ચંદ્રની શીળી છાંય શી, ૭
રોળાયા જેવું આજે તે તેજ મેવાડ ભૂમિમાં
ધૂળમાં શીદ જોવાને જીવાડયો દૈવ ! તેં મને. ૮
રાજ્ય ને દેશ-ભક્તિના ધર્મ-સૂત્રની માળમાં
સંકેલી પ્રાણને. મ્હાલ્યા સંગ્રામે જેમ લગ્નમાં, ૯
જન્મથી જન્મભૂમિના ભક્ત ને રાજબીજ જે
મ્હાવતો બાપુ ! તેં દીઠા કપાતા રણયજ્ઞમેં, ૧૦
ત્હોય તેં શું કર્યું એવું કઠિણું હૃદયું ઘણું
લૂંછતાં લોહીની ધારા નેત્રમાં આવતી કહ્યું, ૧૧
જન્મભૂમિ તણા રૂણે 'હરહરિ' ઘોષણા કરો
સ્વાતંત્ર્યના મહા મોક્ષે યજ્ઞમાં પ્રાણ પાથરો. ૧૨
સાંભળી બાપુ તારી એ વીરની જયઘોષણા
ઉછળીને પડયા વીરો સંગ્રામે 'રામ' બોલતા ૧૩
કાળની મૂર્તિના જેવા શત્રુનાં શિર કાપતા
રૂધિરે ખરડયા અંગે કીર્તિ નિશ્ચળ ભેટતા. ૧૪
ખોયા તેં હાય ! એવાને ત્હોય બાપ ! પ્રતાપ તેં
છોડયુ નહિં જરા ધૈર્ય માંડયું યુદ્ધ ફરી અને ૧૫
રાજ્યભોગ તણા રંગે ભરેલા રાજ્યમ્હેલને
ઉખેડ્યા ભુતળેથી તેં શત્રુને વીતવા રણે, ૧૬
પ્રાણથી પણ વ્હાલીને પુત્રથી અધકી ઘણી
રાજ્યભક્ત પ્રજા તારી ગ્રામને જોઇ છોડતી, ૧૭

ને તેમના વિલાસોની લક્ષ્મીની રેલથી ભરી
હવેલીઓ હાય તેં દીઠી ઉખડી મૂળથી જતી ! ૧૮
અસહ્ય દર્દ સહ્યું આ જે વીરધીરશિરોમણિ
વાણીએ ના કહ્યું જાયે હાસથી દીનવૃદ્ધથી ! ૧૯
આજ ત્હોય વિતાવી તું ધૈર્યમર્યાદ એકલો
જોઉં ઉભો વને ભાલો ઝાલીને વ્યગ્ર ચિત્તનો ! ૨૦
રાજ બાળ સુતાં તારાં ઝોળીએ વનવૃક્ષમાં
અને હાય પ્રતાપી શું ભાખરો એક અન્નમાં ! ૨૧
ભૂખે આ ટળવળે તારી રાજકન્યા સુકોમળી
દૈન્યની પૂતળી જેવી સામું જોતી વળી વળી ! ૨૨
દુઃખ આ દેખીને તારૂં રોતી શી હરિણી બધી,
વૃક્ષને વૃક્ષની વલ્લી અશ્રુને ઢાળતી જતી, ૨૩
વસુંધરા ના સહે તારા દુઃખનો ભાર હાલતી,
દુઃખથી ડોલતા ઝ્હાડો અશ્રુસ્રાવ સરી જતી, ૨૪
આભથી અશ્રુની ધારા વર્ષે રાજર્ષિ ! જો જરી,
આર્તવાણી વનશ્રીની પક્ષીને કંઠ નીસરી, ૨૫
હાય હાય તણી વાણી દુઃખની સૃષ્ટિ ઉચ્ચરી
રડે છે રાજ આજે આ કાને કેમ ધરે નહી ? ૨૬

ધર્મપાળ દેવદૂત૦

અહા ! શી દર્દની વાણી દેવનેય રડાવતી
ધૈર્યને ધર્મના સ્થંભે અંગને ઢાળી સાંભળી ! ૨૭

પ્રતાપ૦

વીર મારા પિતાઓના રૂધિરે ખરડાયલી
એમના સત્વને સંચી આપતી જન્મ બાપડી ૨૮

મેવાડી આ ભૂમિ મારી અને મારી પ્રજા બધી
દીઠી મેં ઝાંઝવી આંખે પીડાતી તુર્કત્રાસથી ! ૨૯
ભૂમિના આ શરીરે ને પ્રજાના હૃદયામહીં
મારે આ હૃદયે અંગે હોળીની જ્વાળ પર્કટી ! ૩૦
અંગ અંગ મહીં વ્યાપી બુદ્ધિ ને મન ઘેરતી
સ્વાર્થની સ્વલ્પ આશાને બાળતી છેક મૂળથી. ૩૧
મારી પ્રજા ભૂમિ મારી એકની એક ધૂનમાં
મહા યજ્ઞ તણી જ્વાળા દેખું હું મુજ અંગમાં ! ૩૨
અંગમાં શું ? ગઇ વ્યાપી લખૂલખી તેજની ભરી
વ્યોમને સૃષ્ટિમાં સારી હજારો જીભના થકી ! ૩૩
હોમાયા ઝાળ તે માંહી ભૂમિના વીર પુત્ર સૌ
ધર્મયજ્ઞ મહીં પોતે એકલા ધન ભાગ્ય વ્હો. ૩૪
હર્ષથી જન્મ ભૂમિના રૂણને વાળતા જતા
પાછળે તેમની મારા જોવાને મૂકતા જતા. ૩૫
ને દુઃખની ઝડીયો જે વર્ણવી વીર આજ તેં
સાંભળી વળી જેને મેં આંખમાં અશ્રુ આણીને ૩૬
ચીરાતે હૃદયે, તેને પુષ્પની આહૂતિ કરી,
ગઢવી ! હોમી સર્વે મેં ધૈર્યથી ધર્મયજ્ઞમ્હેં ! ૩૭
કોણ એવો હશે આજે આર્ય નામ ધરાવતો
આર્યોના શુદ્ધ આત્માને સ્વાર્થે ઢોળ ચઢાવતો ૩૮
બાપના નામને બોળી આર્યધર્મ વગોવતો,
સ્વાર્થનાં સુખને અર્થે દુખેથી દીન કંપતો ! ૩૯
ઉચ્ચ દિવ્ય પ્રકાશેથી શોભતા નિજ આત્મને
તુચ્છ ભોગ તણા કાળા કોટમાં તાણી લાવતો ! ૪૦

એવો કોણ હશે મૂઢ મારી આ યજ્ઞભુમિંમાં
આપીને ભોગ આત્માનોયૂ મ્હાલે ન્હૈ રણયજ્ઞમાં ?　૪૧
હાય ! વીર ગયા મારાં, હતભાગ્ય એક હું રહ્યો !
દેશની દિવ્ય સેવામાં કામનો કાંઇ ના થયો !　૪૨

ગઢવી૦

બોલ ના બાપ ! તું એવું તારા તેજ પ્રતાપથી
ઉજાળે સૃષ્ટિને સૂર્ય પુત્રપુણ્ય પ્રભાવથી !　૪૩
તને જોઇ હસે હર્ષે દેવ સાશ્ચર્ય સ્વર્ગમાં,
ઇન્દ્ર જાતે ધ્રૂજે જોતાં વીર્યને ધૈર્ય તાહરાં.　૪૪
અને તારી પ્રશંસાનાં દિગ્ગજો ગાન સાંભળે,
સાંભળી ભાર તારો આ ઝીલ્યો ધન્ય મને ગણે.　૪૫
સૃષ્ટિના નિયમો સર્વે સાનુકૂળ થયા તને
તારે પગે પ્રતાપે તે ઝુકાવે આત્મ શિરને.　૪૬
વાયુ મંદ વહી આવી ભેટતો ગાત્ર વીરનાં
પવિત્ર સ્પર્શની આશે સુગંધે મન મોહતાં.　૪૭
પૃથ્વી સ્પર્શ ચહે તારા પાદનો સર્વ સ્થાનમાં.
દુખી ત્હોય વધાવે જો પુષ્પથી વલ્લી વ્હાલમાં.　૪૮
નામ માત્ર શુણી તારૂં શત્રુનાં હૃદ કંપતાં
રાત્રિઓ જાગતાં ગાળે ચિંતા–વિંધેલ ત્રાસમાં.　૪૯
બાપુ ! વીર ગયા આગે એકલાં વીરપૂતળાં
પ્રાણ તો તું હતો સૌનો કીર્તિનાં ચણી કોટડાં　૫૦
પાડયાં તે ના પડે હાવે સર્વ આધાર તાહરો
મેવાડનો મહા યોધ્ધો દેશની દાઝથી ભર્યો !　૫૧

ત્હોય તારીં દયાવાળી દૃષ્ટિથી રાજબાળને
માથે હાથ મૂકી રાણા કૈંક સંભાર કાળને. ૫૨

બાળાપણે દીઠો ન્હોતો હુંફાળો બાળતાપ તે
કિશોરી રાજબાળા આ ટળવળે અન્ન કારણે ! ૫૩

અમારૂં વૃદ્ધ દાસોનું હૃદે તો ના કહ્યું કરે
ફાટી જાય તમારૂં આ દુઃખ જોતાં ખરે હવે. ૫૪

પ્રતાપ૦

બાલુડી આવ તું વ્હાલી બાપની દીન ભેટમાં
ક્ષુધાની શાન્તિમાં તારે પ્રીતિ ને અશ્રુ એકલાં ! ૫૫

દુઃખની જીંદગી ગાળી દુઃખની વાતમાં હવે
માણવી મોજ છે આવી દૈન્યની જોની આપણે. ૫૬

તારો અને વળિ મારો આપણા સૌ કુટુંબનો
રામનો આશરો એક પ્રલયે દુઃખીં પંખીંનો ! ૫૭

ધર્મપાળ દેવદૂત૦

અનાથને દીનના જેવી દર્દની વાણી સાંભળી
સ્વર્ગમાં દેવતા સર્વે રડે ચોધાર અશ્રુથી ! ૫૮

દુર્દૈવ વજ્રનો તારો દુઃખથી કંપતો રડે
આભ ને પૃથ્વીને જાતે અશ્રુના સ્રાવથી ભરે ! ૫૯

હાય ! મેવાડના રાણા દુઃખના ડુંગરા મહીં
ડટાયો તરફડે આવો પ્રલયે દુઃખીં પંખીં થૈ ! ૬૦

પ્રતાપ૦

ગઢવી, રાજબાળાનો પિતા એક પ્રતાપ જે
લાડ વ્હાલ કરી જેને પાળતો રાજ્યમ્હેલમેં, ૬૧

પોતાનાં બાળકે વીંટચો તેમને સર્વમાં ગણી
હોય તેય મહા યોધ્ધો હોમાયો યજ્ઞની મહીં ! ૬૨.
દેશને રાજ્યનો ભક્ત કુટુમ્બે સ્વાર્થમાં પચ્યો
દેશ સેવા ગણી મોટી રાણાને શર્ણું તે થયો. ૬૩
તે પ્રતાપ ગયો હાવે દેશનો દાસ આ ઉભો
સિસોદીયાની કીર્તિનો પાતળો થાંભલો થયો ! ૬૪
ચિતોડના "મ્હારાણા"ના નામના ભારને વહી
યજ્ઞમાં આહૂતિઓને આપતો જીવતો રહી. ૬૫
વસુંધરા રહી મારી એકલી રાજ્યસુંદરી
અને કુટુમ્બમાં વ્હાલી પ્રજા મારી ગરીબડી ! ૬૬
રાજબાળ બધાં મારાં પ્રજા સાથ ખપી ગયાં
પ્રજાને ભૂમિના ભેળાં પ્રાણ સાથ ભળી ગયાં ! ૬૭
કાળ કાળ કરે શું તું કાળ કોણે કર્યો કહે
કાળ આવી ઉભો રે'શે જોડીને હાથ આગળે. ૬૮
કાળ વસ્તુ ઘડે ના ને વસ્તુ તે કાળ ફેરવે
વસ્તુને સાધવી.તેથી નિશ્ચે એ વીરને મને. ૬૯
કાળને કે' કશી સત્તા ? વસ્તુસાપેક્ષ કાળ તે
વસ્તુને ફેરવ્યા સાથે કાળ તો ફરતો જશે. ૭૦
ધર્મનું બળ જાણે તું ? ધર્મ ધારણ સૃષ્ટિનો !
અનાદિ કાળના વીરો દેવને વળી દાનવો, ૭૧
દેવને દાનવોનો જે સૃષ્ટા ઈશ મહેશ જ્યાં
ધ્રુજાવું ધર્મ્યે યુધ્ધે તો કાળ કોણ વિશાતમાં ? ૭૨
અધર્મને સ્વાર્થના પ્રેર્યા ધર્મનો ડોળ ઘાલતા
પાપી પામર પ્રાણીઓ કાળ-આશ્રય ઝાલતા. ૭૩

ખરા વીર નરો પોતે કાળને ઉલટો કરે
ધર્મની ખડ્ગ ધારે તે કાળને વેતરી રણે, ૭૪

પ્રાણને સ્વાર્થના યજ્ઞે રૂધિરે અંજળી ભરે
આહૂતિ યજ્ઞમાં હોમી કાળના કરતા ઠરે. ૭૫

મેવાડી રાજયગાદીનો વારસો વસમો ઘણો
સ્હેલો હાય કરૂં ક્યારે હોમીને પ્રાણ માહરો ! ૭૬

જયચંદ૦

ધર્મને ટેકની સાથે વીર્ય વિખ્યાત તાહરૂં
ત્હોય વિચારવા જેવું આજનું કાર્ય આપણું. ૭૭

શાને વૃથા કહો રાણા હોળીની યુદ્ધ ઝાળમાં
હોમવા શુદ્ધ લોહીના વીર્યનું બીજ કાઢતાં ? ૭૮

લાખો વીર હણાયા તે આંકડે આપણે ગણ્યું
ત્હોય શત્રુ તણું સૈન્ય તીડના જેટલું રહ્યું ! ૭૯

આપણે મુઠીમાં માથા જેટલા તો રહ્યા નથી
ત્હોય બાથ ભીડી આવી કામની કહો શિ આપણી ? ૮૦

વર્ષોનાં વર્ષ વીતાવ્યાં આથડી ડુંગરા મહીં
શત્રુની બ્હીકના માર્યા દોડાદોડ કરી રહી, ૮૧

સુખે મળ્યા નહીં અન્ન, નિરાંતે ઊંઘ ના લીધી
આવા સ્વાતંત્ર્યની માંહી દુઃખની ઝડિયો ખમી ! ૮૨

આપણી જે પ્રજા વ્હાલી દયાળુ તે રડી રહી,
બાપ ! ત્હોય નહિ દૈવ સાનુકૂળ થયો જરી ! ૮૩

શત્રુએ માર્ગ રૂંધ્યા છે ડુંગરામાં અને વળી
પાણીનાં ઝરણાં પૂર્યાં ઝેરી કંટક થોરથી. ૮૪

સાર્વભૌમ્ય સ્વીકાર્યામાં દિલ્હી-તખ્ત-ભુપાળનું
સ્વાતંત્ર્ય આપણું રે'શે સુખને શાન્તિનું ભર્યું.　　૮૫

નમ્યામાં રાજ ! હાની ન્હૈ, ના નમ્યે નાશ સિદ્ધ છે,
સુજ્ઞ તો કાર્યને જોતાં વિચારે દેશકાળને.　　૮૬

મ્લેચ્છરાજતણું જોર સદા આમ નભે નહી
દુઃખના કાળમાં તેના પૂજૈશું સાર્વભૌમ્યથી.　　૮૭

કીર્તિ તો માત્ર ફ્હાણી છે શબ્દઆડંબરે ભરી
વાયુના દેહ વાળી એ નીકળી વાયુમાં મળી.　　૮૮

વાહ ! વાહ ! વદે લોકો ચાર દ્હાડા હસીખસી
મૂર્ખની પેઠ વિસારે સ્વાર્થના સુખમાં વસી.　　૮૯

સ્વાર્થ ત્યાગ કરે તેનો બેવડો સ્વાર્થ સાધીને
ઉપહાસ કરે જાણે કીર્તિતાં ગાન ગાઇને !　　૯૦

કીર્તિનો મહિમા મોટો આવડો સ્વાર્થિએ કર્યો
બાપડા પરમાર્થીને દુઃખના ખાડમાં ધર્યો !　　૯૧

રાણા ! આંખ ઉઘાડી જો સ્વાર્થે સંસાર આ ભર્યો;
સંસારની પાર સંદિગ્ધ આવેલી સુખની ખોણો.　　૯૨

પ્રતાપ૦ (ક્રોધમાં)

બંધ રાખ હવે તારી સિદ્ધના વેશમાં છુપી
ક્રૂર જેચંદના જેવી મીઠડી વાણી ઝેરની.　　૯૩

યોદ્ધા સર્વ ઉભા જો આ કાળના કાળ રૂદ્રશા
પચાવી ઝેર તારૂં આ રાજ્યના ધીર થાંભલા !　　૯૪

વાણીની તુલના તારી એમના ક્રોધથી ભર્યા
વક્રતા ચિન્હમાં જો તું, પીસી દંત ઉભા રહ્યા !　　૯૫

સાંભળી તારી વાણી આ સ્વાર્થને આર્ત દુઃખની
સ્વભાવે સૃષ્ટિની લીલા ક્રોધથી શ્યામતા ભરી ! ૯૬
દેશ ને દેશસેવાથી પ્રાણને અધિકો ગણે
જીવતા રાખવામાં શો લ્હાણ છે દેશને કહે ? ૯૭
બાયલા પ્રાણની ભ્હીકે તેમની વંશવૃદ્ધિમાં
રંડાપો દેશને આખા આપું કાળ અનંતમાં ? ૯૮
ભલે નાશ થજો એવા વંશજો રજપૂતના
બચાવી યુદ્ધમાં પ્રાણ દાસત્વને સ્વીકારતા. ૯૯
દાસત્વને વર્યું જેણે એકવાર ભ્હીકે કરી
દાસનો વારસો દેશે વંશજોને વળી વળી. ૧૦૦
એવાને તો જીવાડ્યાથી મારવા મૂળથી ભલા
જેમના પાપના છાંટા ઉડે ન્હૈ દેશને બધા. ૧૦૧
ખરા વીર રણે યુદ્ધે પ્રાણને છોડતા સતા
લોહીની તેમની ધારે સીંચતા ભૂમિને જતા, ૧૦૨
લોહીના બિંદુ બિંદુમાં વીર મેવાડ ભૂમિ આ
આપશે જન્મ લાખોને વીર શત્રુ રડાવતા. ૧૦૩
વીર પ્રાણ થકી વ્હાલા યુદ્ધમાં જે પડ્યા રણે,
ના જાણતો ગયા તેના વંશ ને દુઃખ દેશને. ૧૦૪
એમના નામના શબ્દે મરેલાં શબ ઉઠશે,
તારૂં નામ શુણીને તો વીર તે બાયલા બને ! ૧૦૫
અને પાપી ! કહે શું તું નમ્યામાં હાનિ કૈં નહીં,
સાર્વભૌમ્ય સ્વીકાર્યામાં સ્વતંત્રતા ટકી રહી ? ૧૦૬
શાહને શાહ—માનીતા સ્વચ્છંદી વ્યવહારના
મિત્રના જેવી ભાષાના ડોળથી લલચાવતા, ૧૦૭

સ્વાર્થ ને કામનાઓના પાપના પિંડથી ભર્યા
દાસનાથી નીચી આજ્ઞા શાહની ફરમાવતા, ૧૦૮
વ્હાલી પ્રજા તણે પેટે નિર્દયે પાદને ધરી
શાહનું નામ શૂણીને ખોટો ગર્વ મને કરી ૧૦૯
એવા તે ફરમાનોના ભારને મુસ્તકે વહી
ચાલવું દિલ્હીની વાટે મૂકી મર્યાદ વેગળી ! ૧૧૦
પ્રજાના પુણ્ય રાશીના રાજ્યના છત્રને શિરે
ટોપલો ધૂળ નાંખીને મૃત્યુની શાન્તિ કારણે, ૧૧૧
નમાવી શિર રૂહેંધું જે દિલ્હી તખ્ત નરેશને
હાય ! સ્વાતંત્ર્ય એ તારૂં સુખાળુજ થજો તને ! ૧૧૨
મોંઘી લાખ ઘણેરી જે પ્રાણને કીર્તિથી ધણી
લોહીની લાજ લૂંટાવી શાહના કામની મહી, ૧૧૩
પાપના પુંજનો તેનો એકઠો ઢગલો થતો
આંખથી દિલ્હીમાં જોવો એજ સ્વાતંત્ર્ય તાહરો ! ૧૧૪
રાજા તેજ પ્રજા પ્રાણ, પ્રજા રાજા પવિત્ર એ,
રાજા પ્રજા તણાં અંગો એકનાં એક દેહમેં. ૧૧૫
પ્રજાના હૃદયે દુઃખ રાજાનું બાળતું હૃદે
ધર્મ એ બાપદાદાનો વિસારી શાહને બળે ૧૧૬
રાજાનો સ્વાર્થ સાધીને એકલા રંગ ભોગમાં
ગાળવા દિન સ્વચ્છંદે ધિક્ એવા સ્વતંત્રમાં ! ૧૧૭
સ્વાતંત્ર્ય નામનું તારૂં પાપને દૈન્યનું ભર્યું,
મેવાડી ભૂમિને છાજે નહિ કાર્ય ગુલામનું. ૧૧૮
અને ધિક્કારવા જેવી પ્રપંચી યુક્તિ તાહરી
સ્વામી ગણી પુજ્યો જેને દુઃખમાં મારવો હણી. ૧૧૯

હાય ! આવો થયો ક્યાંથી મેવાડી ભૂમિની મહીં
મ્લેચ્છના અન્નની છાયા વિચારે પ્રસરી રહી. ૧૨૦

ગઢવી અને પટાવતો૦

ધન્ય રાજ પ્રતાપી તું વીરનું વીર્ય એક છે,
તારા જેવા પ્રવીરોએ યજ્ઞમાં રક્ત રેડયું છે. ૧૨૧
વંશ નિર્વંશની વાતો સ્વપ્નામાંય કરી નહી
એકલો ધર્મ સંભારી પૂઠળે જોયલું નહીં, ૧૨૨
તેમના વંશની વેલી ઉજળી ચાલતી જતી
એમના પુણ્યના પુંજે ઉજળી કીર્તિ આપણી. ૧૨૩

પ્રતાપ૦

હાય ! તે કીર્તિને મોંઢે કાળી મેશ લપેડવા
પ્રતાપને પિછીની પેઠે હાથમાં દુષ્ટ ઝાલવા ૧૨૪
દુઃખમાં વીંટળ્યો દેખી બોલતો શબ્દ સિદ્ધના
નિંદતો દેવતાઓના ભાગ્યની મોઘી વાસના ! ૧૨૫
ન્હોય ન્હોય ગજુ તારૂં દિવ્ય એ કીર્તિતેજના
પરિચ્છેદ તણી ધારે જોવાનુય ધુતારવા ! ૧૨૬
ભરેલી વીર યોદ્ધાની યજ્ઞમાં હર્ષ ગર્જના,
સૃષ્ટિના જે નિયંતાની વીર્યની જયઘોષણા. ૧૨૭
સ્વાતંત્ર્ય શુદ્ધ આત્માનો દિવ્ય જન્મ સ્વભાવ છે,
પુણ્ય કીર્તિ પરાર્થીની જેની દિવ્ય સુગંધ છે. ૧૨૮
કીર્તિ તે દેવતાઓના કુમળા પુણ્ય હસ્તથી
દબાવી દિવ્ય ગાળેલો મહાત્માના હૃદે થકી ૧૨૯
મિષ્ટ-સ્વાદુ-રસાબ્ધિથી સ્વર્ગીય શુદ્ધ આસવ
ધન્ય જે લૂંટતા સ્વર્ગે સંગાદિ, કૃષ્ણ, રાઘવ. ૧૩૦

પ્યાલી તેની ભરી આપે દેવાંગના સ્વર્ગની મહી
આત્મસંરક્ષણે ત્યાગે સૃષ્ટિને તુચ્છ જે ગણી. ૧૩૧
વીર ધીર પ્રતાપી જે આત્માને શોધતા ફરે
ન્હાવાને નિત્ય આનંદે કીર્તિ તો પાછળે ભમે. ૧૩૨
સૃષ્ટિની દૃષ્ટિ આ તારી આત્માના ચંડ તેજથી
ભરેલી ઉચ્ચ જ્યોતિને જોઈ કેમ શકે કરી ? ૧૩૩
મૂઢ! છોડ મતિ તારી વીરના ધર્મ્ય વીર્યની
ગૂઢ ઉંડી કળાઓના કારણે પેસવા મથી. ૧૩૪
રંગ ભોગ તણા ભીના ચીકણા કાદવે પડયો
નીચ જીવ તને સારો ક્ષૂદ્ર સંસાર આ ગમ્યો ! ૧૩૫
ભલે મ્લેચ્છગુલામીમાં રંગભોગ મહીં રમી
મેંશથી મોઢુ રંગીને વેશ્યાની ગાળ જીંદગી ૧૩૬
હાય ! સૂર્ય ખમે શું તું આજ આ દુઃખને સમે
પાકેલા વીર્ય તારાથી આવા તે નીચ એકને. ૧૩૭

જયચંદ૦

મોટા પ્હાડ પડે જાણું વાણી આ વીરની સુણી
મારૂં દુષ્ટ હૃદે ચીરી તીક્ષ્ણ વજ્ર પ્રહારથી. ૧૩૮
અહા આ વાણીમાં કેવી દૈવની ગાઢ છાપ છે,
શબ્દના સ્પર્શથી જાણે અંગ આ થર્થરી ઉઠે ! ૧૩૯
વનની આ વનશ્રીએ રૂપ વિકાળ શું ધર્યું
અને અગ્નિની જ્વાળા શી ક્રોધથી વ્યોમ વર્ષતું ! ૧૪૦
વ્હેવારીક વિચારોથી દિવ્યની તુલના કરી
તુલના કરતાં શી આ જીવની નીચતા ઠરી ! ૧૪૧

જાણ્યું ના મેં અરે મૂર્ખે આત્માનું ઉચ્ચ જે બળ
પ્રેરતું ધર્મના યુદ્ધે રાણાનું વીર્યસત્તમ. ૧૪૨

ધર્મપાળ દેવદૂત૦

ધન્ય ધન્ય પ્રતાપી તું આત્માના ધર્મ્ય તેજથી
વીર્યની પુણ્ય જ્વાળામાં આંજતો દેવને મથી ! ૧૪૩
દેવ આ વીર્યની વાણી સાંભળી કંપી ઉઠતા !
શું ગજું સાંભળી સાંખે સૃષ્ટિના પ્રાણી બાપડા. ૧૪૪

સર્ગ ૨.

દૂત૦ (માલિની.)

સજળ નયન જોઈ ભૂમિ મેવાડની આ
રસકસ ભરી આજે ધૂળ ભેળી થતી હા !
નિરવધિ દુખ સ્હેતાં શુદ્ધ સ્વાતંત્ર્ય રાખ્યું !
સુખની શિ અભિલાષે નમ્યું રાણેય આપ્યું ? ૧
દિન પર દિન ઝાઝા આથડું ડુંગરામાં
તદપિ નહિ જડે તે શૌર્યનું નૂર આમાં !
નજીક ખીણની માંહે શબ્દ કૈં સંભળાય,
પત્ર તહિ જઈ આપું હોય જો ક્ષાત્રપાળ. ૨

(ખીણમાં પ્રતાપને જોતાંજ) (અનુષ્ટુપ્)

ક્ષત્રીના વીર્યની મૂર્તિ કાળરૂપ ધરી ઉભી
નમ્યાની વાત શી આની વિશ્વને તુચ્છકારતી ! ૩
હાય મ્લેચ્છ નહીં જોયો વીર આ સુલતાન ! તેં,
જોયાની સાથ નિશ્ચે તું ઝુકાવું શીર આમને. ૪

(રાણાને પગે પડી)

જય જય થજો મહારાણા પ્હાડના સમ નિશ્ચળ
વીર્યનું વ્રત ધારેલા રામના યોગ્ય વંશજ. ૭
પવિત્ર પાદ તારા જે દેવતાનેય દુર્લભ
સ્પર્શું આ શિરથી મારા, આત્મા કૈં થાય ઉન્નત. ૮
દિલ્હીથી પૃથ્વીરાજે આ મોકલ્યો પત્ર આપને,
ચર્ણમાં મૂકતાં તેનો માગ્યો ઉત્તર એમણે. ૯

પ્રતાપ:—

ગઢવી પત્ર વાંચો એ પાપીના હાથનો લખ્યો,
પૃથ્વીરાજ ગણું પાપી મ્લેચ્છને છેવટે નમ્યો. ૧૦

દૂત:—(મનમાં)

અહા શી ઝાળની વાણી ધર્મચ્યૂત થયા થકી,
પૃથ્વીના ઉપરે રેલે રાજર્ષિ આ પ્રતાપની ! ૧૧

ગઢવી:—(પત્ર વાંચતાં)

જાણુંછું હું નમ્યો તેથી મ્લેચ્છના અધિરાજને,
કલંકિત કર્યો મારા પાપથી શુદ્ધ આત્મને. ૧૨
એવા પાપ નિવારાર્થે પત્રને મોકલી પુછું
દિલ્હીથી દાસ તારો જે પૃથ્વીરાજ લજાઉં હું. ૧૩
દિલ્હીમાં પત્ર આવેલો રાણાના નામનો લખ્યો,
બાદશાહ તણા હસ્તે દૈન્ય ને નીચતા ભર્યો. ૧૪
ગર્વ હર્ષ ભરી વાણી પત્રને હસ્તમાં ધરી,
બોલ્યો હાય ! અમારી તે આગળે મર્મ ભેદતી. ૧૫
‘ જુવો આ સૂર્યની જ્યોતિ તેજસ્વી જે તમે ગણી,
દિલ્હીના પાયતખ્તે તે દીનતાથી નમી ઉભી. ૧૬

નમીને જ્યોતિની મારી સર્વાંશે રાજ્યની કળા,
ધન્ય તે આજ પૂરીને શોભતી પૂર્ણ તેજમાં !' ૧૭
સાંભળી ગર્વ વાણી એ અમારૂં લોહી ઉકળ્યું,
પ્રતાપી તું નમ્યો જાણી ચિત્ત ક્ષોભ થયું ઘણું. ૧૮
ત્હોય જૂઠો કહ્યો પત્ર સભામાં શાહની અમે,
પૂછવા મેં ધર્યું ધૈર્ય, પૂછતો અશ્રુ ઢાળીને. ૧૯
કાળાં મેંશ થયાં મોંઢાં એકલો તું ઉજાળશે,
આશાનો થાંભલો શું એ ભાગી પાડયો પ્રતાપ તેં ? ૨૦
ક્ષત્રીના સૌ કલંકોનો ટોપલો મુસ્તકે ધરી,
વ્હેવાનો ભાર લાગ્યો શું સારો રાજ તને વળી ! ૨૧
સિસોદિયાની કીર્તિની ઉજળી રોશની કરી,
ઊગતો સૂર્ય તેનીય શર્મ લેશ અડી નહીં ? ૨૨
હાય ! આ આર્યભૂમિમાં એકલું બીજ વીર્યનું
મ્લેચ્છરાજે વટાળ્યું શું છાંટીને જળ ભોગનું ! ૨૩
દિલ્હીના પાપી રાજાના નર્કના નવરોઝમાં,
વેશ્યાની સાથ વેચાશે હાય ! તારી વિરાંગના ? ૨૪
કેમ સ્હેવા ધરી હામ ટેકિલા રાજવી તમે ?
તેથી તો મરવું સારૂં વ્હાલો પ્રાણ કર્યો શું તેં ? ૨૫
શુદ્ધ વીર્ય તણી ભિક્ષા ક્ષત્રીને કોણ આપશે ?
પ્રતાપી એકલી તારી આશા ફોક થઈ હવે ! ૨૬
રસાતળૂ પૃથ્વીમાંથી શું કાઢવા શુદ્ધ વીર્યનું,
ક્ષત્રીના હાય બેઠો તું વટાળી લોહી તાહરૂં. ૨૭
જીવતાં છતાં તારા મેવાડી રાજ્યલક્ષ્મીનો,
બાદશાહ થશે સ્વામી લાજ મર્યાદ લોપતો. ૨૮
ચોટલે ઝાલી ખેંચીને બાથમાં ઘાલી બેસશે,

સાર્વભૌમ્ય ધણી થૈને દીલ્હીને તખ્ત શાહ એ ! ૨૯
અને બાપા પ્રતાપીના વંશજો દાસની પઠે,
લક્ષ્મી ને શાહસેવામાં શીરને શું નમાવશે ? ૩૦
વિદેશી સ્વાર્થનો દોર્યો રાજ્ય તારૂં પચાવશે,
તારી પ્રજાતણા ભૂખ્યા પેટમાં લાત મારશે. ૩૧
હાય ! આ ભર્તભૂમિમાં લાગતો દીપ તેજનો
એકલો ઓલવીને શું જીવવા મન ધારતો ? ૩૨
હજુયે રાજ સંભાર રાણાના કૂળની રીતિ,
રાજ્યભોગ ફરે પાછા, વીત્યો કાળ ફરે નહીં. ૩૩

દૂતઃ— (મનમાં)

રૂદ્ર રૂપ થયું શું આ સાંભળી પત્ર ત્રાસનો,
થરથરી ધણીં કંપી શું ઉઠતી એની ઝાળમાં ! ૩૪
હાય ત્રાસભર્યા શ્વાસે ક્રોધના પૂર્ણ જોસમાં,
બાળતો નીચ સૃષ્ટિની નીચતા દૃષ્ટિપાતમાં ! ૩૫
જાણે એક પ્રહારે આ ભાગીને ભૂનું મંડળ,
મ્લેચ્છનો ગર્વ ઉતારૂ વિચારે વીરનું મન ! ૩૬
ન્હોય બાપ પ્રતાપી એ નમ્યાની વાત તાહરી,
અખંડિત રહો જોડી વીર–સ્વાતંત્ર્ય સુંદરી. ૩૭

પ્રતાપઃ—

હાય ! શાહ શું માન્યું તેં મેવાડી વીર્ય ઓગળ્યું,
દીઠું જે રણસંગ્રામે લોહીના સ્રાવ રેડતું ! ૩૮
અથવા નીચ પાપીના સંગના દોષથી થયો,
નીચ તારો રહ્યો આત્મા આંધળા વીર્યથી ભર્યો. ૩૯
દૂત ! જૈને કહેજે તું દિલ્હીના મૂઢ શાહને,
સંગના વંશજો જાણે મ્લેચ્છના તુચ્છ ત્રાસને. ૪૦

દિવ્ય સ્વાતંત્ર્યનો મ્હેલ તેજસ્વી સ્વર્ગને અડયો,
રક્ત માંસ ભરી ખીણે વજ્રને કોટ વીંટળ્યો, ૪૧
શસ્ત્રથી ભેદી આ દેહ પ્રાણને નાવડે તરી,
મેવાડી વીર યોદ્ધાઓ જાળવે મ્હેલ ધૈર્યથી. ૪૨
પ્રાણાન્તેય તને ન્હૈ દે પેસવા મ્લેચ્છ રાજને,
નિશ્ચે તું જાણજે એવા પુણ્ય દિવ્ય પ્રદેશમેં. ૪૩
પ્રાણ ને દેહને છોડી દિવ્ય કીર્તિની જ્યોતિમાં,
સ્વાતંત્ર્ય–સુંદરી સોડે પોઢશે વીર શાન્તિમાં. ૪૪
શાન્તિનું એજ સ્વસ્થાન દુઃખની ગુપ્ત સૃષ્ટિમાં,
શીખવ્યું જન્મથી દૈવે વીરને વીર ભુમિમાં. ૪૫
માટે છોડ વૃથા આશા તારી હે! પાપી શાહ તું,
પ્રતાપને નમાવાને આભમાં ભીડ બાથ તું. ૪૬
ધન્ય પૃથ્વી! હજુ તારા લોહીમાં ક્ષાત્ર તેજ છે,
ગર્યો ત્હોય હજુ વ્હાલા કુળનીય સુગંધ છે. ૪૭
પૃથ્વીને દૂત ક્હેજે તું જીર્ણ રાણો જીવે હજું,
પ્રાણથી દેશ વ્હાલો છે મ્લેચ્છનું હોય શું ગજું ? ૪૮
શત્રુના સૈન્યને કાપી રક્તથી ભુમિ ખેડશે,
અને શાહને ક્હજે જે સૃષ્ટિને એ ધ્રુજાવશે. ૪૯

(પટાવતો તરફ જોઈ)

વ્હાલા વીર વળો ટોળે હસ્તમાં શસ્ત્ર ઝાલીને,
આપણા દેશની કીર્તિ ઉજળી રાખવા રણે. ૫૦
સંભારો બાપદાદાનાં કરેલાં રણ યજ્ઞમાં,
કેસરી વસ્ત્ર પ્હેરીને વીરનાં કૃત્ય કારમાં. ૫૧
સ્વર્ગમાં દેવ કંપેલા જેમની શુણી ઘોષણા,
તેમના વીર્યની ધારા લોહીમાં વ્હેતી આપણા. ૫૨

તેજ વીર પિતાઓના શુદ્ધ વંશીય બાળકો,
બતાવો આજ સૃષ્ટિને પારખું વીર્યધારકો. ૫૩
મૃત્યુનેય ડરાવીને શસ્ત્રના વજ્ર ઘા કરી,
શત્રુના સૈન્યમાં મ્હાલો મૃત્યુના કાળ રૂપથી. ૫૪
વર્તાવો કેર કારી જે જોઇને સૂર્ય સ્વર્ગમાં
હર્ષથી અંગ પોષીને ઘૂમે આ રણયજ્ઞમાં. ૫૫
મેવાડની રાજ્ય ગાદીના સૂર્યના શુદ્ધ બિમ્બમાં,
નાખવા ધૂળની મૂઠી કરેલા એ પ્રયત્નમાં, ૫૬
પાપીને પ્રાણથી મારો સ્વાર્થ સંભોગ પહેરો,
મૃત્યુના સ્વામી શંભુના રૂપને રાજવી ધરો. ૫૭
એક હસ્તે ધરી ખડ્ગ પ્રાણની અંજલી ભરો,
ચીરીને આ હૃદે મારૂં યજ્ઞમાં આહુતિ કરો. ૫૮

પટાવતોઃ—

શત્રુના લોહીની નીકે મુંડની માળ પ્હેરીને,
પિશાચો નાચતાં ન્હાશે હાથે તાલ બજાવીને, ૫૯
ચીકણા રક્તથી લીંપ્યા લાલ વિકાળ દેહના,
સિંહની ગર્જના ગર્જે વીર મેવાડ વંશના, ૬૦
ખડ્ગની નીતરી ધારે મ્લેચ્છનાં ધડ કાપશે,
વીર્યને ત્રાસની રા'ડે ધરણીનેય ધ્રુજાવશે. ૬૧
તારા પ્રતાપના તેજે યજ્ઞની ધુમ્ર ધારમેં,
દેશને રાજ્યને માટે પ્રાણનેય પ્રજાળશે ! ૬૨

ધર્મપાળ દેવદૂતઃ—

વીરના રૌદ્ર આ શબ્દો સાંભળી ભયભીત સૌ,
સંકોચી સ્વર્ગ ને પૃથ્વી અંગને થરૂથરે બહુ. ૬૩

દૂતઃ— (મનમાં)

ધન્ય જ્યાં છે પ્રતાપી આ રાણો રાજ પ્રતાપ ને,
ચંદ્દા સકૃતા પટાધારી ધારેલા યજ્ઞવૃત્તને ! ૬૪
નિશ્ચે તે યજ્ઞની માંહે હોમાશે મ્લેચ્છનું દળ,
મેવાડનું તંત્ર આ રહેશે રાણાને હસ્ત નિશ્ચળ. ૬૫
ધિક્કૂ આ આર્યભૂમિમાં ક્ષત્રીના નામને ધરી
યજ્ઞની આહુતિઓમાં રેડે ના રક્ત જે જરી. ૬૬

ગઢવીઃ—

કાળશા વીર યોદ્ધાના વીર્યનો જય નિશ્ચય,
ત્હોય રાણા પ્રયુક્તિમાં ફાવશે આપણું બળ. ૬૭
આજ થોડે ઘણે હાથે સંગ્રામે ઉતરો નહિ,
પૂરતા સૈન્યને લૈને યુદ્ધમાં લઢવું પછી. ૬૮
આપણા અંગમાંની આ મેવાડી વીર ભુમિનું,
સ્વાતંત્ર્ય જાળવી લેતાં પંચાળે હાલમાં જવું. ૬૯
ત્યાં જઇ આપણે બીજું રાણાનું રાજ્ય સ્થાપવું,
ક્ષત્રીના શુદ્ધ લોહીના વીર્યનું બીજ રોપવું. ૭૦
વીર વિક્રાળ લાખોનું સૈન્ય તે ક્ષાત્ર્ય રાજ્યનું,
લેઇ આપણી ગર્વી આ ભુમિમાં ચઢી આવવું. ૭૧
શત્રુના પાપ સંભોગે આંધળાં હતવીર્યનાં,
સૈન્યનાં જીર્ણ ટોળાંને યુદ્ધમાં કાપી નાંખવાં. ૭૨
જીતીને આપણું છત્ર મેવાડી રાજ્ય ગાદીમાં,
બેવડા રાજ્યના જોરે શોભાશે કીર્તિ પુંજમાં. ૭૩
બાપુ ! આવી પ્રયુક્તિમાં ટેકને વીર્યે આપણાં,
રાણાના કૂળને છાજ્યાં લેખાશે સર્વ સૃષ્ટિમાં. ૭૪

પ્રતાપઃ—(પટાવતો તરફ જોઇ)
કહો વીર તમારી શી સૂચના આવી યુક્તિમાં,
પ્રતિજ્ઞા આપણી ઉગ્ર વિચારો સ્થિતિ સાથમાં. ૭૫
વીર આ ગઢવી યોદ્ધો રાજ્યનો વૃદ્ધ થાંભલો,
દૃષ્ટિમાં દીર્ઘ જાણીતો રાજ્યની ભક્તિથી ભર્યો. ૭૬

પટાવતોઃ—
આપણે ને ભૂમિમાં આ વસેલા સર્વ પ્રાણીએ,
ભિષ્મ સ્વાતંત્ર્યની લીધી પ્રતિજ્ઞા પ્રાણ અંતમેં. ૭૭
પૂર્ણાહુતિ પ્રતિજ્ઞાની લાવતાં યુક્તિ જે કરી,
શત્રુનું કાળજું ફાટે લોહી માંસે વહે નદી. ૭૮
મ્લેચ્છનો વંશ ત્રાસીને ક્ષત્રીથી નાસતો ફરે,
કદીએ ના જુવે સામું આપણી ધર્મભૂમિ મેં. ૭૯
યુક્તિ તેજ થશે ગ્રાહ્ય આપણા વંશને, પછી
રાણાની વીર આજ્ઞાને પાળીએ શિરથી નમી. ૮૦

પ્રતાપઃ—
આપણી પુણ્ય આશાને પૂરશે જગદીશ્વર,
મ્લેચ્છનું મૂળ કાઢીને વર્ષશે શાન્તિનું જળ. ૮૧
ત્હોય ! (મેવાડી ભૂમિને)
હાય ! કેમ ખમાશે આ ઉંડો જખ્મ વિયોગનો,
વ્હાલી વીર જનેતાનો મેવાડી ભૂમિ ! તાહરો ? ૮૨
જન્મથી વીર્યનું પાન કરાવ્યું માત તેં મને,
ગયા જે વીર પુત્રોની વીર્યની વ્હાલી વાતમેં. ૮૩
રમ્મડી રાતને દા'ડો કાઢયો આ જન્મ માહરો,
તેજ પ્રાણે જીવાડયો જે વ્હાલી ! આ દેહ તાહરો. ૮૪
ૠહાડ આ અરવલ્લીના ડુંગરા ખીણના ભર્યા,

સૃષ્ટિના ગર્વ સૌન્દર્યે આનંદે મનમોહતા. ૮૫
તેમની કંદરાઓમાં આથડી આથડી વને,
દેખાડયું રૂપ તારૂં તેં રમાડી પુત્રને મને ! ૮૬
આનંદે નાચતો જોઈ માત મેવાડ હું તને,
મારા આનંદને જોઈ હર્ષે પુષ્ટ થતી તને ! ૮૭
આવા અન્યોન્ય આનંદે આપણે હર્ષમાં રમ્યાં,
જંખતાં રોજ નિદ્રામાં પ્રેમનાં દિવ્ય દુઃખડાં ! ૮૮
ન્હોતું ભાન હતું ત્યારે આવો કૈં કાળ આવશે,
ભેળાં એક હૃદે આવાં આપણુંય રડાવશે ! ૮૯
અને એ દુઃખના ત્રાસે મોંઘા મેવાડ લોહીના
ધોધની કાળ ધારાએ નવાડયા વીર ડુંગરા. ૯૦
હલ્દીઘાટ તણી ખીણો માંસ ને રૂધિરે ભરી,
ત્હોય તે દુઃખના સામું જોવાનુંય ફરી ફરી ! ૯૧
(જરા ધૈર્ય આણી)
હૈવે જો દુઃખ દેવાનું હઠીલે મન ધારિયું,
વીરમાતા ! દુખો વેઠી સુખમાં નિત્ય મ્હાલવું. ૯૨
અમે આ તાહરો દેહ પુણ્ય ને શુદ્ધ રાખીને,
લાવશું દુઃખ વેઠીને આ જ પુણ્ય સ્વદેશમેં. ૯૩
રક્તથી રંગી તલ્વારે શત્રુના સૈન્યને હણી,
સ્વાતંત્ર્ય વીર ભુમિનું સ્થાપશું આવતાં ચઢી. ૯૪
આજ તો દુઃખ–અશ્રુને ગાળતાં વંદીએ તને,
આવતાં હર્ષ–આંસુથી ન્હાવું છે માત આપણે. ૯૫
જેચંદ:—
ક્ષમા રાજ ક્ષમા યાચું ક્ષમા વીર્યનું ભૂષણ,
વીર્યમૂર્તિ મહારાણા ! સાથ રાખો અનુચર. ૯૬

ધર્મપાળ દેવદૂતઃ—(આકાશમાર્ગે)

અરેરે ! દિન આવ્યો શું જોવાનો અશ્રુ ઢાળતાં
પ્રાણથી પણ વ્હાલાંને ધર્મ માટે જુદાં થતાં ! ૯૭
વીર આ ભૂમિના વીરો દુઃખમાં આંસુ ગાળતા,
જન્મ ભૂમિ ત્યજી જાતાં શર્મે શું નીચું ઘાલતા ! ૯૮
શસ્ત્રને લાજના માર્યા સૂર્યથીય છુપાવતા !
હાય ! આ હાંફતા ચાલે ક્રોધને દુઃખના ભર્યા ! ૯૯
ચાલતાં પ્રેમ–ચિંતામાં થરથરી પગલાં ગણે,
લૂછતાં આંખનાં અશ્રુ મેવાડે દૃષ્ટિને ભરે ! ૧૦૦
ધર્મના વૃત્તમાં આવું દુઃખ આ સૃષ્ટિમાં દીઠું,
સૂર્યનું પુત્રપીડાએ તેજસ્વી મુખડું ફિકું ! ૧૦૧
હાય ! તારી કળાઓમાં દેવ આ દુઃખ ક્યાં લખ્યું ?
પુણ્ય મેવાડ ભૂમિમાં શીદને મારૂં આવવું ! ૧૦૨
ધર્મનો જો હશે આવો કારી કેર હમેશનો,
પ્રભુ ! શે રક્ષવા મુકયો ધર્મ આ વિણમુલ્યનો ? ૧૦૩

સર્ગ ૩.

ભામાશાઃ—(લાંબે સાદે બોલતો)

થોભો વીર જરા થોભો ! માત મેવાડ આંસુડે
ન્હાડની ખીણ પૂરીને પૂરમાં સર્વ લોકને ૧
તાણતી દુઃખ દેખીને આપણાં અવધીવનાં,
રાંકડી આ પ્રજાનાં ને વીર વ્હાલા સુપુત્રનાં ! ૨
કોની ઓથ મૂકી ચાલ્યા એકલી વૃદ્ધ માતને,
કોના છત્ર તણી છાંયે પ્રજાને બાંધી છાંયડે ? ૩

રાણે ન્હોતું કદી ખ્હેલું પ્રજાના સ્નેહની પ્રતિ,
હૃદે હાય ! કર્યું આવું કઠીણું વજ્રના થકી. ૪
બાપુ ! વીર સહે દુઃખો દુઃખના સહવાસથી,
પ્રજા તો બાપડી ત્રાસે સ્વપ્ને દુઃખ દીઠું નથી. ૫
રાંકડી અન્ન છોડીને નારી ને બાળકો સહી
આંખમાં આંસુ લાવીને સાંભળ્યું આમ જ્યારથી ૬
છૂટે મોંઢે રડે. રાણા ! તુર્કને શર્ણ મૂકીને,
જતાં લાજ લગારે ના લાગે મેવાડવંશને ? ! ૭

પ્રતાપઃ—(મનમાં)

હાય હાય ! દુઃખી શબ્દો મર્મનાં સ્થાન ભેદતા,
સાંભળી સાંખવાનાય આવ્યા દિન પ્રતાપના ! ૮
પ્રજાનો આર્ત પોકાર સુંસરો હૃદમાં પડે,
સાંકળે નુંધિયો હસ્તી ત્રાડ પાડી મને રડે ! ૯
દૈવનો કેર કારી આ શીદ જીવાડતો મને,
જીવાડ્યો તો અરે શાને ખુટાડયું સૈન્ય તેં રણે ! ૧૦

ગઢવીઃ—

પ્રજાનાજ વિનોદાર્થે રાણો પ્રાણ ધરી રહ્યો,
ત્હોય વૃદ્ધ ! વદો શાને શબ્દ આ મર્મ ભેદતો ? ૧૧
સામગ્રી યુદ્ધમાં આવી જુવોછો આજ સાજમાં,
મેવાડના વીર રાણાની છોડતાં કૈંક આશમાં ૧૨
હાલમાં આપણી ધર્ણી. સૈન્યને પૂર જોસમાં
લાવીને આવતાં પાછા શત્રુનું દળ કાપતાં ૧૩
આપણી જન્મ માતા ને પ્રજાને ગાઢ ભેટતાં
રાણાનું છત્ર સ્થાપીશું ધૈર્યે કાળ અનંતમાં. ૧૪
ભામાશા ! ધૈર્ય ધારીને કૈંક કાળ વિતાવશો,

ધૈર્યનું ફળ મીઠું છે પ્રજા શાન્ત પમાડશો.   ૧૫
પ્રજાનું દુઃખ ચીરે આ રાણાનું હૃદ કુમળું,
ત્હોય તેજ પ્રજા અર્થે વજ્રશું કઠિણું કર્યું !   ૧૬

પ્રતાપઃ—(આવેશમાં)

છોડ હે ! ગઢવી તારી યુક્તિયો ધૈર્યની બધી,
કાને કેમ શુણી જાયે પ્રજાની બૂમ દુઃખની !   ૧૭
હાય હાય ! હૃદે મારૂં ધૈર્ય તે ના હવે ધરે,
એકલે હાથ સંગ્રામે ઘૂમવા શત્રુ સૈન્યમેં   ૧૮
તલ્પીને ઉઠતું આવી વૃદ્ધની વાણિ સાંભળી
વીર મારી પ્રજાદુઃખે યોદ્ધાનાં મર્મ ભેદતી !   ૧૯

ભામાશાઃ—

એકલે હાથે શે બાપુ ? પ્રજા મેવાડની ગણી
બાયલી શું ? જહીં પાકી વીર વંશની આવળી !   ૨૦
વીર એજ ધરા માંહી મોળુ બીજ હશે કહિ ?
રાણા શું આ વદોછો જે શર્માવે કૂખ માતની !   ૨૧
પ્રજાની રિદ્ધિ સિદ્ધિને પ્રજાનાં બાળકો બધાં
દેશને રાજ્યનાં સર્વે વીર મેવાડ ભૂમિનાં.   ૨૨
દેશના દુઃખના કાળે પ્રજાની સુંદરી બધી
તેય શસ્ત્ર ધરી હસ્તે સંગ્રામે કાળના સમી.   ૨૩
વિત્ત જે દેશમાંથી આ એકઠું રાજ્યના બળે
ન્યાયને શાન્તિની છાંયે પ્રજાએ સંઘર્યું કળે   ૨૪
દેશને અર્થ ખર્ચાતાં સ્વાર્થ એ વિત્તનો સરે
શત્રુનાં હૃદ કંપાવી દુઃખનાં અશ્રુ નીતર્યે.   ૨૫
ધિક્કૂ એ વિત્તને જો તે આવે કાળ ઝરે નહિ
દેશને રાજ્ય સેવામાં, વિત્ત ન્હૈ ઝેર તે સહી,   ૨૬

ચુશી દુષ્ટ મરે સ્વાર્થી પાપના ભારને વહી
સૃષ્ટિના તુચ્છકારે તે જીવતાં મરશે ઝુરી. ૨૭
વીરની આ ધરિત્રીમાં એક એવો નથી કહિ
દેશ સ્વાતંત્ર્યને અર્થે પ્રાણુ દેતાં હઠે જરી. ૨૮
બાર વર્ષ લગી રાખો લાખોનું સૈન્ય વીરનું,
ખર્ચને અર્થ રાણાજી લૂંટો ભંડાર ભામનું. ૨૯
વિત્ત એ રાજ્યસેવાની સામગ્રી હર્ષથી કરો
વૃદ્ધ ભામા તણું હર્ષે હૃદે આ રાજવી ભરો. ૩૦
પ્રજાની લક્ષ્મિની રેલ દેશના ચર્ણ સ્પર્શથી
પવિત્ર આજને દ્હાડે રાણાજી હાથથી કરો. ૩૧

ધર્મપાળ દેવદૂતઃ—

અહા ! દેવ જુવે સ્થંભી વીર મેવાડ દેશમાં
વીર્યનાં પૂતળાંનો આ દિવ્ય સંસાર સ્વર્ગમાં ! ૩૨
ધન્ય આ દેશની ભૂમિ રાણો વીર પ્રતાપ છે,
વીર સર્વે અહા ! સૃષ્ટિ પ્રજા જ્યાંની પ્રવીર છે ! ૩૩
ધન્ય જ્યાં આ ત્રિપૂટીનો સ્વર્ગી સંયોગ થાય છે
ઉદ્ધારે ધર્મને જાતે સ્વર્ગનું સ્વર્ગ આ જ છે. ૩૪

પ્રતાપઃ—

વ્હાલા ભામા રણે રાખ્યો રંગ તેં રજપૂતનો,
આવ ભેટ મને હર્ષે સુખાળો જન્મ તાહરો. ૩૫
આપણી જન્મ ભૂમિને આખા આર્યપ્રદેશને
આર્યના ધર્મ વ્હાલાને સાચવ્યો અંતને સમે. ૩૬
વ્હાલા વીર વળો પાછા શસ્ત્રને સજ્જ સૌ કરો
ઉછળી શત્રુના સૈન્યે વાઘ જેવા તુટી પડો. ૩૭
માંસ ને રક્તનો નિશ્ચે નાશ આ સૃષ્ટિમાં લખ્યો;

આત્માની દિવ્ય જ્યોતિમાં મૃત્યુ દેહ પ્રજાળતો. ૩૮
આપણી રાજ્યધાનીના કાંગરે બાથ ભીડજો,
ખડ્ગની તીક્ષ્ણ ધારેથી તુર્કનું હૃદ ચીરજો. ૩૯
હલ્દીઘાટ તણું વીરો વીર્ય સંભારજો તમે
ચંદાવતી મહારાજ્ઞી ઘૂમેલી યુદ્ધમાં ગઢે. ૪૦
રાણાની જાત જો વ્હાલી બચાવો યુદ્ધમાં પડી,
પ્રતિજ્ઞાને કરો પૂરી આવે જન્મ નહી ફરી. ૪૧

ધર્મપાળ દેવદૂતઃ—

અહા! એ જોઉં મંડાયું વીરનું યુદ્ધ કારમું
કોમલ્મીર તણા કોટે દેખાતું છત્ર રાજનું. ૪૨
હસ્તમાં ખડ્ગ ઝાલીને વીર્યની મૂરતી સમો
રાણાનો કાળ ઘોડો આ યુદ્ધમાં ધસતો જતો, ૪૩
આગલી હારમાં જૈને શત્રુનાં ધડ કાપતો
લોહીની ઉડતી છોળે દેહને લાલ રંગતો! ૪૪
અહા આ ઘોર ગર્જીને જીવને છેક વિસરી
ચંદાવતો પટાધારી અગ્નિની જ્વાળની મહી ૪૫
જોસભેર ધસ્યા જાય લાખોને કાપતા જતા
ભાલાના ભોંકની સાથે વીંધીને શત્રુ મારતા. ૪૬
ધન્ય આ વીર યોદ્ધાના કારમા યુદ્ધની મહી
તુર્કના લોહીની ધારે તણાતાં શબ જોરથી! ૪૭
સૂર્યની શું ધ્વજા પેલી શત્રુના લોહીની ભરી
કાંગરે ઝાલીને ઉભો વીર મેવાડનો ધણી! ૪૮
અબદુલ્લા તુર્કસેનાનો નાસતો જોઉં ત્રાસથી
હાય હાય! મુખે બોલી ઊગર્યો કાળહાથથી ૪૯
તોપ ગોળા પડયા મૂકી નાસતો પ્રાણ લેઇને.

અને આ કારમી રાડ ત્રાસની વળી ક્યાં પડે ? ૫૦
દૂર આ મારી દૃષ્ટિમાં વેગળો ગઢ જોઉં હું
મચ્યું શું આ રમસ્તાન ક્ષત્રીને તુર્ક યુદ્ધનું ! ૫૧
તોપના ગડૂગડાટે શું ધ્રુજે આ ધુમ્ર જાળમાં
કાંગરા ગઢના ઘેર્યા રજપુતે રણુ યુદ્ધમાં ! ૫૨
કપાતા વીરની રાડે ભર્યું વેરાન ત્રાસમાં
ઠેકતા વીર યોધ્ધાઓ વ્હાલાંના ધડ ક્રોધમાં ! ૫૩
કોમદ્દમીર તણી વ્હાર આવતી પૂર જોશમાં
જોઇને વીર ભાયાતો ભાંગતા દ્વાર લોહનાં ! ૫૪
વીર્યને રાજભક્તિની આગળે શું ટકી શકે ?
તુર્કની તીડ સેનામાં પડ્યું ભંગાણુ સ્હેજમેં ! ૫૫
હાય ! આ નાસતા જોવા તુર્ક વિકાળ યુદ્ધમાં
આંધળા બ્હાવરા બ્હીન્યા ત્રાસે ફટ્કેલ જીવનાં ૫૬
સુવેલા વીરના લોહીમાંસની વ્હેતી નીકમાં
ખીણુમાં તુર્કનાં ટોળાં ભમે પિશાચ રૂપમાં. ૫૭
હાય ! આ ત્રાસથી કંપી હૃદે ફાટ રડે ઘણી
મ્લેચ્છના વીર યોદ્ધાની એકલી અંગના પડી ! ૫૮
જોત જોતાં કરી હસ્ત કાંગરે કોટને ઉડે
પ્રતાપી ભગવો ઝુંડો રાણાના યજ્ઞ કુંડમેં ! ૫૯
જીતની ગર્જના ગર્વી ચારે દેશ ફરી વળી
મ્લેચ્છનું સૈન્ય નાસે શું ખાલી મેવાડને કરી ! ૬૦
અહા આકાશથી જોતાં ગર્વી આ વીરની ભુમિ
ફરીને વીર યોદ્ધાને તાજમાં ઘાલી શોભતી, ૬૧
ઉંચા આ અરવલ્લીના દુર્ગને કાંગરે ચઢી
ધર્મની આ પતાકાને હાથમાં દૃઢ દાબતી, ૬૨

વીર્યની મૂર્તિને. વંદી ગર્જતી 'જય' ઘોષણા
त्वयखड्गप्रसादेन वीरभोग्या वसुंधरा ! ૬૩

ગઢવી:—

ધન્ય ધન્ય પ્રતાપી ઓ ધન્ય મેવાડબાળકો !
ધન્ય વીરજનેતાને ધન્ય આ દિન આજનો ! ૬૪
સુખનો સૂર્ય સોનાનો ઉગતો હર્ષમાં ફુલ્યો
તેજસ્વી બાળકીર્ણોએ પુત્રઅંગ લપેટતો. ૬૫
ધન્ય આ સૃષ્ટિની લીલા કુંપળી મંજરી ભરી
વીરની આજ સેવામાં સુગંધી વાયુ ઢોળતી. ૬૬
આજના દિનના હર્ષે સ્વર્ગમાં દેવ ગર્જતા
દુંદભી નાદ ગાને આ સૂર ગાંધર્વ પૂરતા ! ૬૭

પ્રતાપ:—(ભામાશાને) (વંશસ્થ)

નમે તને વીર સ્વદેશભક્તિના
પ્રસિદ્ધ આ પ્રાણથી માતૃ પૂજતા
સ્વદેશની સુંદર મૂર્તિ પ્રેમની
ધરી તમે ભામ! વણિક્શિરોમણી, ૬૮
સ્વદેશની કીર્તિ વધારી સો ઘણી
ગણી સગર્વે અતિ હર્ષથી ભરી
ઉભી અહીં રાજ્યની લક્ષ્મી આ બધી
વધાવવા પુષ્પની અંજળી ભરી. ૬૯

સ્વર્ગમાં દેવગણ:—　　　　(અનુષ્ટુપ્)

પુષ્પથી આ વધાવે છે સ્વર્ગનું દેવમંડળ
વીરની આ ત્રિપૂટીનું સ્વાતંત્ર્ય રો' અખંડિત. ૭૦

દીલ્હીનો હજુરી:—

ધન્ય ! આ પુષ્પવૃષ્ટિની સાથે સ્વાતંત્ર્ય રાજ્યનું
રાખવા દીલ્હીના શાહે ફરમાવ્યું વીરભૂમિનું. ૭૧

પ્રતાપી રાજ તારા આ વીર્યના ઉગ્ર તેજથી
અંજાયો દીલ્હીનો રાજા સૂર્યવંશી પ્રતાપથી. ૭૨
વીર્યની મૈત્રિમાં સાથે જોડાવા મોકલ્યો મને
અને આજ્ઞા કરી સૈન્યે 'છોડો મેવાડ દેશને.' ૭૩
કહ્યું છે વ્હાલમાં એણે મોઘું સ્વાતંત્ર્ય સૂર્યનું
રહો તે વીર્યમૂર્તિનું પુણ્ય કાળ અનંતનું. ૭૪
અને આ મિત્રની ભેટે મોકલ્યું હૃદ એમનું
વીર્યને છાજવા રાણા ખડ્ગ આ અણુમુલ્યનું. ૭૫

પ્રતાપઃ—

મિત્ર ! આ હર્ષનો દા'ડો સાંભળી આંખ અશ્રુથી,
આજ ઘેરાય છે મારી જોઇ આ વૃત્તિ શાહની. ૭૬
ઔદાર્ય વિર્યનું આજે હૃદેથી ઝરતું જતું,
શોભાવે શસ્ત્રને એના વીરનું મન મોહતું. ૭૭
રહો એ વીરની લક્ષ્મી રાજ્યની નિર્દોષિણી,
રાજ્યના ધર્મને ધારી શાન્તિ સર્વત્ર રેલતી. ૭૮
શાહને આટલું કહેજે, દૈવની શુદ્ધ બુદ્ધિએ
આર્યનું રાજ્ય સોંપ્યું છે વીર્યનું પાત્ર જાણીને ૭૯
હાથમાં તાહરા; વીર ! સાચવી રાખજે સદા
રત્નની પેઠ એને, ને દૈવને દુઃખ ઘેરીયા ૮૦
વીર આ ભૂમિના ક્ષત્રી ના ચાલ્યે છેવટે નમ્યા.
રાજ્યવંશી નમ્યા ત્હોય આત્માની ઉચ્ચતા ભર્યા, ૮૧
રાજ્યના માનને યોગ્ય શાણા દીલ્હી–ભુપાળના
વીર્યની સાથ શોભામાં શોભશે રત્નના સમા. ૮૨
દીલ્હીના તાજના તેજે પૂરશે પૂંજ જ્યોતિના
આર્યની પૂણ્ય કીર્તિના ફીકા એ દીવડા પડયા ! ૮૩

વીરનો ધર્મ વ્હાલો એ વિસારીશ નહિ જરા,
ધર્મ વિણુ ધર્યું વીર્ય આંધળું વિશ્વ દુઃખદા. ૮૪
રાજાનો જન્મ હે વીર ! જગતના સુખ કારણે,
સૃષ્ટિમાં ઇશ્વરી અંશ રાજા છે ધર્મ-ધારણે. ૮૫
રાજાનો જન્મ ને પ્રાણ પ્રજાનાં વિત્ત સર્વ એ;
રાજાનું રાજ્ય સર્વસ્વ, પ્રજાનુંજ કુટુમ્બ છે. ૮૬
જીંદગી રાજની આખી પ્રજાનાં શુભ ચિંતતાં
ધન્ય જે ગાળતો રાજા સ્વાર્થ સર્વ વિસારતાં. ૮૭
પ્રજાની ઉપરે તારી સમાનાંશે સરી જતી
ચંદ્રની જ્યોતિના જેવી આનંદે બળ આપતી ૮૮
ગર્વી ને મીઠડી દૃષ્ટિ ઇશ્વરી અંશની ભરી
વર્ષતી રાખજે મિત્ર એજ છે પુષ્ટિ આપણી. ૮૯
ધર્મના પંથની પાર રાજાનો ધર્મ એક છે
દિવ્ય તે સૃષ્ટિકર્તાના હૃદનો અવતાર છે; ૯૦
તેથી તું તારી દૃષ્ટિમાં દોષ ના કરતો કદી
લેશ વૈષમ્યનો જાણી ઉચ્ચ આ વૃત્તિ તાહરી. ૯૧
રાજા તું ને પ્રજા તારી ભિન્ન એ બેઉ સ્થાન છે,
રાજાને સ્થાન મુકયો છે ઇશ્વરે પાત્ર જાણીને. ૯૨
રંગ ભોગ તણા રાગે પ્રજાના પાપમાં પડયો
જાણશે ઇશ સૃષ્ટિનો ઇન્દ્રીના ભોગમાં સડ્યો, ૯૩
તાણશે ઉચ્ચ સ્થાનેથી ખેંચીને પાડશે તને,
સૃષ્ટિના ધર્મતત્વોનું રાજ્ય છે સર્વ કાળમેં. ૯૪
સ્થાપશે રાજ્ય પોતાનું માનુષી સૃષ્ટિનું નહીં
ચાલશે ત્યાં કશું તારૂં નિશ્ચે એ માનજે સહી. ૯૫
શાહ તું એક રાજા છું, રાજ્યનું દિવ્ય સ્થાન છે

વિસારીશ નહીં સત્ય જણાયું સર્વ દેશમેં. ૯૬
ધર્મને નીતિને માર્ગે ચાલીને તું ચલાવજે
પ્રજાને ઈશ્વરે આપી વ્હાલે રંગ રમાડજે. ૯૭
આપણી મૈત્રિને પ્રેમે પ્રાર્થું ઈશ વધારજે
સ્વાતંત્ર્ય શાન્તિની છાયે લક્ષ્મીને ઉભરાવજે. ૯૮

વીર ! હે વીરભૂમિના બાપાના પુણ્ય વંશના,
ગજાવી સૃષ્ટિને સારી કરી આ વીર્ય ઘોષણા, ૯૯
ગાજતી પુણ્ય કીર્તિથી ગર્વિણી આ વસુંધરા
ગર્વમાં જોતી આકાશે સ્વર્ગની ગણી તુચ્છતા ! ૧૦૦
ધન્ય આ દેશની ભક્તિ ધન્ય આ સ્વાર્થ-અર્પણ
ધન્ય આ શુદ્ધ આત્માની જ્યોતિનું દિવ્ય દર્શન ! ૧૦૧
કોણ આ સૃષ્ટિમાં એવો મૂઢ જે સાંભળી તને
નીચને પાપનો પીંડ સ્વાર્થનો ભાર ભૂમિને ૧૦૨
ગર્વમાં નાચી ન્હૈ ગાશે દેશને દેશભાક્તનાં
ગાન જે ગાજતાં તેં આ કર્યાં વીર ! પ્રતાપનાં ? ૧૦૩
કવીની કોમળી વાણી વિશ્વના અંતની સુધી
ગાન આ કીર્તિનાં ગાશે હૃદે પ્રેમ ભરી ભરી. ૧૦૪
કાળના દંષ્ટ્રમાં જો કે ચવાશે સૃષ્ટિ સર્વ આ
કવીની ભારતીમાં તું જીવતો વીર ! સર્વદા. ૧૦૫
પ્રાતરે પ્રેમમાં ઉઠી ઉગતા સૂર્યની ભણી
સૂર્યની આ પ્રસાદીની અંજળી વીર ભક્તિની ૧૦૬
દેશને અર્થે પીતાં જે દેશની ભક્તિમાં નમી
'મારો દેશ' કરી ગાશે કીર્તિ આ પુણ્ય ઉજળી, ૧૦૭

તેજ જન્મી જીવી જાણ્યો ધર્મની ધરણી મહીં
કવીનું હૃદ લૂંટીને રેલતો ધાર પ્રેમની.　　　૧૦૮
દેશનો શબ્દ ના આવ્યો મુખે 'મારો' કરી કદિ
હોય તે પાપીના કર્મે લખ્યું કંગાળ વૃત્તિની　　　૧૦૯
જીંદગી ગાળતાં ખૂણે છોડવા પાપી દેહને
એકલો આવી જાવાનું ઘસીને હાથ પાપમેં !　　　૧૧૦
વીર ! આ તારી વૃત્તિની વાસ આ દેશમાં વહો
દેશનાં પુત્ર પુત્રીનાં હૃદે એ ભક્તિથી ભરો.　　　૧૧૧
હીમથી છેક લંકાની ધાર ને બંગદેશથી
સિન્ધના કાંગરાઓમાં ગર્જના ઐક્ય ધર્મની　　　૧૧૨
ગાઢ ગંભીર ગર્જીને આત્માના નિત્ય સત્વને
પૂરો નિર્ભેદને વીર્યે અભયના અતુલે બળે.　　　૧૧૩

(શાર્દૂલ.)

જેણે આર્ય સમસ્ત ઉત્તમગુણે ચારિત્ર્યના દર્શને
દીપાવ્યા અવની તળે અભયની કીર્તિધ્વજા ફર્ફર્યે,
જાતે વીર બળિષ્ટ રૂષ્ટ રમતા જેણે કર્યા આપણા
પૂર્વ પ્રેમ ભરેલ ભીનિ નજરે સંસારને સિંચતા,　૧૧૪
જેની ભવ્ય બળિષ્ઠ દૃષ્ટિ સરવે આનંદમાં રાખતી
સૃષ્ટિના વિસ્તાર તારપર જ્યાં અંગૂલિયો નાચતી,
તે 'બ્રાહ્મીસ્થિતિ' દિવ્ય આ ઉછળતા દુઃખાર્ણવે ડૂબતા
ઉદ્ધારો અમદેશને ભગવતિ શક્તિપ્રદા દેવતા.　　૧૧૫

'બ્રાહ્મીસ્થિતિ' માટે જુવો ગીતા. ૨. ૭૨.

જયમંગળ આત્મસ્વરૂપ.

[પરમાત્માએ પ્રેરિત 'જીવેશ્વર'ભાવે ઉછળતું લીલાત્મક સૃષ્ટિ-
સર્જનનું ઉત્સાહભર્યું દર્શન આ કાવ્યનું જીવન છે.]

(તોટક)

રચ્યોં શૂન્ય વિશે વન, રમ્ય બની
તરૂડાળ, લચી રહોં વલ્લરિની
મૃદુ મંજરિમાં બનીં ભૃંગ ભમ્યું,
જય મંગળ આત્મસ્વરૂપ રૂડું ! ૧
તરૂવલ્લરિની મધુ કુંજગલી
મહીં ગાન કરી વનને ગજવી,
બનીં પંખિ મનોહર વ્યોમ ઉડયું,
રચના વિધ રંગ ધરી વિલસ્યું ! ૨
તરૂડાળનીં સાથ સમીર બની,
નચવી રહોં વલ્લરિ પ્રેમ ભરી,
તુટિ મંજરિ જે મકરંદ ગળી
નદ રૂપ થઈ ઝિલતું ગરતી ! ૩
નગ રમ્ય મનોહર રૂપ ધર્યું,
જળધાર સ્વરૂપ રહ્યું ઝરતું,
રસ ઔષધિ રૂપ વિલાસ ભર્યું,
જય મંગળ આત્મ સ્વરૂપ રૂડુ ! ૪
મૃગ સારસ અન્ય બીજાં રમતાં
રમણીય સરોવરના તટમાં,
વિકસ્યું તુજ સુંદર રૂપ બધું.
જય મંગળ આત્મ સ્વરૂપ રૂડું ! ૫

રચ્યો વ્યોમ વિશાળ અનંત ઘણું,
રવિચંદ્ર અનેક ગ્રહે ભરિયું,
અતિ ગૌરવની રચી સૃષ્ટિ સહુ,
તવ માનવ રૂપ વિચિત્ર ધર્યું ! ૬
રચના અતિશે રમણીય કરી,
રૂપ કારણકાર્યતણુંય ધરી,
કરવા તુજ 'આત્મ' રૂપી પ્રતીતિ
બની ઈશ રહ્યું નિયમી વિભૂતિ ! ૭
જયમ રૂપ રહ્યું વિકસી તુજ આ
ખિલતી રહી સૃષ્ટિ વિશેષ કળા,
તુજ મંગળ ભાવ ગયો ખિલતો
ત્યમ રમ્ય વસંત રચાઇ રહ્યો ! ૮
જય તે જય મંગળ રૂપ રહો,
પ્રતિપાળક હારક રમ્ય રમો.
સહુ સૃષ્ટિ ખિલી તુજમાં વિરમો,
જય મંગળ આત્મ સ્વરૂપ અહો ! ૯

વસંતસેના.

[ઇશ્વરની અપાર લીલા ભરી વસંતઋતુની વિવિધ પ્રકારની સૃષ્ટિ-મનોહરતાનું સાફલ્ય ભોક્તાની મનોવૃત્તિની અપેક્ષા વાળું છે, એટલે જીવ તેમજ ઇશ્વરના સદા સંઘાતમાં ફરતા યુગલના સંકલ્પથી સૃષ્ટિની રચનાની યથાર્થતા છે. તેમના ઐક્યભાવમાં પરમ સંતોષાત્મક 'સુખ' છે. એવું ગુહ્ય સત્ય પ્રકટ કરતી નવદંપતિની આ નાની કથા વિવિધ પ્રેમ-શૃંગારના જીવનવાળી છે.]

(શાર્દૂલ)

જેમાં સૃષ્ટિ સમસ્ત મસ્ત થઇને આનંદમાં ખીલતી
ઊછાળી હૃદભાવ ઉત્તમ બધા જેના રસે બોળતી,
જેમાં લુબ્ધ થતાં મનુષ્ય સઘળાં પ્રેમે નમી પૂજતાં
તે તે પુણ્ય વસંતદૃષ્ટિ સુખદા રે'જો ઠરી વિશ્વમાં.

(વસંતતિલક)

વૃક્ષે ફુટી નવિન અંકુર રમ્ય ધારા,
ને ગુચ્છ મંજરી તણા વિલસે રસાળા,
મૂળેથી સ્થૂળ રમણીય પયોધરો શા
આંબે શું મો'ર ભરતા રસના ઉછાળા! ૧
આ નીલ નિર્મળ નભે સ્પૃહણીય વીણા
વાગે સુગંધમય વાયુની મંદ ધારા.
સોસાયલાં જળ જળાશયનાંય રમ્ય
આનંદપુંજ પુરતાં હૃદયે ઉમંગ. ૨
આકાશમાં નવલ રંગ ભરેલ પક્ષી
લેતાં વધાવી મધુરી ખિલતી વનશ્રી.
સામ્રાજ્ય દંડ વિજયી સ્મર હસ્ત ઝાલ્યો
આવ્યો વસંત ઉનમત્ત મદાન્ધ યોદ્ધો! ૩
આ દિવ્ય રમ્ય રૂતુરાજ વસંત સ્પર્શે
સૃષ્ટિ અને મનુજતા હૃદયે ચઢીને
લીલા લલિત કરતાં ઉપજાવતો શી
આનંદસૃષ્ટિ અતિ ભવ્ય વિનોદ વાળી! ૪
મધ્યાન્હનાં કિરણ તેજ પ્રચંડ ખેંચી
થાકીજગજ્જીવન સૂર્ય સ્વિકારતાં શ્રી
સામ્રાજ્યની, પરમ પ્રિય દિશાની સોડે

મૂકે ગિરિન્દ્રશિર કુન્દન તાજ પ્રેમે. ૫
શું આ વસંત સહકારિ શિતાંશુ ચંદ્ર
પૂર્વે ફુદું ફુદુ કરી હસતો જણાય!
આ સૃષ્ટિના જીવન-તંત્રની માળ વચ્ચે
ખીલી રહી મધુરિમા ઋતુની ગિરીન્દ્રે. ૬
ઊંચાં નિચાં શિખર સુંદર ઢાળ વાળાં
શોભાયમાન રમણીય વને વિંટાયા,
ટોચેથી ઠંડી જળધાર પડી ઝિલાતાં
ઊડી ઝિણી સિકર-ધુમ્રના માળ ઘેર્યાં. ૭
કલ્લોલ પક્ષી કરતાં વનવૃક્ષકુંજે
આકાશમાં ઉડી ઉડી રમતાં વિલાસે,
ગાતાં મધુર ગિતડાં ગિરિશૃંગ શૃંગે
બાંધે શું માળ ઘન તોરણની વસંતે! ૮
ને આ વસંત-યુવરાજ-લલાટ પાટે
ઝીણી ઝીણી સિકર-ધુમ્રની માળ વચ્ચે
ચંદ્રાકૃતિ તિલક સૂર્ય કરી સ્વહસ્તે
પૂજે વસંત વીર ઈન્દ્ર-ધનુષ્ ધરીને. ૯
ઝીણાં ઝરે ઝરણુ નિર્મળ ખીણમાંહે
તેની પવિત્ર જળધાર વતી પખાળે
પાદામ્બુજો કુસુમના અભિષેક કાળે
સૃષ્ટી, સલજ્જ લચી વલ્લરી વાયુ ઢાળે. ૧૦
દક્ષીણ દેશ ફરતાં મલયે વસેલા
મીઠી સુગંધ વહતાં ગતિ મંદ વાળા
વાયુ વિવિધગુણી મંજુલ રાગવાળા
બંદીજનો બિરદગાન કરે જણાતા. ૧૧

આ સૃષ્ટિના સકળ દેવ પ્રમત્ત હર્ષે
ઉન્માદ વેષ ધરી આજ મચેલ નૃત્યે!
આનંદધૂન કરતા કુસુમોદ્‌ભવે શું !
લાવણ્ય તેજ ઝળકે ભરી વિશ્વ આખું. ૧૨
આ યોધની મધુર સ્મિત ભરેલ જ્યોતિ
લેવા ઉતારી હૃદયે ધરતાં વિલાસી
નિષ્પાપ ને સરળ સ્વચ્છ સ્ફટિક જેવાં
પ્રેમાળ પુણ્ય હૃદયો રસમાં દ્રવેલાં. ૧૩
નિશ્શંક હાથ કરી પ્રાણી સમસ્ત આવાં
વ્હાલે નિરંકુશ વસંત રમાડતાં શાં!
આનંદના વિવિધ રમ્ય વિલાસ વાળાં
સ્વચ્છંદી છંદ નવ રંગિત આદરે ત્યાં. ૧૪
તે આ જ કાળ પ્રિય ! રમ્ય વસંત જ્યારે
ઘૂર્ણાયમાન મદમાં પતિ ઉચ્છરંગે
કાન્તા પ્રિયા લઇ લઇ નયનો ભરીને
ચુંબે તૃષાતુર કુળાં લવલીત અંગે. ૧૫
પોચે કરે પકડી વેણી કુલે ભરેલી
ધીમે રહી વદનને ઉચકી પ્રિયાની
જ્યારે પ્રિયે ! પ્રિતમ અંતર વ્હાલ આણી
ચુંબે કપોલદળ ગોળ ગુલાબરંગી. ૧૬
ને "હા વસંત યુવરાજ !" કરી વદીને
પ્રેમે પુલ્યાં પુલક જેમ દબાય સ્હેજે
રંગાઇ રમ્ય ઋતુરાજ વિલાસ રંગે
આલિંગને અનુભવે સુખ પ્રેમી સંગે. ૧૭
આ તે જ કાળ પ્રિય ! ઉત્સવકાળ આ જ

આનંદકારી રમણીય સમસ્ત સાજ,
ગંભીર સૃષ્ટિ રચના મહીં પ્રાણરૂપ
આનંદ એક ઉભરાય વિધ સ્વરૂપ. ૧૮
આ કાળમાં પ્રિય! વિહારવિલાસી લોક
ખોળે લઇ પરમ પ્રેમ ભરેલ પાત્ર
પ્યારી તણાં લલિત રમ્ય રમાડી ગાત્ર
પંપાળતા કૃપણ રત્ન સમાન માત્ર. ૧૯
શૃંગાર એજ શણગાર ધરેલ અંગે
ટોળે વળી વિવિધ મીશ ભરેલ શબ્દે
અન્યોન્ય આજ સખીમંડળ વેશ ધારી
પૂજે વસંત યુવતીજન કોમળાંગી. ૨૦
આ કાળની લહર મંદ નચાવતી શી
નિષ્પાપ બાળ હૃદયે રસની ભરેલી
ઊઠેલ ધૂન પ્રિતની નવ-યૌવનાની
ચેષ્ટા ન બાળમતિ જાણતી થાતી જેની. ૨૧
આનંદમાં નગર બ્હાર વિહાર-બાગે
ગાતી સિતાર પર સુંદરિ મિષ્ટ રાગે
પ્રેમી સમાન સખિ-મંડળિ પ્રેમ લીલા
તેને વિકારભરી આંખથી જોતી બાળા. ૨૨
ને કોક કોકિલરવે ચિતડું વિધાયે
ઉચુંજ જોઈ રહિ શુન્ય નિશાન માંડે,
તેની મજાક કરતી સખી રમ્ય ચેષ્ટા
આ કાળમાંજ પ્રિય આદરતી નવોઢા. ૨૩
આ કાળમાંજ પશુ પંખી વિલાસવાળાં
નાના વિધિ ખિલતી રમ્ય વનસ્પતીનાં

આનંદ-સ્મિત ઝીલતાં રમતાં કરે શી
સ્પર્ધા મનુષ્ય-હૃદનીય રસજ્ઞતાની ! ૨૪
આનંદ એજ પ્રિય જીવન સત્વ આખું
તેના વિના જીવન દિવ્ય વૃથા ગુમાવ્યું.
આ હાર્દ સૃષ્ટિ તણી ઉત્તમતા ભરેલું
ખીલ્યું વસંતરૂપ આત્મનુ તત્વ ખુલ્લુ ! ૨૫

(ઈન્દ્રવિજય.)

આ યુવરાજ વસંત તણો અભિષેક થતો ગિરિશૃંગ વિલોકી,
પ્રેમ તણું ઝરણું ઝરતાં હૃદ નિર્મળ પુણ્ય પવિત્ર થયેથી,
પુણ્ય વિનોદ વિલાસ ભર્યું નવયૌવન નૂર ચઢ્યું હૃદ તેથી
દંપતીનું રમતું યુગલું રતિ-કામ સમાન દિઠું વનમાંથી. ૨૬
ચંચળ ચિત્ત તણા ચમકાર ભર્યું દગ નાંખી રહ્યું ગિરિશૃંગે,
રમ્ય વસંત-મહોત્સવની વિધિ જોઈ રહ્યું નયનો ભરિને.
બાળકનું કુમળુ હૃદ આ ઉભરાય બધો રસ તે ઝિલવાને
નૃત્ય કરંત બજાવત તાલ વિનોદ વિહાર મચેલ વસંતે. ૨૭

(વિષમ.)

વાત પરસ્પર વ્હાલ ભરી કરતાં અધરે દઇ ચુંબન ચારૂ
કંઠ કટી કરથી વિટળી લટી કંટક તીક્ષણુ ઘોચ થયાનું
મૃદુ હાસ્ય કરી કરી મોઘ લવી મનમોજ ભરી રમતાં યુગલું
સૃષ્ટિ તણી રચના સમ સુંદર નિર્મળ વાક્ય હસી વદતું. ૨૮
પ્રિય ! આ ખિલતી કુસુમાકરની વનશ્રીય લજાવી રમી રહી તું
તે મુજ જીવનની વનશ્રી પુજવા અભિલાષ થતાં મન હું
આ વનનાં ખિલતાં ફુલડાં વિણુવા મન મોહભર્યો જઉછું,
કંટકિ ઘોર વિકટ પથ એ ક્ષણુવાર અહિં રમજે પ્રિય તું. ૨૯

(શિખરિણી.)

ભુલી ભોળી બાળા પ્રથમ દિન આ રમ્ય રૂતુના
નવી પ્રીતી વાળું હૃદય કુમળું ડંશ ખમવા
પતિની ઇચ્છાને વશ થઇ વને સ્હેજ રમવા
વિલાસીની ચાલી વિવિધ રસના રંગ ભરવા. ૩૦
વને ચાલી જાણે રમત રમતી દેવી વનની;
વનશ્રી જાણે એ ખિલતી નિરખી પુણ્ય રમણી
વધાવી લેતાં એ ઉપવન ઉગી ઓષધિ બધી
નમી લજ્જા–પુષ્પે ઉલટભર શી અંજળી ભરી ! ૩૧
નિચા ઉંચા ઢાળે કુસુમ કુમળા પાદ ચલવી
ચઢી જોતી જોતી વિવિધ રચના રમ્ય વનની,
તણાતી જાણે એ શિતળ મધુરી મંદ લહરે
ન જાણ્યુ આવીને કહી ઉભી રહી એકલી વને. ૩૨

(વસંતતિલકા.)

ઉભી ચકીત વદના બની ચિત્ર રૂપ
શોભા રમા નિરખતાં વનની અનૂપ,
રાજાધિરાજ નૃપનો વિભવે ભરેલ
પ્રાસાદ સ્તબ્ધ બનો નિર્ધન ગ્રામ્ય જેમ. ૩૩
ઊંચાં તરૂવર તણાં ઘનશ્યામ નીલ
પત્રે ભર્યા નવિન મંજરીથી લચેલ
વૃક્ષોની ટોચપર અસ્ત થતા રવિનાં
રાતાં પડયાં કિરણ મંદ ધ્રુજી રહ્યાંતાં, ૩૪
સંધ્યા સમે શિખર પાછળ બિમ્બ જાતાં
પક્ષી વિવિધ રીત મંજુલ ગાન ગાતાં

પ્રાણેશ સૂર્ય લઇ કીર્ણું શલાક હાથે
પૂરે વિવિધ પચરંગ વને વનાન્તે. ૩૫
વૃક્ષે લપાઈ ચઢી વલ્લરી જાત જાત
તે પુષ્પ ભાર લચતી નચવે અનિલ,
આળોટી અંક મહિ તે લલના જનોને
અત્યંત પ્રિય ભરતો વનને સુગંધે. ૩૬
ઠંડાં નિસર્ગ ગિરિનિર્ઝરનાં બનેલાં
નાના વિધિ કમળ–પોયણિથી ભરેલાં
કાસાર રમ્ય જળનાં જળ સ્પર્શિ જેનાં
વાયુ કરે શિતળ કાનન આ ઋતૂનાં. ૩૭
વાયુ પ્રહારથી નમી નમી આમ્રડાળી
ઉત્ફુલ્લ મંજરી જળે કરી નૃત્ય ધોતી,
પક્ષી પરાગભરી પાંખ ઉરાડી ન્હાતાં
ચાખી સુગંધિ ફળ ફોડી સુચંચુ ધોતાં. ૩૮
એવાં સરો સજળ નિર્મળ ગંધવાળાં
બે ચાર ઢાળ વનમાં ફરતાં જણાતાં,
તેના તટે મધુર સારસ કૌન્ચ પક્ષી
ટૌકા કરે ક્રમિત એ વનનાં વિલાસી. ૩૯
ચારે દિશે વિવિધ વૃક્ષ ભરી ઘટાઓ
વલ્લીની સાથ રચી કુંજ વિહાર-સ્થાનો
નાના સુગંધ ભરિ મ્હેકથી ઇન્દ્રિયોનો
સંમોહ સ્હેજ કરતી વન-કંદરાઓ. ૪૦
પાકી ગયાં બકુલ પુષ્પ ગુલાબ પત્ર
તેનાથી રમ્ય પથરાઈ ભૂમિ સમસ્ત.
મ્હેકે મધુર લિમડા ખિલતા વસંતે

ને મોગરા શિતળ ગંધ વહે વનાન્તે. ૪૧
ચંપાની પુંટિ કળિયો નિકળી રસાળી
ઉત્પુલ્લ તુંગ કળિ શોભી કદંબ ડાળી.
હા ! ફાગ રાગ ભરી કેસરવૃક્ષ ખુલ્લી
મૂકે વસંત યુવરાજની રાજ્ય-લક્ષ્મી ! ૪૨
બેઠો વસંત રમવા શરધારી ફાગ
ને સૈન્ય મૂકયુ ફરતું વનમાં વિશાળ,
સંઘોષણા ભ્રમર પંક્તિ સુપુષ્પે પુષ્પે
ગુંજારતી મધુર તેની વને વનાન્તે. ૪૩
આ ચોકમાં રમતિયાળ રૂપાળી બાળા
જોતી ભરી નયન વિસ્મયતા ભરેલા
બેલો ગંભીર વિધિના ગિરિએ રચાતા
કૈં પુણ્યભાવ ભરતાં હૃદને દ્રવંતા. ૪૪
ધાતું કરી શિતળ રમ્ય દિગન્ત શોભા
આનંદમાં નમવી સ્હેજ રહેલ છે ત્યાં,
ગેબી ગભીર ધ્વનિ શાશનનો ભરેલો
ઉઠયો અનંત હૃદિ વિશ્વવિશાળતાનો ! ૪૫
'હે મૂઢ ! પામર મનુષ્ય તું રંગ મારા
જો ઉંચી આંખ કરી મેઘ ચીરી ભરેલા
આકાશમાં રૂધિર તામ્રરસે રસાયા
અદ્‌ભુત રૂપભર આથમતા રવિના ! ૪૬
જો આંખમાં પણ સમાય ન એવી આવી
મારી પ્રચંડ વિભૂતિ વનમાં ખિલેલી
સૌન્દર્ય સાથ પણ ગૂઢ પ્રભાવ વાળી
આનંદ-પ્રાણ પર પોષી રહેલ સૃષ્ટિ. ૪૭

હે ક્ષુદ્ર જંતુ ! જલધી સમ સૃષ્ટિ મારી
જોતાં વિશાળ થથર્યું હૃદ દાબ ઝાલી,
નીચો નમી પુજ અનંત વિશાળતાની
આત્મીય દિવ્ય વિભૂતિ નહિ તેં દિઠેલી. ૪૮
આશ્ચર્યના અગર પુણ્ય રસાયણે તું
વિજ્ઞાન ચક્ષુ કર અંજનથી ઉઘાડું.
જ્યોતિ પ્રદિપ્ત અથવા ખમો ના શકાયે
શર્મે તું ઢાંક મુખ હાથથી ક્ષુદ્રતાએ.' ૪૯
આ પુણ્ય દિવ્ય સુરના પડઘા પડેથી
પ્રેમાળ તે હૃદય સુંદરીનું દ્રવેથી
પ્રેમાશ્રુધાર છુટતાં નમો કંઠ રૂંધ્યા
શબ્દો વદી વિરળ શા પ્રતિભા ભરેલા ! ૫૦
હા ! નાથ ! દિવ્ય રમણીય વિભૂતિ આવી !
હું એકલીજ પુજવા અહિં ચાલી આવી !
એના વિચાર વમળે પડી શુન્ય જેવી
દૃષ્ટિ દિગંત મહિ નાખી રહી અનેરી. ૫૧

(મંદાક્રાન્તા)

આવેશેથી હૃદય શતધા તૂટતું વૃત્તિઓના
પૃથ્વી પેઠે તદપિ અબળા શાન્ત થૈને ઉભી હા !
સૃષ્ટીલીલા સુરભિ લહરે વ્હાલથી માતૃભાવે
ખોળે લૈને હૃદય ભરતાં ચુંબતી પુત્રી જાણે. ૫૨
કાન્તી એની મધુર ખીલતી પદ્મના પત્ર જેવી
આંતર્ વૃત્તિ વિવિધ રસનાં નૃત્ય જે આદરી રહે
દર્શાવે તે વિરળ તરતી ગંધ છાયા વનાન્તે
ઊડી ખીલી વન ગહનમાં પુષ્પલીલા વસંતે. ૫૩

(વસંતતિલક)

જોતાંજ આકૃતિ મનોભવ-ચારૂતાની
ઊભી નિમગ્ન હૃદના રસમાં ધ્રુજંતી,
સ્થાપી સપત્ની યુવરાજ વસંતશ્રીની
સેના સમસ્ત વનનીય વધાવતી'તી, ૫૪
ત્યાં દૃષ્ટિ તેની ઠરી સુંદર પદ્મ પુષ્પે
ઝોકાઇ સ્હેજ મધુરી લહરે ફુલેલે
આછાં જળે ભ્રમરપંક્તિ રવે ભરેલે
વેદાધ્યયી સુમુનિઆશ્રમ હોય જાણે. ૫૫

(માલિની.)

સરળ હૃદય એનું સ્વામિભક્તિ ભરેલું
લચિત મધુર ગ્રીવા સ્વામિની પૂજવાનું
સુરભિ કમળપત્રે પ્રેમ આવેશવાળું
કરી સુચન રસાળુ પ્રેરતું વૃત્તિ ચારૂ. ૫૬

(વસંસ્થ.)

વિલાસિની મંદગતિથી ચાલતી
પદે પદે શ્રીમનગર્વ દાખતી,
ઉભી ભરી સ્મિત સરોવરે જઈ
નમી રહી ત્યાં વનશ્રી પગે પડી. ૫૭
પ્રસન્ન ચિત્તે પ્રમદા વિલોકતાં
સરે ભર્યાં નિર્મળ શીત વારિમાં
ખિલી રહી કૈંક ખરી પડી વળી
મહાન આ સૃષ્ટિની પદ્મ પાંખડી. ૫૮
વિચારતાં ખિન્ન જરાક તે થઇ
ખિલી ખરે સુંદર સૃષ્ટિ એકલી,

મહાન્ધ આ વિશ્વ ન જાણતું કંઇ,
ગુણગ્રહી કૈંકજ ભૃંગ રે’ ભમી. ૫૯

અહો ! હજુ માનવ અંધતા શી આ
હૃદે ભજે કેમ ન એ વિશાળતા ?
ન હોય આ રમ્ય વને વને લીલા
વિકાસતી દિવ્ય પ્રભાવની કળા ! ૬૦

ન હું તને પદ્મ! ખરી જવા દઉં;
વિલાસિના કંઠની માંહીં માળ તું
બની રહી શોભીશ ચારૂતા ભર્યું
ગ્રહે ભર્યું મંડળ જેમ ચંદ્રનું. ૬૧

વદી મુખે સ્હેજ વિચાર સાથ એ
નમી નવોઢા સમૃણાલ પદ્મને
ગૃહી કરે ખેંચી ઉપાડવા જતાં
ફરી વળ્યા કૈંક રસજ્ઞ ભૃંગ ત્યાં. ૬૨

વળી, થતાં સ્પર્શ મૃણાલદંડનો
પ્રદિપ્ત વહ્નિ પ્રકટ્યો વિકારનો.
હરે હરિ ! નાથ! કરી ઉચ્ચારતાં
વળી પડી પંકજ સ્તબ્ધ હસ્તમાં ! ૬૩

વસંતના બંદિજનો જગાડતાં
ઝીણો કરી ગુંજન શબ્દ કર્ણમાં,
રૂવે રૂવે તે રમણીય અંગમાં
થયો ખડો કામ પ્રકામ રંગમાં. ૬૪

ફરી વળી સર્વ સ્થળે સ્થળે તહીં
વસંતઆજ્ઞા વીર સૈન્યની મહીં,

ઉઠો કરો સજ્જ ધનુષ્ય બાણ સૌ
પડયું જુવો યૌવન-બાણ ચોધનું. ૬૫
ઘવાલયે અંગ શિથીલ થર્થરી
વિચેતના આશ્રય સ્થાન ખોળતી,
વસંતની સુંદર સૃષ્ટિ-દષ્ટિ તે
ફરી ગઇ વિહ્વલ બાળ ચિત્તમેં ! ૬૬
વિલાસ સૌન્દર્યની રેખ રેખનો
બની રહ્યો માર્મિક વેંધ ચિત્તનો !
દિશા ભરી એજ વિનોદ ત્રાસથી
કરે અતી વિહ્વલ બાળ એકલી. ૬૭

બળી જળી અંગ અનંગ અગ્નિથી
અસહ્ય તે દુ:ખની ચીસ પાડતી,
પતિ તણે અંક પિડીત સુંદરી
સમી ધસી આમ્રની કુંજની મહીં ! ૬૮

અતીવ આ કોમળ અંગ અંગના
વળી મતી બાળ ન જાણતી કળા;
વસંતનું મસ્ત મચેલ નૃત્ય આ
સમર્થ કો કામવિના બચાવવા ? ૬૯

અનંગ રાજેશ્વર મંદિરે જતાં
વદી ખમા ! કોકિલ મંજુ શબ્દમાં,
ભરી નવી મંજરી આમ્રકુંજમાં
ઢળી પડી મૂર્છિત ત્યાંજ દ્વારમાં ! ૭૦

વસુંધરાનો પણ મ્હેક આજનો
સહેજ સંમોહ કરે વિકારનો.

ન શું હશે આ રૂતુરાજ રાજ્યમાં
વિયોગીનું દર્દ વધારતું ન જ્યાં ? ૭૧
રમી નવી મંજરિ સાથ નાચતાં
પ્રવીણ શૃંગાર રસજ્ઞ રીતિમાં
થયો મરૂત્ કુંજની ગુંજ વીંધતો
વિરોધિ હા ! સંગીત સૂર ઘુંટતો ! ૭૨
સુગંધી ને શીતળ વાયુ સ્પર્શથી
તપી ઉઠી જ્વાળ અનંગ અગ્નિની,
સહી નહિં તે શકી ગૂઢ વેદના
અનાથની પેઠ રડી રહી રમા ! ૭૩
પતિ તમે ઘેરથી આવતાં અહીં
કહ્યું મને શીતળ વાયુ સ્પર્શથી
વસંત ઉત્સાહ ભર્યો વધારશે
પ્રવાહ આનંદ વહી રહ્યો હૃદે ! ૭૪

(વૈતાલિય)

અથવા નહિ દોષ નાથનો,
નહિ તો સાથ અહીં કુરંગનો
કુદતાં રસહેલી લુંટતો
રમતો કેમ ફરે વિલાસનો ! ૭૫
ત્યજી આમ્રની કુંજ ચાલી જ્યાં
રમતાં'તાં પશુપક્ષિ રંગમાં,
વળતાં પણ તે જળાશયે
અટકી સુંદરી જોઇ તેમને. ૭૬
અરરે ! શું વિચિત્ર સૃષ્ટિ આ
વરષે આ કયમ ચંદ્ર વહ્નિદાહ !

અથવા મમ દૃષ્ટિ દોષમાં
પ્રભુએ ફેરવી સર્વ યોજના ! ૭૭
પ્રથમે હુંય પદ્મ ચૂંટવા
ગઇ'તી ત્યાં રમતી વિહારમાં,
પણ આ ગણુ પદ્મ પુંજમાં
રમતો હર્ષ ભર્યો જણાય હા ! ૭૮
મધુ માલતિ માધવી શિરે
રમતી મંજરિ અગ્નિ પર્કટે,
તદપિ તહિ ભૃંગમાળ શી
મૃદુ ગુંજાર રવી ભમી રહી ! ૭૯
મન આમ વિરોધ ભાસમાં
વલખે પંખીશું વ્યાધ જાળમાં
વિધિના દૃઢ પક્ષપાતમાં
ટવળે એકલી સર્વ રમ્ય જ્યાં ! ૮૦

(વંશસ્થ)

અસહ્ય આ દુઃખની વેદના સહી
રમા રહી છેક વિચેતના બની,
ન જાણતી કૈંક વિશેષ વેગથી
શરીરનાં અંગ પ્રવૃત્તિ પ્રેરતી. ૮૧
ફરી વળી વૃક્ષની કુંજ કુંજમાં
લપેટતી વલ્લરિ કૈંક અંગમાં,
થયો નહિ ત્હોય પ્રશાન્ત અગ્નિ એ,
દુખીજનો દુઃખની ઔષધિ કરે ! ૮૨
ફરી ફરી થાકી શિથીલ થૈ ઉભી
વ્યથા ભર્યું અંતર અશ્રુ સારતી,

વસંતની આ વિપરીત ભાવના
હજૂ ન જાણી શકી બાળ અંગના ! ૮૩
જતાં દિઠાં સારસ ક્રૌંચ જોડલાં
રતિ તણા રમ્ય વિલાસનાં ભર્યાં,
પુછે થઇ ગદ્ગદ કંઠ ગાભરી,
વસંત શે ના સુખ દે મ્હને જરી ? ૮૪
મનુષ્યને શું શિખ આપીએ અમે
વિલોકી આ સૃષ્ટિ વિચારી લ્યો તમે;
કંઇક એ ભાવની ચેષ્ટના કરી
મુકી જતાં એકલી બાળ સુંદરી ! ૮૫
અરે ન કૈં દુઃખની દાઝ આમને
ઉભાં રહી તર્ત ગયાંજ ચાલી તે !
પલાળશે શું હૃદયસ્થ વેદના
ન હોય જેને હૃદયુંજ મૂળમાં ? ૮૬
વસંત આનંદ મદે પ્રમત્ત થૈ
કરી રહ્યો નૃત્ય પ્રિયાની સાથ રૈ'
મૃગેન્દ્રને રમ્ય વનાન્તથી અહીં
જળે ભર્યાં નેત્રથી જોઈ તે રહી. ૮૭
મનોરમા ખિન્નમના નિહાળતો
ઉભો રહ્યો તે મૃગસંગ વેગળો,
સ્વભાવથી કોમળ ચિત્ત એમનાં
થયાં અતિ ખિન્ન વિષાદ છાયમાં ! ૮૮
અતીવ આ ક્રૂર વસંત સૃષ્ટિમાં
પરોપકારી પશુસંગ દેખતાં,
દુખી હૃદે કોણુ ન પીગળી ગળે

નિરાશ્રીના આશ્રય ભારની તળે ? ૮૯
વિશાળ આ ચિત્ર વિચિત્ર સૃષ્ટિનો
પવિત્ર આ રંગ સુમિત્ર ભાવનો
કરી રહ્યો મૂર્છિત પ્રેમ પાશમાં
દુખી હૃદે પીડિત પ્રેમદાનું ત્યાં. ૯૦
અનેક ભાવોર્મિંથી ઓગળી ગળ્યું
હૃદે રહ્યું અશ્રુની જાળમાં ઠર્યું.
લગાર લંબાવી કુમાર હસ્તને,
તુટયા તુટયા શબ્દથી બોલતી હવે. ૯૧
થશો નહિં બાપ ! દુખી તમે જરા,
સુજાતને સ્હેજ પરાર્થ વેદના.
વસંતનો લ્હાવ સુખે લઈ રમો,
રડી રહે દૈવ વિરૂદ્ધ જેમને ! ૯૨
પશુ તમે કોમળ જાત આટલી
પીડા કરે ધન્ય શી પીડ પારકી !
મનુષ્યનો સંગ ત્યજી સુખે ફરો,
અહો ! તમે દિવ્ય પ્રભાવ પ્રાણીઓ. ૯૩
શુણી વળ્યો શું મૃગસંગ વેગળો ?
જતાં વળી પાછુ ફરી ઉભો રહ્યો !
કુદી રહી અંતર ઉચ્ચ ભાવના
નચાડતો દુઃખિત અંગનાની આ ! ૯૪
દિઠો ઉભો એક ટસે નિહાળતો
મૃગાંગના સાથ મૃગેન્દ્ર વેગળો,
હૃદે હૃદેનાં દુઃખભાગી ભેટવા
કરી રહ્યું ઉત્તમ ભાવ પ્રેરણા. ૯૫

સ્વભાવથી ચુંબક લોહને ગ્રહે
ગ્રહ્યું હૃદે તેમજ આનુ એ મૃગે !
પવિત્ર આકર્ષણ પુણ્ય ભાવનું
બળે ઉભું જોડલું તાણ્યું ત્યાં ગયું. ૯૬
ધસી જરા કોમળ હસ્ત પાથરી
સમ્હાલ આલિંગન અર્થ સુંદરી,
ખશી ગયો તર્ત ચકીત સંગ થૈ;
ન જાણવા ધિક્ મન શક્તિ કોઇની ! ૯૭
વસંત હા નિર્દય ! ના ખમ્યો જરી
સુખી દુઃખી-સજ્જન-દુઃખ વેંચણી,
રડી ઉઠી આમ રમા નિહાળતી
હરીણનો સાથ જતો રહ્યો ખશી ! ૯૮
વિચારમાં મગ્ન ઘડીક તે ઉભી,
નહીં કશી વસ્તુ સુખાળી આજની !
પુરી રહી પાંપણ અશ્રુ સિંચતી
પિનસ્તને યૌવન કીર્તિ કામની ! ૯૯
ગુલાબના પત્ર સમા કપોલમાં
ચઢી ગઇ તર્ત રતાશ ક્રોધમાં,
ખમી શકે મન્મથ દુઃખવેદના
કહીં સુધી બાળક જાત અંગના ? ૧૦૦
જઇ ઉભી ત્યાંથી બકૂલ વૃક્ષની
ઘટા તળે, ને પડી દૃષ્ટિ ક્રોધની
ગ્રહી રહીતી હજુ સ્તબ્ધ અંગુલી
સરોજને તે પર સ્હેજ ચોંકતી. ૧૦૧
જરાક આવેશ ભરેલ શબ્દમાં

વદી ' અરે ! તેં જ અનંગ અગ્નિમાં
તપાવતાં તાર્વો મૃણાલ ! સ્પર્શથી,
ચિરીશ હું તેથી તને છણી છણી.' ૧૦૨
જરા જરા કોમળ હસ્ત ચાળવી
ચીરી રહી પંકજ દંડ જાળવી,
દિનાન્તનો રમ્ય મરૂદ્ રમાશિરે
બકૂલના પુષ્પની વૃષ્ટિ ગેરવે. ૧૦૩
બકૂલના પુષ્યની વૃષ્ટિ સાથનો
વસંતનો ડંશ વધ્યો વિકારનો,
ગ્રહ્યું રહ્યું પદ્મ બિચારી ગાભરી
ગઇ ધ્રુજી દોડતી કેતકી જહી ! ૧૦૪
વળે તહીંયે પણ શાન્તિ શા થકી ?
અધિક અંગારથી જ્વાલ બાળતી !
ફરી અતિ વિહ્વલ પાછી તો હિઠી
ડુંકે ડુંકે ચંપકની કળી પુટી ! ૧૦૫
પુનઃ પુનઃ શસ્ત્ર પ્રહાર વેઠવે
થયું અતિ જર્જર હાર્દ જેનું છે,
વસંત મ્હાવીરનું તીક્ષ્ણ બાણ એ
કુલાંગના જોઇ જ કેમ તે શકે ? ૧૦૬
મિચી કીધાં નેત્ર ન વેઠી તે શકી,
હઠી જરી પાછી મુખાબ્જ ફેરવી,
દિશા ત્યજી અન્ય દિશા ભણી વળી
વસંત ઉભો જુઈ–જાળ પાથરી. ૧૦૭
દુખી જનો દુઃખથી નાસવા જતાં
ફસાય છે અન્ય અધિક દુઃખમાં,

પડી ફૂસી સુંદરી તેમ બાપડી
ચમેલી ને જૂઇની જાળની મહીં. ૧૦૮
દુખે દિશા સર્વ ભરી રહી જહીં
કર્યે નભે કેમ જ ક્રોધ ત્યાં જરી?
ગળી ગયો ક્રોધ, શિથીલ થૈ ઉભી,
વહી રહ્યા અશ્રુની ધારમાં પછી! ૧૦૯
ઉભી ઉભી જોઈ રહી વસંતની
અપૂર્વ સંધ્યા હૃદ મર્મ ભેદતી,
નભે ઉગ્યા તારક કોક કૈં વળી
દિશા રહી નિર્મળ શ્યામતા ભરી! ૧૧૦
પડી ગયો મંદ પ્રવાહ વાયુનો
વિયોગીનાં અંતર ત્હોય બાળતો!
વનસ્પતિ રમ્ય વનાન્તની રહી
નિશાગમે સ્પષ્ટ હતી અસ્પષ્ટ થૈ. ૧૧૧
ખિલી રહી સૃષ્ટિ વિચિત્ર રૂપમાં
નિશાભર્યા વ્યોમની સ્પષ્ટ સંધિમાં;
પીતાં પીતાં શ્યામળતા વનશ્રી
પ્રભા અલૌકિક બતાવતી રહી! ૧૧૨
વસંતની રમ્ય દિનાન્ત સંધિના
કરી રહ્યા પ્રૌઢ પ્રભાવ સર્વ આ
ભયાર્ત તે એકલી બાળ અંગના
રહી ઉભી થર્થરી જોત વ્યોમમાં! ૧૧૩
નભે ઉગ્યો ધૂસર જાળ વર્ષતો
નિશાપતિ કીર્ણ બધે પ્રસારતો,
વસંતની સૃષ્ટિ વિશેષ જોરમાં

કળાધરી ખેલ કરી ખિલાવતો ! ૧૧૪
ન જાણુતી ગુપ્ત રચેલ સૃષ્ટિ જ્યાં
ન ધારતી એકજ ધર્મ વસ્તુ ત્યાં,
શશાંક જે શીતળ વહ્નિ શો બને
મને મને રંગ વિવિધ તે ધરે ! ૧૧૫
થતાંજ એ ચંદ્રની જ્યોત્સ્નિકા તણો
શરીરને સ્પર્શ વસંત નાચતો,
ખિલી કળા પૂર્ણ વને નિહાળતાં
કરી ઉઠી દીર્ઘ વિલાપ દુઃખમાં. ૧૧૬

(હરિણી.)

શિતળ શશિનાં કિર્ણો જ્યારે પતિ તવ અંકમાં
રમત કરતાં લેતી ઝીલી વિણી વિર્ણો વ્હાલમાં,
દુખદ કયમ એ? આજે કે શું શશી પલટે ગયો !
વિફુરિ મુજથી વર્ષે વહ્નિ રૂધીર ઉકાળતો ! ૧૧૭
રમણી વનની લીલા ખીલી મધુ મધુમાસની
સુખદ સઘળાં પ્રાણીઓને સહેજ બની રહી,
અરર ! પ્રભુ શે પાપે મ્હારા મને દુખ આપતી
બહિર સઘળી સૃષ્ટિ શું વા ખરી નહીં એકલી ? ૧૧૮
બહિર મનની સૃષ્ટિ ન્હે વા, નહીં પરવા હવે,
હૃદય જખમે મૃત્યુપ્રાયઃ ટકી કયમ તે શકે ?
ફરતી વનની સેનાએ આ શરીર તમારૂં જે
પ્રિતમ ! વનમાં ઘેરી લીધું બચાવ કરો તમે. ૧૧૯
પ્રિતમ ! પ્રિય હો ! સ્વામી ! વ્હાલા ! બચાવ કરો હવે,
ટવળી ટવળી છૂટે મોંઢે વિલાપ કરી રડે;
નયનપટથી અશ્રુધારા અખંડ વહી રહી

યુવતિ દુખની પીડાથી એ અચેત થઈ પડી. ૧૨૦
નજીક વનમાં સ્વામી એનો પ્રિયા પરિતોષવા
કુસુમ વિણુતાં વિંધાએલો શરે શરપંચના
વિરહ બળતો ખોવાએલી પ્રિયા અહિં ખોળતાં
રૂદન કરતો આવી પ્હોંચ્યો વનાન્તની સીમમાં. ૧૨૧
કૃપણુ ધનની આશે આશે જીવી જગમાં ફરે
સ્વપન ધનનું થાતાં દોડે અચેત વને વને,
ત્યમ નિકળતા છેલ્લા શબ્દો પ્રિયા મુખના શુણી
પ્રિતમ અધિરો દોડી આવ્યો રમા રહી જ્યાં પડી. ૧૨૨
અધિક અધિરો થાતાં ભેટયો ચુમી ચુમી અંગના
નયન વરષી અશ્રૂધારા ચુમી લીધી વેદના,
હૃદય ધડકયું છાતી સાથે દબાવિ રહ્યો પતિ
મધુર મુખડું ગોરૂ એનું નિહાળિ રહ્યો પછી. ૧૨૩
ફરતી વનમાં ખીલેલી શી વનસ્પતિ વેદના
દુખિ હૃદયના આઘાતેથી રડાવી રહીજ આ !
વિવિધ રસમાં ગાતાં પંખી પ્રશાન્ત પડી ગયાં
શિતળ પ્રસરી રાત્રિની આ રડી રહી શાન્તતા ! ૧૨૪
પ્રણયી જનની દુઃખાગ્નિની વરૌષધિ પ્રેમની
વિરહી જનનાં અંતર્ ટાઢાં થતાં પ્રિય યોગથી;
હૃદય ઝરતી પ્રેમી ધારા ફરીવળી અંગમાં
નયન ઉઘડયાં મીચાએલાં સ્વભાવથી સ્હેજ ત્યાં. ૧૨૫
તદપિ લઈને ખોળે બેશી રહ્યોજ પતિ પ્રિયા
વિરલ નયને અશ્રૂ વર્ષી રહ્યાં જ હતાં જરા !
પ્રણયી જનનો બંધાએલો પડી મહિ પ્રાણુ જ્યાં
પ્રિય ! શું કરશે બીજું એવો દુખી જન દુઃખમાં ? ૧૨૬

(વંશસ્થ.)

નિહાળતાં પંકજ પાંખડી સમું
કુમાર તે ગાત્ર પ્રિયાનું પ્રેમનું
દુખે ભરે આવતુ નેત્ર અશ્રુથી
હૃદે કરે ગદ્‌ગદ કંઠ ઘુંચવી. ૧૨૭
રખે થશે સ્પર્શ કઠોર હસ્તનો
લગાડતો ના કર તેથી ચર્મનો,
રહ્યોજ પંપાળી નીચો નીચો વળી
મુખાબ્જ તે પ્રેમની ભીની દૃષ્ટિથી ! ૧૨૮
અતીવ કલ્પાન્તથી આમ તલ્સતો
પતિ સખી દૈવની સ્હાય ખોળતો,
નભે, નગે, રમ્ય વનાન્ત દેશમાં,
દયામણી દૃષ્ટિ જળાર્દ્ર નાખતો ! ૧૨૯
કહે પ્રિયે ! પુણ્ય ચરિત્ર ચારૂ આ
પવિત્ર આ દંપતીનું ન કો'નું હા
પિગાળતું હાર્દ કઠીન પ્હાડનું
કરાળ તે કાળનું ! દૈવનું ગજું ? ૧૩૦
સચેત થૈ નેત્ર ઉઘાડિ પ્રેમળા
સશંક તે નાથ નિહાળી રૈ' જરા,
વદી ઉઠી પ્રાણ પ્રભો ! તમે અહિં ?
ખમા ! પ્રિયા એમ વદી ઉઠયો પતિ. ૧૩૧
થઈ ઉભી થરથર અંગ ધ્રુજતી
ઉઠાડતાં જીવિત-આશને પતિ,
પતિ તણે કંઠ વિંટાઇ વેલડી
ઢળી રહી વક્ષપરેજ ઘેનમ્હે. ૧૩૨

અમી ઝરી દૃષ્ટિ પ્રિયા તું ફેરવી
બળી રહ્યું ગાત્ર બચાવી લે જરી,
મીઠા મીઠા પિયૂષ વર્ષતા વળી
શુણાવ તું શબ્દ જરાક કંઠથી. ૧૩૩
લુખી પડી રમ્ય વસંત લક્ષ્મી આ
ખિલાવ તે દૃષ્ટિ-પ્રપાતથી જરા,
ઠરી રહી શીતળતાથી નેત્રની
પમાડ તું અમ્રિ પ્રશાન્ત ચંદ્રની. ૧૩૪
જગાડતો શબ્દ લલીત આ શુણી
પતિ તણો, રમ્ય ચકોરિ સુંદરી
કરી રહી પાન સુધાર્ત નેત્રથી
પ્રસન્ન સ્વામી મુખચંદ્રનું પછી. ૧૩૫
નચાવતાં નેત્ર ત્રિલોકમાં ફરી
અમી ભરી શીતળ દૃષ્ટિ પ્રેમની,
તથાપિ તે પાછી વળી વળી ઠરી
પ્રસન્ન થૈ પ્રીતમ દૃષ્ટિની મહીં. ૧૩૬
કિશોરી એ કોમળ હસ્ત વીંટળી
મૃદુ મૃદુ હાસ્ય કરી ઢળી રહી
પતિ કરે પંજર જાળની મહીં
વિણા સમી મંજુલ શબ્દ ગુંજતી. ૧૩૭

(વસંતતિલક.)

હા ! નાથ એક ક્ષણમાં વિધિએ કર્યા શા
રંગો વસંત રમણીય વનસ્પતિના !
જોતાં જ રમ્ય વનશ્રી ખિલી ચંદ્રિકામાં
ને સ્વામિનું શરીર વીંટળીને ઉભી ત્યાં, ૧૩૮

કેં કેં મનોજ્ઞ ઉછળી રહિ ઉર્મી આ શી
આનંદઓઘ પુરતી ભરી સૃષ્ટિ આખી !
બ્રહ્માંડમાંય નહિ માય હૃદે ન માય !
આ શો અવર્ણ્ય જીવનેશ ! વિલાસ હોય ? ૧૩૯

હેતે કરી અધર ચુંબન પ્રેમ ઘેલો
બોલ્યો જરાક હસી સ્વામિ મનોરમાનો
દેવી ! પ્રભાવ જગજીવન પ્રેમ જાગ્યો
સંયોગીનો પ્રકૃતિ-ચેતન-ભેદ ભાગ્યો. ૧૪૦

તેથી પ્રિયે પુજન આજ કરૂં તમારૂં
સૌન્દર્ય બિંબ ! પ્રિય સૃષ્ટિ રચાવનારૂં.
આ પ્રેમમાળ વિણી પુષ્પ પવિત્ર ગુંથી
પ્હેરાવું કંઠ મહિ જીવનતંત્ર દોરી. ૧૪૧

પ્હેરાવતાં પ્રિતમનું હૃદયું ભરાયું
કંપી રહ્યું શરીર નેત્રથી આંસુ આવ્યું !
મૂર્તિ અલૌકિક બની પ્રિયની રૂપાળી
જોતાંજ સ્તબ્ધ કરી દૃષ્ટિ રહ્યા જ ઢાળી ! ૧૪૨

અન્યોન્ય પ્રેમ મધુપાન કરી રહ્યાં તે;
બોલી ઉઠયો પ્રિતમ હોય અચેત જાણે,
ના પ્રાણ ! તું ખશીશ ત્યાંથી જરાય હાવે,
કાલાન્તમાંય પ્રિય ! દૃષ્ટિનું પાન તું દે. ૧૪૩

આ સૃષ્ટિના વિભવ સર્વ ભલે તું લૈ લે,
કે આ વસંત વર લક્ષ્મી છુપાવિ સૌ દે,
કે મ્હાય તો સકળ સૃષ્ટિ ઉપાડિ તું લે,
ત્હોયે પ્રિયે ! મધુર આનન દર્શને દે. ૧૪૪

(અનુષ્ટુપ્)

નમુ હું પ્રેમળા ! પ્રેમી પ્રેમની દૃષ્ટિ માગતો;
આપણી ભીની આ દૃષ્ટિ દેવી ! કાલાન્ત વ્હોંચજો. ૧૪૫
અવર્ણ્યાનંદ આવેશે નાથનો પ્રેમ પૂજતી
પદ્મની માળ ગુંથેલી કંઠમાં નાખી તે રહી. ૧૪૬

પ્રેમસૂત્ર.

[ગૃહસ્થના ધાર્મિક જીવનમાં ગંભીર રેલાતું પ્રેમદર્શન આ કાવ્યનો પ્રાણ છે.]

શુદ્ધ પ્રિયા ! તુજ ક્ષેત્ર મહીં મેં બીજ રોપ્યું કર્પાસતણું,
રસ કસથી રગદોળી પોષી વૃક્ષ ઉછેર્યું તેં એનું.
કપાસને ચીની ખાંતે મેં સ્વચ્છ શુક્લ રૂ કાઢ્યુ જે
ત્રાકરેંટ તારામાં પ્રેમી ! પ્રેમે કાંત્યું તેને તેં.
ત્રાગ રાગ કાચો કાઢ્યો જે તેને આમળ આપ્યો મેં,
પાકું સૂત્ર વણ્યું બન્નેએ, સૃષ્ટિનું બંધારણ જે.
વિધ વિધ રસના રમ્ય વિલાસે વિચર્યો હું આ બાગ મહીં,
દિવ્ય સુગંધી મનહર પુષ્પો વીણ્યાં હર્ષે તે મહીંથી;
પોશ ભરી આનંદે લાવ્યો પ્રિય ! તુજ પાસે પ્રેમ કરી,
ઉછળતા હૃદયે તેં લીધાં, ગુથ્યાં વિધ વિધ યુક્તિ કરી,
એજ સૂત્રના તાર મહીં તેં સંકેલ્યાં બહુ હર્ષ ભરી
નાજુક કર કોમળ આંગળીએ ફૂલ ચાળવીને પ્રેમી !
માળ બનાવી તેં ચતુરા ! એ નિત્ય પ્રફુલ્લ પ્રમોદ ભરી,
સૃષ્ટિ તણા રસ રાગ ભરી નવનીત સુગંધ વિલાસ ભરી !

એક માળ આરોપી પ્રેમે આપણુ બન્ને કંઠ મહીં
રહ્યાં માત્ર એ માળ તણાં બંધાયાં જીવન એક ખરી.
ધર્મસૂત્રથી બંધાયો હું સર્વ સૃષ્ટિને બંધનથી,
વિણુ બંધન બંધાયો તુજને પ્રેમસૂત્રની માળ થકી !
સ્થૂળ સૃષ્ટિ આ જાય ખરી, પણુ સત્ય સૃષ્ટિ તો માળ મહીં;
માળ એજ સૃષ્ટિ છે રામા ! માટે અર્પું પ્રેમ કરી.

વિલાસતરંગ.

[મદનની સ્હેજ મસ્તી પછી જાગેલો પ્રેમ ધર્મના પંથે આચરતાં દંપતીને અનેક વિલાસોમાં થઇને પરમાત્માના ચરણુમાંજ લુબ્ધ કરે છે. આવા પવિત્ર દાંપત્ય ભાવભર્યા આ કાવ્યમાં આનંદનો વિલાસ તેનું જીવન બને છે.]

(શાર્દૂલ.)

જેને પુણ્ય પ્રભાવ સૃષ્ટિ ચલવે બ્રહ્માદિ દેવો બધા,
યોદ્ધાનાં હૃદ પીગળેલ સ્પરશે માત્રેજ જે પ્રેમના,
જેનો દૂત બને રસેન્દ્ર મથવા આત્માનું જે સત્વ આ
હા ! તે પ્રેમ ભરેલ આ હૃદયની ધારા વહો દેવતા.

(માલિની.)

કમળ સમ સુંવાળી કોમળાંગી સુતેલી
શયન ગૃહ મહીં તે એકલી સેજ માંહી
નયન ભરી નિહાળી પ્રેમની ઉર્મિંઓથી
હૃદય રસ ઝરંતો ઝીલવા વૃત્તિ દોડી. ૧

(મંદાક્રાન્તા)

પાસે જાતાં હૃદય ધડકે, પ્રેમની પૂતળીને
જાણે પ્રેમે ચુમન કરતાં વજ્ર દંતાવળીએ
ગોરા એના પ્રફુલ પુલથી ગુંફીતા ગાલને કે
થાશે પીડા અમૃત રસના પૂટ બિંબાધરોને ! ૨
બ્હીતાં બ્હીતાં શશિવદનમાં નાચતાં નેત્ર મૂકી
પોચે પોચે કમળ કુમળી અંગુલીએ ઉપાડી
ખોળે લીધું પ્રથમ સતિનું શ્વેદ બિન્દુ ભરેલું
છૂટા કેશે શિર ફણિસમું પુષ્પના પુંજ જેવું. ૩

(માલિની.)

પરિચિત કરસ્પર્શે સ્વપ્નમાં રાસ માંડયો,
મદન પ્રણય ઉર્મી ઉભરાએ ઉછાળ્યો;
બદન પુલક લૂલાં કામદેવે ફુલાવી
હૃદય પ્રફુલ થાતાં સ્મિતજ્યોત્સ્ના જગાડી. ૪

(મંદાક્રાન્તા.)

પ્રત્યાઘાતે મદનશર જે ભ્રૂલતાએથી છૂટયું
વાગ્યું ઉંડું દહન કરતું અંગ વ્યાકૂળ મારૂં,
તેથી ગાત્રો શિથિલ સઘળાં, કાબુ કામે ચલાવ્યો,
પાણી ઝેબે ભિજવી તનને ઓષ્ટને તર્ત પ્રેર્યો. ૫
જાણ્યું ના મેં કુસુમ કુમળું તર્ત કર્પાઈ જાશે,
જાણ્યું ના જે કઠિન છદની વેદના શું ખમાશે !
ને જાણ્યુ ના પ્રણય રસના ભોગમાં ભંગ થાશે
સ્વપ્ને રામા રમતિ રસમાં ગાભરી ઘુંચવાશે ! ૬
ઝીણા એનો જળકણ ભર્યા અંબરે અર્ધ ઢાંકૂયાં
ઉચાં નીચાં અવયવ બધાં માંસનાથી ભરેલાં

શોભી ખુલ્લાં શરદ ૠતુની ચંદ્રજ્યોત્સ્નાની જાળે
લોભાવીને વિકૃત મનને મોહને પાશ નાખે. ૭
શ્યામારૂપે વિરલ વપુમાં ભુષણો જે સજેલાં
શોભાવ્યાં તે મનહર બધાં મંજરીનાં કરેલાં,
જેવી રીતે નિરમળ નિશા ચંદ્ર તારા ગણોને
ગુંથી ગુંથી મદનશરની જાળમાં પ્રેમીઓને. ૮
ઉંચા જાડા કઠિન કુલના બે દડા શા સુંવાળા
ચર્ચ્યા પીળા સુરભિ રસથી ચંદનેથી રૂપાળા
બાહૂ મૂળે મૂળ કરી વસ્યાં અદ્રિ બે અંગનાના
વચ્ચે ખ્હોમાં વહતી ઉજળી એક લાવણ્યધારા ! ૯
જોઈ નેત્રે મદન રિપુએ મસ્તિની વાત માંડી,
જોઈ મુક્તાફળ નિસરણી અંતરેથી ધકેલી,
સામગ્રીનો સરસ સમુહ પ્રેમીઓને પીડાવા
દષ્ટે આણ્યો, કુસુમશરને શત્રુ કે મિત્ર કે'વા ? ૧૦
તાલવેલી પ્રકટી તનમાં મસ્તકે પિત્ત ચાલ્યા
ઝાંખુ ઝાંખુ દિસતું સઘળું દૃષ્ટિના પંથ રૂંધ્યા,
અગ્નિજવાળા સળગી વપુમાં શ્વાસ તિવ્ર પ્રકોપ્યા
પ્રેમે કામે થરથર ધ્રુજ્યાં અંગ રોમાંચ ઉઠયા. ૧૧

(માલિની.)

તરત કર પ્રસાર્યો કેતકી, મોગરા, ને
કમળદળ, ગુલાબીપુષ્પના હીમચૂર્ણે
સહજ પ્રણય વારિ સિંચને ફૂલિ ફાલી
લલિત પ્રિય લતાથી વીંટવા વૃક્ષડાળી. ૧૨
કદળિ દળ ભરેલા ધર્મદિક્પાળ જેવા
ગલિત રતિપતિના ગર્વની રમ્ય ધારા,

શ્રમિત શિથિલ જેવા સાથળે પુષ્પપોચા
લલિત પછી પ્રિયાના ચર્ણ સ્પર્શી રમાડયા. ૧૩

(મંદાક્રાન્તા.)

સ્પર્શી સ્પર્શી કુસુમ કુમળાં ગાત્ર રંભોરૂનાં એ
લેવા લાગ્યો સ્પરશ સુખના લ્હાવ છૂપા નિરાંતે,
આકર્ષીને ચપળ ચિતને દૃષ્ટિ તર્ષી રહી શી
નાચી એના લુલિત વપુના રમ્ય રૂવે રૂવે કૈં! ૧૪
આ વ્યાપારે વિવિધ સુખદા દુઃખદા ભાવ ભેળા
ઊભેળ્યા જે હૃદયકુહરે સ્હેજ છૂપા પડેલા.
શાન્તિમાંયે પણ રહિ છુપી અગ્નિની જ્વાળ ઝીણી
જાગી ઉઠી ભભુક કરતી બાળતી વ્યાકુળી શી! ૧૫
છોડયું ધૈર્ય સ્મરશરદમે હસ્ત વીંટાળી એક
દાબી છાતી પુલક મસળી ઊંચકી તર્ત સ્હેજ,
બીજે હાથે શશિવદનને ઊંચકયું વ્હાલમાં મેં
ચુંબી લેવા કમળદળશા રમ્ય ચારૂ કપોલે. ૧૬
ત્યાંએ પાછી મનસિજમને બેવડું ધૈર્ય ધારી
ધૈર્યે કાન્તિ દશગણી ધરી, પુષ્પ શૈયા બિછાવી
કોદંડામા ધનુષ પણછે પંચ બાણો ચઢાવી
દંતો પીસી નિરઘૃણ બની. મૃત્યુની નેમ તાકી. ૧૭
બેઠો ક્રોધે વદન–સદને રોમ રોમે પ્રસારી
સેના એની મરણ શરણે નાખવા દુર્વિચારી!
જોતાં પાસે મરણ હૃદયે પ્રેમની ધાર છુટી
આંખે ઝીણી વિરલ વરષી અશ્રુની પંક્તિ બાઝી. ૧૮
ઝાંખી આંખે જળકણ ભર્યે જોઇ ના કૈં શકયો શી
ખીલાવેલી વદન–કમળે મન્મથે તાણ્ડવશ્રી,

ત્હોયે અંતર્ સદન કરીને કામ વાસો વસેલો
રૂંધ્યો છુટયો છટકી બળથી મન્મથે પ્રેમ તાણ્યો. ૧૯
બન્ને મિત્રે રમણુ ફ્લકે ભેટ લેવા વિચારી
ક્રોધે ધીકી સુમન-કુમળી ખંજરો હાથ લીધી
ખેંચી લેવા મજ ગરિબની વચ્ચમાં ફાંસ આડી
નિર્દોષીને રૂધિર ઝરતાં અંતરે ઉંડી મારી. ૨૦
બન્ને હોઠો રમણુ ફ્લકે સ્હેજ પ્રેમે દબાવ્યા
ચુંબી લેતાં; હૃદયકુહરે બંદીખાને પડેલા
કામે ત્યાંથી ધર્સી નિકળતાં બ્હાર સિત્કાર મૂકયો,
ઉશ્કેરાયો સ્મર વદનમાં આળસીને પડેલો. ૨૧
ચુંબી પ્રેમે પ્રિય રમણી મેં અગ્નિની જ્વાળ ત્હોયે
સળગાવેલી મદનરિપુએ શાન્ત થૈ ના જરીએ;
તેથી નિત્યે અમૃતરસની ધાર બિમ્બાધરોએ
વ્હેતી ત્યાંથી પુટ ભરી પીવા દૃષ્ટિને ફેરવી મેં. ૨૨
ગોરે ચ્હેરે સહજ હસતે સ્હેજ ગુલાબી રંગે
પર્વાળાંની કુમળી સદળી બેવડી કાતળીએ
સંસારીના જીવન સુખની પ્રેમધારા સુધાને
સંતાડીને જગતપતિએ રાખી બિમ્બાધરોએ. ૨૩
ચોરી ત્યાંથી પ્રણય-રસના સ્વાદ આલ્હાદ લેવા
રામારત્ને સુખ અનુભવી કીર્તિ બ્રહ્માની ગાવા;
અંગે વ્યાપ્યો અનળ બહુધા શાન્ત પાડી સુહાવા
ચુંબી પ્રેમે સદલ અધરે હોઠ દાબી ફરી હા ! ૨૪

(માલિની.)

નયન હસત ચુંબી, ચારૂ કંઠેથી ચુંબી,
કમળ વદન જોઇ ચુંબી ઓષ્ઠે ફરીથી,

અમિરસ અધરેથી ચુંબી ચુંબી પીધો મેં
તદપિ ન વળી તૃપ્તિ તલ્પતો જીવ તાપે. ૨૫
અધરતલ સુકાયું વારવારે લુંટ્યેથી
અમૃતરસ અનેક પ્રીત રીતિ કર્યેથી,
અમર રસધરેથી પ્રેમનો કૂપ ખોદી
મદન પિયુષનાથી તોષવા વૃત્તિ કીધી. ૨૬
ધવલ શશિકરોની ધાર વાંકી વળેલી
મદનકર પડેલી વજ્ર દંતાવળીની,
અમી ઝરણુ ઝરાવા વ્હાલ આણી વિશેષે
અધરપુટ પરે રે ! જોરથી દાબી વ્હીતે. ૨૭
દશન છદ થયાની સાથ છુટેલી ધારે
અમિત રસ ઝરાના પાનથી તૃપ્ત થાતે,
મદન ગળી લપાયો કેવળાનંદ પૂરે
રસિક મદનનું છે અલ્પ આયુષ્ય પ્રેમે ! ૨૮

(મંદાક્રાન્તા.)

મૃત્યુ થાતાં કુસુમશરની કીર્તિ પ્રેમે લપાઇ
અંગે અંગે વિરલ પ્રસરી ધાર તે એકઠી થૈ
સ્વપ્ને માંડયા કુસુમશરના રાસમાં ભંગ પાડી
દંતચ્છેદે મધુર રવતી કંઠની બ્હાર રેલી. ૨૯
દુઃખે બ્હીની હૃદય પીગળી ગાભરી ઘુંચવાઇ
ચુંથાએલી કમળકરમાં સ્વામિના એ મૃણાલી
પ્રેમે ધ્રુજી મધુરૂ લવતી આળસી અંગ મર્ડી
જાગી ઉઠી જીવન સુખનું ધામ એ ધર્મપત્ની. ૩૦
જાગી જાણી રમણીવરનો ધર્મ રક્ષન્તી દેવી
શિક્ષા દેવા પરવશ પડી ચુંબી પ્રેમેથી તેની

જોશે ના એ પ્રણુયોજનનો દોષ કે પ્રેમનો છે,
તેથી સૂતો તરત હળવે વ્યાજ નિદ્રા કરીને. ૩૧
જોતાં ઝીણું હૃદય ધડકે દોષવાન્ ચક્ષુનાથી
દીઠી રામા ઝબકી ઉઠતી ક્રોધથી રાતી પીળી,
અંગો ધ્રૂજે, અધર ફફડે, ચક્ષુની પાંપણેથી
મુક્તાધારા ગરગર ગરી ગુંથતી હાર માંહી. ૩૨
રે! હા! સ્વામી! કરી વદી મુખે દીર્ઘ નિશ્વાસ નાંખે
ગાંડી જાણે ભ્રમિત ચિતથી દૈવસંપત્તિ લૂંટયે,
શર્મે પીડી જીવિત સુખની આશ ના લેશ રાખે
અશ્રૂ રૂંધ્યા નયનપટથી આખડી ધૂર્ત શોધે. ૩૩
નિશ્ચે જાણ્યું પલક વિતતાં પ્રાણ ખોશે પ્રિયા એ
શંકા શોકે નિરમળ મને પાતિવૃત્યે કરી જે,
પ્રેમી ધારા હૃદય રસની છૂટી શંકા શિલાએ
ખાળી તેને સરળ કરવા આવીને દૃષ્ટિપંથે. ૩૪
ત્યાં તો આવા સુખદુખ ભર્યા સિન્ધુમાં રમ્ય નૌકા
સન્નારીના સરળ–ચરિતે ઓઘ દીઠા દયાના,
તેના જોરે અમી ઝરણમાં પૂર જાણે ચઢ્યેથી
ખેંચાતી તે અખડી ઉપરે બાથ ભીડી અચિન્તી. ૩૫
થાતાં સ્પર્શ પ્રિય સુહૃદનો તર્ત સંભાળી ઉઠી,
શર્મે મીંચી નયન હજુયે ન્હોતી એણે ઉઘાડી,
બોલી ધીમે મધુરૂ મધુરૂ મોહ–આનંદકારી
લજ્જા પામી નવલ રસિલી 'ધૂર્ત શું આજ કામી'! ૩૬
આનંદે આ મધુર વચનો સાંભળ્યાં તો ખરાં ને
શર્માઇને રમણી ઠપકે ચક્ષુ મીંચ્યાં જરા મેં,
સ્વચ્છંદેથી મુજ શરીરને મંદ સ્પર્શી હસીને

ઢંઢોળીને હૃદય ભરવા પ્રેમી બોલી ફરીને. ૩૭
સૂતીતી હું શરમ ત્યજીને એકલાએ પીધી હા!
દૈવી ધારા અમર રસની તોડી લીધી પ્રતિજ્ઞા,
તેના દોષે મથન કરીને મન્મથે બંધ બાંધ્યા
ત્યાંથી છૂટી રમણુ! પ્રિયને છેતરી કેમ સૂતા? ૩૮
ત્હોયે જાગ્યો નહિ જરિક હું, જોઈ જોઈ હસીને
ઉઠો ઉઠો મુજસમ કરી ગાલને ચુંબતી તે,
એવી રીતે પ્રણુય રૂચતી રમ્ય યુક્તિ કરીને
પ્રેમે કાલાં વચન વદતી થાકી બોલી ઉઠી તે. ૩૯
ઊંધ્યા ઉઠે, નયન મીચીને વ્યાજ નિદ્રાની પાશે
સૂતેલા તે પ્રિય! નહિ તમે જાગશો જાણુ નિશ્ચે,
તેથી હાવે કમળકુમળા હસ્ત આ વલ્લભાના
તેના બંધે કુસુમશરના કેદી થૈને રહો આ! ૪૦
બ્હીની આવા મૃદુલ વચને ચક્ષુને ચોળતો હું
જાગી ઊઠયો કનક ઘરના પંજરે લોટતો હું,
મીઠી દષ્ટે વદન હસતે સ્હેજ જોઇ રહીને
બોલી બાળા રમણુ પ્રતિ એ વ્હાલુ કાલુ હસીને. ૪૧
ક્યાંથી શિખ્યા પ્રિય પતિ! કહો વ્હાલની રીત આવી
ન્હોતી માણી કદપિ પુરવે પ્રેમની મોજ છાની,
કે એ કામે રતિ વચનને માની દ્વેષે ભરેલે
શીખાવી શું દુરિજન તણી રીતિ વૈરી બનીને. ૪૨

(માલિની.)

હૃદય પુનિત તારૂં પ્રેમળા પુણ્યશાળી,
મધુર લલિત ચારૂ વાણિ તારી રસાળી,
સદય સજળ દૃષ્ટિ ક્રોધને ઠારનારી,

વચન વમળમાં શું ક્લિષ્ટતા હોય આવી! ४३

(મંદાક્રાન્તા.)

નિર્દોષીને પ્રિય ન દઇયે દોષ જાણ્યા વિના કૈં,
કાંડે ઝાલ્યા વિણ શું કહિયે? આર્યની રીત એ ન્હૈં;
બોલ્યો એવું જરિક હૃદયે ધૈર્યને હું ધરી જ્યાં
હા, હાં! કૂહેતી રમણી મધુરૂ બોલી ઉઠી હસી ત્યાં. ४४
કાંડે કેમ? પ્રબળ તમને પંજરે મેં પુર્યા છે,
વક્ષે ચાંપ્યા હૃદય ધડક્યે ધૂર્ત જાણી લીધા છે.
ગાલેથી આ મુજ અધરનો સ્વાદ ચાખી લીધો છે,
ઢીલાં ગાત્રો મદનદમને શ્વેદ ભીનાં થયાં છે. ४५
શું આ ગાંડું વચન વદતી, ઉંઘમાંથી ઉઠ્યો હું,
જોને તારા હજુય ભુજમાં આળસીને પડયો છું.
સ્વપ્ને તારા વિવિધ રસના પ્રેમ ઉલ્લાસ માંહે
પ્રેમી કોકે જીવન રસમાં રોળી ચુંબી હશે રે! ४६
જ્યારે નાથે નફ્ટ થઇને પ્રીત કંદર્પ સાથે
બાંધી લેવા રતિરમણના રમ્ય સંભોગ ત્યારે
સ્વચ્છંદીની રમણ! રીતિ આ જાણી સ્વપ્ને કઢંગી
હું તે કાળે પુરણ રસમાં શુદ્ધ પ્રેમે રમેલી. ४७
શુણી આવું મુજ મુખપરે ઊછળી જે રતાશ
જોઈ રામા મધુરૂ હસતી સ્હેજ મારી કટાક્ષ.
પાછું એનું અધિર કરતું મંજુલું ગાન ગાયું
સ્વામી મેં એ રસિક વરનું રૂપ અત્યંત દીઠું. ४८
કાલા બોલે મુજ હૃદયને ખોરીને બાળતી એ
જાણે લેવા મુજ વચનનું વેર બોલી ફરીને,
જાણું છું હું મુજ રમણનાં રૂપને સુખ જોશો

ત્યારે નાથ ! ક્ષણભર ભર્યાં ગર્વથી ડોલશો જો. ૪૯

(માલિની.)

નથી સહન થતું આ, ક્રૂર તું કેમ થૈ હા !
મદન અનળ દાઝ્યો બાળ તેને ફરી આ !
વિવિધ દુખ પિડાથી શાન્તિ અર્થે વળું જ્યાં
અધિક અનળ દેખું રમ્યતામાં ભર્યો ત્યાં ! ૫૦
મન મથન થએથી આંસુડાં એમ ગાળે,
હૃદય કુસુમ પોચું પીગળે કૈં વિકારે,
દીન નયન ઠરાવી પ્યારિના મુખપદ્મે
અનિમિષભર જોતાં ગાન ચાલ્યું ફરી તે. ૫૧

(મંદાક્રાન્તા.)

પ્રેમે ફુલ્યાં પુલક મધુરાં વ્યાકય સંમોહકારી
ઘુંચાતાં એ રમણ ! રમણી–કાન્તના કંઠ માંહી,
વ્હાલે એના મધુર સ્મિતની ધૌત કાન્તિની માંહી
દેખાડીને પ્રથમ ચિતડું ચોર્યું સ્વપ્નમાંહી. ૫૨
ઇન્દુ જેવા ધવલ મુખના શોભતા પુણ્ય પુંજે
ઘેરાએલા ફણિધર સમી રમ્ય કેશાવળીએ
ઢંકાએલા અતુલ બળના રાશિ શા સ્કંધ સાથે
કંઠે પ્હેર્યા કમળ ફુલના હાર જાડા વિલાસે. ૫૩
લંબાવીને કિરટિ–શિશુના સુંઢ શા હસ્ત બન્ને,
ધીમે ધીમે રતિરમણના મંદ હાસ્યે હસીને;
ઘેરાએલા વદન શશિને મેઘમાળાની જાળે
લચકાવીને મદનશરની ગોષ્ટિ શી માંડી વ્હાલે ! ૫૪
જોયો એને યુવતિજનના જન્મના વૈરિને મેં,
શૃંગારીને સરસ રસની મૂર્તિને પ્રેમિલાને,

પાંચે બાણે કઠિણ હ્રદયે કામઠી ખેંચતાને.
ત્યારે વ્હાલા! નયન મધુરા ઘેનમાં મીચીંયાં મેં. ૫૫
તે પ્રેમીએ તરત મુજને બાથમાં લીધી શાણે,
વ્હાલે ચાંપી વિવિધ રીતિએ છાતીએ વારવારે;
ન્હેરેલી મેં જરકસભરી ચોળી જાણે પરાણે
ચીરાઇ તે હ્રદય તુટતું જાણ્યું ભેટી સખાને. ૫૬
સૃષ્ટિમાંના સકળ વિભવો સ્હેજ પ્રાપ્તિ થતામાં,
ભક્તિમાં જે હ્રદય તરષ્યું ઇષ્ટની એકતામાં,
સંસારીના જીવન તપમાં જ્ઞાન આનંદ થાતાં,
રોમે રોમે શરદિ પ્રસરી તેમ અંગે અડ્યામાં. ૫૭

(માલિની.)

વિવિધ મન વિતર્કો આદરે સાંભળી આ,
હ્રદય પ્રવિણ પ્રેમે પીગળે રમ્યતામાં;
હ્રદય હ્રદય જાણે અંતરે વાત ઊંડી,
મન હ્રદય રડાવે તર્કની જાળ માંડી! ૫૮

(મંદાક્રાન્તા.)

આવી આવી કઠિન દુખની વેદનાઓ સહીને
પ્રેમે તર્ષ્યું હ્રદય વળતું ઝંખતું પ્રેમળાને,
ત્યાંતો છૂટી કુસુમસ્રગની વેણી વાળી પ્રિયા તે,
બોલી ધીમે મધુરૂ હસતી સ્હેજ લજ્જા સજીને. ૫૯
ધીમે ધીમે કમળકુમળા હસ્તમાં ઉત્તમાંગ,
ઝીલી મારૂં હ્રદય ભરતાં લાવી અંગે ઉમંગ,
ઝુલાવે એ જીવિત સુખની મોઘી આશાજ જાણે,
પોચે પોચે કુસુમ સ્રગને પ્રેમને એ હિંદોળે! ૬૦
સ્પર્શે સ્પર્શે વિવિધ વિભવો પ્રેમના અંતરે જે

કાળે કાળે હ્રુદય પડમાં જે જડયા ઊકલે તે;
ગૂઢ ગ્રંથી હ્રુદય તુટતાં પ્રેમના મંત્ર સાથે
મૂર્છામાંયે જીવિત પરનાં સુખને દાખવે એ! ૬૧
શંકા થાતાં રમણીમુખનાં વાક્ય આવાં શુણીને
પુછ્યું મેં જે પ્રવિણ લલના! સુખ આવાં હશે કે
પ્રેમીઓના છળ-કપટના ધર્મ્ય વિલાસ માંહે?
બોલી ત્યારે પુનર હસીને ના શું માણ્યાં તમે કે? ૬૨
શર્મે પીડયા લજીત મનને મેં કહ્યું સાંભળી એ
શંકા લેવા પરમ પુનિત પ્રેમિના સચ્ચરિત્રે
તું ના યોગ્ય, પ્રવિણ કલહે, શલ્ય તું પ્રેમપંથે;
તેવામાં તો પ્રિય રિઝવવા બોલી શાણી ફરી તે. ૬૩
સ્વામી આવાં સ્વપન સુખનાં ભોગ-સંમોહવાળાં
મીઠાં મીઠાં રમણ કરમાં ભોગવું એટલામાં,
ધીમે રૈ'ને પ્રણય રસના સાર્થીએ છેતરીને
ચુંબી પ્રેમે ધવલ દશને રક્ત બિમ્બાધરોએ. ૬૪
ઊઘાડી મેં નયન ઝબકી સ્વપ્નથી જાગી, ત્હોયે
સ્વપ્ને આવ્યા રસિક વરને ધૂર્તની ઊપમાએ
ખોળું જાણે સ્વપન મહિ હું, હાથ લાગ્યા તમે તે,
તો હું બોલ્યો પ્રણમી પ્રિયને 'દેવી! શું ધૂર્ત હું તે?' ૬૫
ના, ના, નાથ! પ્રણય રીતિનો ભેદ મોટો દીઠો મેં,
સાથે માણ્યાં કુસુમશરનાં સુખ સંભોગીએ તે,
ન્હેતો નિશ્ચે મુજ હ્રુદયના ચોરના ઉપરે આ
ઢોળાતે હા! મદનશરના દોષ એ ધૂર્તતાના. ૬૬

(માલિની.)

મૃદુલ વચન તારાં ગાત્ર પોચાં રૂપાળાં

સરસ પ્રિય વિલાસે અંતરે ઠારનારાં,
હૃદય મરમભેદી સૃષ્ટિ તું રમ્યતાની,
તદપિ હૃદયમાં ના રેખ રે ! કૈં દયાની. ૬૭

(મંદાક્રાન્તા.)

શૂણી વાણી અસહ દુખની દર્દની એ ભરેલી
ઝીણું ઝીણું હસતી મનમાં બોલી પાછી રસીલી,
જુવો નાથ ! પ્રિતથી કરતાં ચોરી ભાળે લીધેલો
છેકાએલો વિજય ધ્વજમાં ચાંદલો રક્ત મારો. ૬૮
આવો, આવો, મકરધ્વજની મસ્તીનું ચિન્હ ભાળો
કામાન્ધીના હૃદયઝખમે રાગ જે કૈં ઝરેલો,
સંસારીની પલક સુખની ગાળવા પ્રેમિ આવો,
છાની શોભા મુખકમળની દર્પણે તો નિહાળો. ૬૯
આવું કુહેને તરત મુજને સોડમાં ઘાલી ચાલી
પ્રેમે સ્હેજે લલિત વપુને પાર્શ્વમાંહી દબાવી,
આવી રંભા જ્વલિત જળતી જ્યોતિમાન્ મધ્યખંડે
ઉભી લૈને પ્રિતમ કરમાં આરસાની સમીપે. ૭૦
બન્ને હસ્તો વિંટળી કમરે કેશ છૂટા મુકીને
ઉભી જાણે મદન રસની પૂતળી શી પ્રિયા એ
વક્ષે ચાંપી વિજય મદના પૂર્ણ આનંદ માંહે
વાંકી દષ્ટે કુસુમ કુમળા ગાલ ગુલાબી રંગે. ૭૧

(હરિણી.)

હૃદય રસને પોરે પોરે પ્રસન્ન પ્રિયાતણું
વદનકમળ પ્રેમે ધીમે પ્રફુલ્લ થતું ગયું,
સુરખી મુખની જોતાં એને સુગંધ સમી ઉડી
નયન વિકસ્યાં ઘેને ઘેરી ચિતાર કરી રહી. ૭૨

(મંદાક્રાન્તા.)

પીતાં પીતાં અમિત રસના રમ્ય આ પાત્રમાંથી
ખેંચી લેતાં રગરગ ભર્યો પ્રેમ એ અંગનાથી
ચોટી ચક્ષુ વદનકમળે અંગ અંગે જડેલી
ખેંચી લેતાં હૃદય થથરે ગૂઢ ભીતિ થયેથી. ૭૩
ઊંડા ઊંડા હૃદય કુહરે ભાવ છૂપા ભરેલા
સૃષ્ટિમાંના અધિક ગુણની પ્રેમ–સૌન્દર્યતાના
જોતાં તેની તુરત પ્રમદા કંઠમાં લીન થાતી
જોતાં જોતાં ઉભરી ઉછળ્યા તર્કને કંઠ રૂંધી. ૭૪
મૂગે મોંઢે જડિત સઘળી ઇન્દ્રિયોના સમૂહે
આનંદેથી અકથ રીતિએ કાળ કૈં કાઢીયો જે
તર્કે ના તે સુચવી શકવા શક્તિમાન્ તર્ક જાતે
સ્વપ્ને સ્વર્ગે જીવન પળને વિતવી પ્રેમમાં જે. ૭૫
આનંદેથી હૃદય ભરતી મોગરાની કળી શી
ઉભી મુગ્ધા પતિ હૃદયમાં પ્રેમ–પાશે લપાઈ,
મીઠી દૃષ્ટે તૃષિત નયને પીગળેલા હૃદેને
પીતી જાણે જળકણુ ભર્યે પૂર્ણ વિશ્વાસ સાથે. ૭૬
જોતાં આવી મનહર છબી પ્રેમની જે બનેલી
અશ્રૂધારા ઝરમર ઝરી નેનમાં બાઝી આવી,
આનંદે મેં હૃદય થથર્યે કંપ અંગે વછુટ્યે
ઘાડાશ્લેષી ભુજ કમળના દંડની ભીડી બ્હીને. ૭૭
એ આનંદે પલક વિતવી કલ્પ આનંદ જાણે,
એ આનંદે ક્ષણિક અહીંનાં સુખ તે ક્ષુદ્ર જાણે,
આનંદે એ સુખદ દુખદા ભૂલવી સૌ ઉપાધી
સૃષ્ટિ સર્વે ઉલટી પલટી આત્મ આત્માનુયોગી. ૭૮

સીમાન્તે જ્યાં મધુર રસના રમ્ય આલાપ ધૂને
ગાંડાં ઘેલાં હરિણુ હરિણી શિરને જૈ ઝુકાવે,
બંધાએલી વિવિધ રચના પ્રેમના એક સૂત્રે
તેના ગાને નવલ યુગલું નાચતું દિવ્ય પ્રેમે. ૭૯

(ગીતિ.)

તરલિત હૃદય તરંગે સ્થાપ્યું પ્રેમે સદાનુ સુખરાજ,
વ્યાજ વિનોદની વાતો વિરમી, સરળતા પ્રસરી રહી ત્વરિત. ૮૦

(મંદાક્રાન્તા).

જોતાં દાબી હૃદય રમતી પૂતળી રમ્યતાની
ગાતી ઝીણું મધુર ગીતડું પ્રેમનું શ્વાસ માંહી,
દેવી કો એ સ્ફટિક સરખા સ્વચ્છ સરળા હૃદેની
ક્હેને કોનું સરળ હૃદયું વંદી તેને નમે ન્હૈ ? ૮૧.
અંજાઇને વિમળ ચરિતે શુદ્ધસત્વા પ્રિયાના
નામ્યું શિર પ્રણય અધિકે પંકજે પ્રેમળાના,
શર્માઇને વિનય મુરતિ પ્રેમના પ્રાણવાળા
બોલી શબ્દો ઉચિત સતીને આર્યની બાલિકાના. ૮૨
પ્રેમાશ્રૂથી પ્રિતમ શિરને સિંચતાં ધોઈ લેતી
પોચે હાથે હૃદય સરસું ચાંપી વંદી નમંતી
કંઠે પ્હેરી મૃદુ કુસુમની માળથી પાદ અર્ચી
બોલી વ્હાલી "પ્રિતમ તમને છાજતું આ નથી કૈં" ૮૩
"ઓછાવત્તા વિનય અધુરા પ્રેમ ઘેલી પ્રિયાના
શબ્દો સાંખી સદય હૃદયે નાથ કૈં મર્મતાના,
કૂણું એનું હૃદય સમજી ધર્મ માર્ગે ચઢાવી
તારી લોછો વિવિધ વિનયી આર્યની એજ રીતિ." ૮૪
આવા આવા અનુભવ પછી મિત્ર ક્હે દષ્ટિ કોની

આ સંસારે વિવિધ રસના રમ્ય વિલાસ વાળી
પ્રેમે ઠંડી નવિન જગને પ્રેમ સંપૂર્ણ ભાળી
રહે તે માત્ર પ્રબળ દુખના શુષ્ક ભાવે ભરેલી ? ૮૫
ન્હોતો જાણ્યો કઠણ વિધિનો હોય સંસાર આવો,
ન્હોતો જાણ્યો વિભવ સઘળો પ્રેમની દૃષ્ટિમાંનો
આજે જાણ્યું પરમ સુખનું એકલું એજ ધામ
સૃષ્ટિના આ વિવિધ તપમાં આત્મનું રમ્ય સ્થાન. ૮૬
આ દૃષ્ટિનાં હૃદય ઉછળ્યાં ગાઢ ભેટયાં અમારાં
સાથે સાથે હજુય રમવા સૃષ્ટિના મોહવાળાં
જોતાં જોતાં વિમળ નભમાં ચંદ્રની જ્યોત્સ્નિકામાં
સૂતાં બન્ને શિતળ તળમાં એકલાં પ્રેમઘેલાં. ૮૭
કહેવા લાગ્યાં વિવિધ રસથી પૂર્વની વાત વ્હાલી
જોએલી જે નવિન રચના સૃષ્ટિની રમ્યતાની;
કહેતાં કહેતાં હૃદય ભરીને ગીત ગાતાં 'હરી'નું,
શબ્દે શબ્દે સ્તવન કરતાં સૂત્ર તે એકલાનું. ૮૮
બોલી મુગ્ધા, પ્રિતમ! તમને સાંભરે ? આપણે જ્યાં
પંપાકાંઠે તરૂવર તળે એકલાં બેશી જોતાં
તાપે પીડી તૃષિત પ્રિયને ક્રૌંચ ચાંચેથી પાતો
ઠંડુ પાણી વ્યજન કરતાં થાકી પાંખે બિચારો. ૮૯
તું શું ભૂલી! તટપર ઉગ્યાં વૃક્ષ મોટાં રૂપાળાં
તેની છાયે શ્રમિત થઇને સારસો કામ ઘેલા
આળોટે તે સ્પૃહણિય લીલા છાની જોતી'તી ત્યારે
ચુંબીતી મેં પ્રિય ન ધરિયો રોષ આવો હતો તેં. ૯૦
ત્યાંથી સ્વામી ઉપવન વને આપણે સૃષ્ટિ જોતાં
આવી પ્હોચ્યાં ગહન વન જ્યાં રમ્ય ગોદાવરીનાં,

પક્ષીઓના મધુર સુરના એક આલાપ પૂર્યા
ઊંડાં ઝીણાં પુનિત જળનાં ગીત ગંભીર શુણ્યાં. ૯૧
કેવી પેલા ખડક થડમાં પાણીના ધોધમાંથી
ઉડ્યા ઝીણા સિકર જળના તેમના છાવર્યાથી
અંધારેલા રસ દદડતા આમ્રની વૃક્ષકુંજે
સાથે બેશી રમત રમવા તું હઠીલી થતી તે. ૯૨
ને પાસેના જીરણ વડની જૂની ડાળે ચઢેલી
લીલી વેલી સિકર ભર્યા વાયુના વેગનાથી
ઝૂલી ઝૂલી પરિમળ ભરી મંજરીઓ હલાવી
ઉડાડે તે નિરભય સુતાં પક્ષિનાં દ્વંદને કે. ૯૩
ઊંડી ઉંચાં તરૂવરતણી ગાઢ ઝાડીની માંહી,
અંધારામાં લલિત કુસુમે હીંચતી વલ્લરીની
દોરીવાળા મૃદુલ પવને હાલતા હીંચકામાં
ઝુલંતાં તે મિથુન શુકનું આપણે જોયું'તું ત્યાં. ૯૪
ને પેલા ગગન ગરજ્યા વૃદ્ધ વિશાળ વૃક્ષે
ઢંકાએલા લવલિત લતા નીલ સંગાઢ પત્રે,
સંતાતી ત્યાં ચકિત નજરે પાણી પીતી હરિણી,
શોભા કેવી તરલિત જળે લીધી ગંભીર ત્યાંથી ! ૯૫
ને શું ભૂલી ! પવન લહરે વૃક્ષ વીંટી ચઢેલી
વલ્લીઓની મધુ રસ ભરી તુટતી મંજરીની
ડુંકો લેવા કલહ કરતાં પક્ષિની રમ્ય લીલા
વ્હેતા એના નિરમળ જળે વૃક્ષનાં મૂળ ધોતા. ૯૬
થાકયે અંગે ફરિ ફરિ વને સૃષ્ટિ સૌન્દર્ય જોતાં
શાન્તી લૈને શિતળ જળના પાનથી સ્હેજ સૂતાં,
જોએલી તે ગહન વનની શ્રીની શોભા શિલાથી

સર્પાકારે વન ચિરી જતી કેવી ગોદાવરીની ? ૯૭
સ્વચ્છ દેહથી રમણિય તટે માનુષી સ્પર્શનાથી,
દોષાએલી નહિ, નજરને ઠારતી જે ઉગેલી,
ગુંથાએલી અકળ કળના પ્રેમના ખેલમાંહી,
શોભા ખીલી વિવિધ રસની શ્રીમતી ઓષધીની. ૯૮
આવી આવી મનહર ઘણી સૃષ્ટિ લીલાથી ગુંથી,
જૂના દૈવી પુનિત ઋષિના પૂજ્ય સંસ્પર્શવાળી,
ઊંડી ઠંડી ગહન ગિરિમાં કંદરાઓ મહીં જે
લેતાં'તાં તે પ્રિય શું વિસરી ભાવની ઉચ્ચ શ્રેણી ? ૯૯
સ્વામી! પેલી કમળકુમળા હસ્તથી વીણી લાવી,
સીતાજીએ તરત ફુટતી મંજરીઓ ભરેલી
વેલીઓની સહળી કુમળી ડુંક ગુંથી કરેલી,
વ્હાલી એની મધુરિ હરિણી કાજ કેવી મદુલી ? ૧૦૦
ને તેં દીઠી નહિ શું ? પ્રિય! તે ભિલ્લ મિત્રે બતાવી
વૈદેહીને રઘુકુળપતિ પૂજ્યપાદે કરેલી
ભૂલાવાને મિથિલપુરની રમ્ય શોભા ભરેલી
પંચવ્ટીમાં પરણ કુટિની પાસ સીતાની વાડી ! ૧૦૧
ત્યાં બેશીને હૃદય દ્રવતી પ્રેમી વાલ્મીક વાણી
સંભારીને સજળ ભરિયાં નેન સૂકાયલાં ન્હે !
ને ઉઠાચું નહિ પુનિત તે રામના પાદ સ્પર્શે
જોવા સૃષ્ટિ, ચકિત વદને પૂછતા ભિલ્લ ત્યારે. ૧૦૨
ક્ર્યેમે ઉઠી નિરજન વને ડુંગરાઓ ચઢીને
તેના ઢાળે ઉપવન ઉગ્યાં ઘીચ ખીણોની માંહે
તેમાં દોર્યાં હૃદય રડતાં જાનકી શોધ માટે
જોયાં સ્થાનો ત્રિભુવનપતિ પ્રેમમાં આથડ્યા તે. ૧૦૩

છોડી આશા રમણી મનને મોહકારી વનાન્તે
જાળાં કાંટે ઉજડ ચૌકણી ભૂમિ–આરંભસ્થાને,
છૂટે મોંઢે રઘુપતિ રડ્યા સાંત્વન્યા લક્ષ્મણે જ્યાં
અશ્રૂ ઢાળી રૂદન કરતાં આવીયાં આપણે ત્યાં. ૧૦૪
બેઠાં બેઠાં પ્રિય પતિ ! તમે રામ સીતાજીનાં જે
આવાં આવાં હૃદય રસને દ્રાવતાં શુદ્ધ પ્રેમે
ચિત્રાએલાં અચળ કલમે માનુષી સૃષ્ટિમાંનાં
કહેવા માંડ્યાં ચરિત સઘળાં દિવ્યતાનાં ભરેલાં. ૧૦૫
કહેતાં કહેતાં વિવિધ રસનાં સ્વાદુ આનંદવાળાં
વૃતાન્તો જે હૃદયકુહરે ઠારતાં જાનકીનાં
વીત્યો કાળ ક્ષણિક સરખો દંડકારણ્યમાંનો,
સંભારીને પુનર કથતાં કાળ ખુટ્યો અમારો. ૧૦૬
આવા આવા પુનિત રસના સ્રોતના ધોધમાંહે,
ન્હાતાં ન્હાતાં ભુજકમળના દંડથી આંતર્યાં જે,
વ્હાલી જૂની નવિન સરખી વાતની ગોષ્ટિમાંહે
થાક્યાં પાક્યાં શિથિલ પડિયાં ગાઢ નિદ્રાની પાંખે. ૧૦૭

(અનુષ્ટુપ્.)

પ્રેમનો આ થજો કારી ઘાવ સ્રાવ હૃદે હૃદે,
રેલતાં સૃષ્ટિને સારી આનંદે રામને પદે. ૧૦૮

પ્રેમગીત.

[જ્યાં આત્માથી જુદાપણાનો ભાવ છુટી જાય, અને ભૂતમાત્ર આત્મારૂપેજ ભાસે એવી વૃત્તિ થાય તેજ ખરો પ્રેમ. આવા પ્રેમનું દિવ્ય દર્શન આ કાવ્યનું જીવન છે.]

છે સકળ જગતનો સાર એક આ પ્રેમમાં રે,
પ્રીતિના ઘેનમાંરે— ધ્રુવ.

ઝેર ભર્યો સંસાર ઉડી જઇ સુખમય સર્વે થાય,
દુખ ટળવળતાં માનવ સઘળાં સુખમાં સૌ મલકાય
અમીના પાનમાં રે— છે૦
પ્રીતભરી દૃષ્ટિથી જોતાં સૂર્ય શીતળ થઇ જાય,
હડહડતો પણ શત્રુ તે થઇ મિત્ર પ્રીતિ બંધાય
સદા સુખ ચેનમાં રે— છે૦
હૃદય વેંધ કલકલાટ કરતો પડે દુઃખ પોકાર,
મંગળમય હરિકિર્તન ધ્વનિનો ઉડશે ત્યાં અંબાર
હૃદયની ગુંજમાં રે— છે૦
સ્થળ સ્થળ મળશે નિર્મળ હૃદયો એક એકને ભેટી,
પ્રેમ ભેટની ધૂન મચે ત્યાં દેવ સર્વ રૂહે નાચી
વૃન્દની કુંજમાં રે— છે૦
કાળા સહીં સમા પર્વત પણ ગળીં ગળીં સર્વે મડશે,
ત્રાસ બ્હીકનું નામ નહી જ્યાં મૃત્યુ જાતે મરશે
પ્રેમના પંથમાં રે— છે૦
પ્રેંમ દૃષ્ટિમાં જળહળિ ઝબકે એકરૂપ આત્માનું
લપેટતું આ સર્વ સૃષ્ટિને આત્મરૂપ કરી લેતું
અલૌકિક બ્રહ્મમાં રે— છે૦

હૃદયભાવ.

[બુદ્ધિનાય પ્રકાશક નિર્મળ ચિદાત્માનો દરબાર હૃદયાકાશ છે. ત્યાંના સર્વાન્તર્યામીનું પરમ આનંદ દર્શન આ કાવ્યનું જીવન છે.]

અમને હૃદય એક પર બ્હાલ,
ચિતડું ત્યાં જઈને ઠરનાર. ધ્રુવ૦

વિશ્વ બુદ્ધિ શે કામ અમારે ?
એ વિદ્યુત ચમકાર !
પડતાંમાં બાળે ને કરતો
નહીં સ્થાઈ ઉજાસ
ઉલટો મનનો એ ગભરાટ. અમને.

એજ પૂજનનું સ્થાન અમારૂં
દેવ તણો દરબાર,
અંતર જ્યોત અખંડ જળી રહે
શીતળ તેજ પ્રકાશ
સરળ એ પુનિત હૃદયનો ભાવ. અમને.

પુનિત હૃદયના દર્શનનો એ
કૈંક અપૂર્વ પ્રભાવ,
હૃદય ઉછળે આલિંગનમાં
ઐક્ય ભાવ પ્રકટાય
પ્રેમનાં ઝરણાં ઝરતાં થાય. અમને૦

વનવગડાની કોયલ.

[સ્ત્રી પુરૂષના સંબંધે પ્રેમના સ્હેજ પલટના સ્વરૂપનું દર્શન આ કાવ્યનું જીવન છે.]

વનવગડામાં ચંપકવર્ણી કોયલ એકજ દીઠીજી,
લોકો કહે છે કાળી કોયલ, વાતો એતો ખોટીજી.
મધુર મધુર આલાપી પ્રેમી પ્યાલો પીતી પાતીજી,
અમર આશની આંબાડાળે હીંચોળે હીંચાતીજી.

વનવગડાની વસમી વાટે એકલડો હું ફરતોજી,
ઘોર ભયાનક રાને વૃક્ષે બેઠી બેઠી ટૌકીજી.
'કઠિન રાનના આ રસ્તા છે, સરળ પંથને કાજેજી
સરજી છે મુજને બ્રહ્માએ પંથીરાજ તુજ માટેજી.'
મેં કહ્યું 'ચાલોને મેના આપણુ સાથે ફરશુંજી
વનવગડાની વાટે ઘાટે સુખ દુખ સાથે સ્હેશુંજી.'
પણ મેના મગરૂરી માંહી મરડાઇને બોલીજી
'પંથી! એમ થશો ના ભોળા, અમે પંખી જંગાળીજી.
પ્રેમ સુધા રસ પાન એકલે પિંડ અમારો રે'છેજી,
પ્રેમ વિના સુકાઇ ચંપકવર્ણી કાળી થઇએજી.
ચંપકવર્ણો દેહ અમારો, હૃદય રાગ વિલાસીજી,
ઉભરાતો રસ ઝીલવા માટે ચતુર પંથી ચ્હઇએજી.
અહીં એકલાં વૃક્ષે વૃક્ષે મન ગમતાં સુખ લઇએજી
પ્રેમ તણાં ગીતડાંમાં મહિમા હરિ નામનો ગઇએજી.
ત્યજી સુખ સ્વચ્છંદી આવું શ્રી હરિ નામ વિસારીજી
કહો? પંથી, કયમ સાથ તમારી કર્યે અમારે ચાલેજી.'
કહ્યું પછી મેં સાંભળ મેના! 'પ્રેમ પ્રેમને આણેજી.
ચંપક વર્ણો દેહ તમારો કનક પંજરે વસીએજી;
સુવર્ણમય પંજરને પ્રેમે હૃદય બારણે બાંધુંજી,
બ્હાર લેઈ ચતુરાઈ કરીને પ્રેમ ઝરે ન્હવરાવુંજી.
હૃદયેથી નીગળતા રસને કરસંપુટમાં ઝીલશુંજી
પ્રીતે પાન કરી કરી તેનું જીવન આપણું વહીશુંજી
પ્રેમ એજ પ્રીતમ છે મેના, પ્રીતમ પાન કરીશુંજી.'
તોપણ અધિરી મેના બોલી 'અમે પંખીડાં ડરીએજી,
માનવની ક્રૂરતાની જાળે કદાચ ફસીને પડીએજી.'

વચન આપ્યું મેં તે કોકિલને કનક પંજરે લીધીજી
સાથે સાથે વનવગડામાં આનંદેથી ફરીએજી.

પ્રાતઃકાળ.

[અહીં કુદરતના પ્રાણવાયુમાં પણ એજ પ્રેમાનંદનો અનુભવ છે.]

ધીર સમીર પ્રિયા ! વ્હે વનનો,
શીતળ મ્હેક ભર્યો પ્રાતર્નો,
ગ્રીષ્મર્તુનો,—ધીર સમીર.

શીતળ ગાત્ર કરી મૃદુ સ્પર્શે
મીઠી લ્હેજતથી તર હૃદય કરે,
ભાવ ભરે પ્રિય! કૈંક ગભીર
—ધીર સમીર,
ગ્રીષ્મર્તુનો મંદ સમીર !

સૃષ્ટિનાં સૌન્દર્ય સરળતા
નીચોવી વહી અમૃત ધારા
રેલે વ્યોમ, ખેલ પ્રવીણ
—ધીર સમીર,
ગ્રીષ્મર્તુનો મંદ સમીર !

ઘેન રસાયણ અંજન આંજી
ઘેરી રહ્યો મુજ નેન વિલાસી !
રમ્ય જીવન એ આપ સુચિર
—ધીર સમીર,
ગ્રીષ્મર્તુના મંદ સમીર !

ચંદા.

[સુખદુખ ભર્યો ભૌતિક આનંદનું ઉત્સાહદર્શન આ કાવ્યનું જીવન છે.]

ચંદા ! મેં તારી વિપરિત વાતો સાંભળી;
સુખ દુખ સાથે ભરતો અંતર્ વ્હાલ જો !
અમૃતમય મીઠી શી તારી આંખડી
ત્રિભુવનમાં તું ફેરવતો નિશનાથ જો.
નિર્મળ નભમાં સખિમંડળ લઈ સાજમાં
ફરતાં કરતો મોહક કરનો સ્પર્શ જો.
સ્પર્શે અંતર્ ખોલી ખુલ્લાં શું કરે ?
નિર્લજ થઇને હૃદયે રમવા રાસ જો !
આનંદે ઉભરાતો ઉદધિ રેલીયો,
ક્ષીર સાગરની છોળો ચાલી જાય જો !
ચંદા ! તેં પૃથ્વી આભ કર્યાં શાં એકઠાં
આનંદ તણી આ રેલે બાંધી પાળ જો !
આ વનસ્પતીનાં કરમેલાં મુખ ચુંબતો,
ચુંબી ચુંબી ભરતો રસનાં પાત્ર જો.
રસનો મોહક મંત્ર શિખાવ્યો શું તને
પ્રભુએ પ્રાણીજીવનનો આધાર જો !
કહીંથી તું એ લાવ્યો આપી જા મને,
સજ્જનનું ધન દુર્બળ જનને કાજ જો;
જગમાં જીવન વિણુ જીવતાં વલખે ઘણાં,
જીવન બિન્દુ આપી શું મલકાય જો !
ઉભરાતું અમૃત તારૂ આનંદનું
ઝીલવાને ના પાડે કોણુ ગમાર જો !

ચંદા ! તું ફરતો જાજે પ્રિયના દેશમાં
ઉછળતું હૃદ દાબી કરથી સ્હેજ જો,
કહેજે કે તુજ પ્રીતમને ભેટી અહીં
સંદેશો લઇ આવ્યો છું હું આ જ જો.
મધુરી તારી ધોળી શીતળ છાંયડી
નાચી ઘૂમો આખા જગની માંય જો.

નવ જળધર.

[વિલાસ ભર્યા પવિત્ર પ્રેમના આકર્ષણનું કરૂણ દર્શન
આ કાવ્યનું જીવન છે.]

(રામકરિ રાગે રૂપક તાલે અષ્ટપદી)

કમળનયન રમણિય પ્રિય જોતાં મધુર મનોહર વદને
તુજ વિરહે રહી તલસી નજર તે પ્રેમ ભરી ઠેરવશે,
રમણિ ! પ્રિય વલ્લભ તુજ એ—વનમહીં પુકારે. ધ્રુવ.
મધ્ય ગગન ઘન ઘેરાયો જ્યાં દિનકર મેઘની માળે,
વિરળ વિરળ અંધાર વર્ષતું વિશાળ વ્યોમ દિગન્તે—રમણિ !
સુંદર નદીના વિશાળ પટપર તટપર વનની ધારે
નિર્મળ જળના તેજ તણો અંધાર મધુરો વરષે—રમણિ !
યોગ વિરળ અંધાર તેજનો મનહર સૃષ્ટિ કરતો
હૃદય તણું મન્થન કરી મનમાં વિધવિધ રસ જ્યાં ભરતો—રમણિ !
મનહર હાર ધવળ નભ કંઠે શોભે બગ નભ ભમતાં
શ્યામળ મેઘ ધવળ બગ સંગમ નયન નિહાળી રે'તાં—રમણિ !
વનતરૂપર તલપી રસ ઝીલતી ચઢતી વલ્લરી જોતાં
વન લીલાં ઘનમેઘે ઘેર્યાં ભયભીત જન જ્યાં કરતાં—રમણિ !

ઊંચે તરૂવર ચઢી ચઢી ઉંચી ડાકે ટોકા કરતાં
રમ્ય કળાધરનો કેકારવ ધૈર્ય સકળ છોડવતાં–રમણિ !
કુસુમિત વન વન ભમી રમી વહતો શીતળ સુગંધ દિનાન્તે
મંદ પડી તે મધુર પવન પણ દહશે કોમળ તનુને–રમણિ !
સર્પ તણી જીભ સમ તરવરતી વિદ્યુત્ ચમકે નભમાં
ગંભીર આ સૃષ્ટિ રચના મન સ્હેજ ભયાનક કરતાં–રમણિ !

ટપકતો રસાળ.

[દંપતિના વિલાસી પ્રેમનું ભોગદર્શન આ કાવ્યનું જીવન છે].

શીતળ સજળ ગતિમંદ પવન આ નચવી રહ્યા તરૂડાળ
પ્રિયે, જો આ ટપકે શું રસાળ ! ધ્રુવ.
આછાં છબ છબ જળભર ક્યારી મધ્યે ઘુમ્મટદાર
નવજળધર સરવરડે ધોયો લીલો મન હરનાર, પ્રિયે.
ફરતી ચારે ધાર ઉપર શી ! રમતી રસની ભીની
વલ્લરીની કુચકલિ મર્દન કરી ઝુકતી વૃક્ષ કટાર, પ્રિયે.
મુદભર મનનાં માંજી પંખી કરતાં કલરવ ગાન
મધુરૂ ગજવે શાન્ત સકળ આ સીમાન્તરનું સ્થાન, પ્રિયે.
વરષ્યો આ નવ જળધર ત્હોયે, તોયદનો ભરનાર
ગગન મધ્ય ઘેરી લેતાં શું ઘોર મચ્યો ઘનરાજ ! પ્રિયે.
મધ્યાન્હે પણ સકળ દિશામાં પ્રકટિ રહ્યો અંધાર
ચંચળ ફરતો વક્ર ભયાનક વિદ્યુત્નો ચમકાર ! પ્રિયે.
ઘન ગર્જનના પ્રત્યાઘાતે સંતાતો તરૂડાળ
હૃદય મર્મ ભેદે આ મધુરો મોર ચઢયો ટૌકાર, પ્રિયે.
વધાવતાં મોતીડે તુજને બોલાવે પ્રિય ! ચાલ
વિકટ વિપળમાં વિન્હળ આપણુ, એકજ એ વિશ્રામ. પ્રિયે.

નંદનવન.

[સંધ્યાના આકાશમાં પચરંગી નંદન વનના જેવા ચળતા કુદરતી દેખાવથી હૃદયમાં ઉભરાતો ઉત્સાહ આ કાવ્યનું જીવન છે].

(સાખી.)

સુંદર નંદન વનની શોભા અભ્રમહીં બની એક,
વર્ણન તેનું શુણુતાં સહૃદય ગળતું હૃદય હરેક.
ગડગડતી વર્ષા વીતીને નિર્મળ નભ પછી છેક
શરન્નિર્મળી આવી તેથી હૃદય વિકાસે એક. ૧
પાતળી વાદળી નભમાં દોડે દિગન્તમાં વળી દોડી
સૂર્ય કિરણુ તે પર કૈં પડતાં સૂવર્ણ ગારે લીંપી,
આછાં વાદળ કાળાં કૈં કૈં નભે ચઢેલાં દીસે,
સજ્જન જનના સ્ફટિક હૃદયમાં દયાશોક જ્યમ શોભે. ૨
સંધ્યાના ત્યાં રમ્ય સમયમાં પાશ્ચમ સૂર્ય ઢળ્યો છે,
સિદ્ધાં તેનાં કિરણુ પડયાં જે વાદળી વાદળ કોરે,
વચમાં નિર્મળ નભ જ્યાં આવ્યું ત્યાં નવ તેતો અડતાં
નંદન વનની રચના રચતાં શોભા કેવી કરતાં ! ૩
પશ્ચિમગિરિના શૃંગ ઉપર જ્યમ અસ્ત થવા રવિ બેઠો
મનહર કાંચન કરથી જાણે કાંચન ભૂમિ કરતો.
ખળખળ કરતી સરે સરિતા ઉદધિશી ઊછળતી
શ્યામવર્ણની શોભે બાળા ગિરિને વીંટી વળતી. ૪
કૈંક સરળ તે અંગ કરીને કૈંક મરોડી ચાલી
માનીની મદની ભરી એવી મત્ત બનીને રમતી,
ભૂમિનાં અંગે અંગો ચીરી ધસી ધસી ચાલી જાતી
તરૂવર તટપર આવ્યાં સઘળાં ઘસડી ઘસડી લેતી ! ૫

કાંચન રજને ધોતી ધોતી જળને કાંચન કરતી
મનને રંજન કરતી રામા મધુરૂ ઝીણું ગાતી,
કોમળ શબ્દો શુણીં શુણીં ઉભી મૃગલી પાણી પીતી
કૃષ્ણુસારની સાથે રમતાં રતિ ગતિ સૌ તે ભુલતી. ૬
લીલા આવી નિર્મળ જોઈ ચંચળ નયનો તલસે
મૃગલી ઉછળી કોટે વળગી કૃષ્ણુસારને પોતે,
બન્ને ચાલ્યાં સાથે સાથે કુદતાં રમ્ય તટોને
મૃગલી નાચે કુદતી ચાલે પતિનું મન મલકાવે ! ૭
કોતરમાં ત્યાં ઉગ્યાં વૃક્ષો કાંચનવર્ણાં સર્વે
તેના ઉપર મધુરિ મંજરીં સાથે વલ્લી ચઢી જે,
તેમાં ગુંજારવ ગુંજવતા ભ્રમર ઝુંડના ભારે
નીચી નમતી લચકી પડતી તરૂવર ડાળી તેને, ૮
મધુરી મૃગલી રમતી જાતી તડાપ મારી ઝડપે
નીચી ડાળી તોડી પાડી પુષ્પ ભ્રમરના ભારે
આળોટીને રંગે રમતી કૃષ્ણુસારની સંગે
ક્રીડા એવી વિધ વિધ કરતી મનહર પતિઉછરંગે. ૯
અન્ય દિશામાં વળતાં જોવા લાયક સરવર ભરિયાં
નિર્મળ નભજળ મધ્યે કૈં કૈં ષોડષ કમળો સહિતાં,
તેમાંથી વળી કૈંક વહે છે ઝમઝમંમાં નદનાળાં
વાંકાં ચુંકાં થાતાં નદને આવી સર્વે મળતાં. ૧૦
આવી રીતે જોતાં જોતાં રવિ સુખકારી જનને
જોવાનું તો ઘણું રહ્યું ને અસ્ત થયો તે ઝડપે,
તેની સાથે નિર્મળ નભમાં સુંદર નંદન વન જે
તે પણુ ચાલ્યું દૃષ્ટિએથી છાયા રહી ગઈ મનમેં. ૧૧

સંસાર.

[પ્રેમદષ્ટિવાળા સંસારમાં કર્તવ્યનો ઉત્સાહ આ કાવ્યનું જીવન છે.]

પ્રિયે ! કૂહે દુઃખ હશે તલભાર
પ્રેમ જ્યાં વહી રહે શતધાર ?
જગતને બાંધ્યું એકજ તાર,
ઉચ્ચ જ્યાં વૃત્તિ એક ઉડનાર,
શુષ્કને રમ્ય એજ કરનાર,
મંદની એજ જાગ્રતી જાણ,
પ્રેમદા, મૃત્યુંજય એ પ્રાણ,
પ્રેમમાં ગળી રહ્યો સંસાર !

(સાખી.)

એ સંસાર અસાર કે પ્રેમ પ્રેમહીન માન,
પ્રેમીને મન એજ છે સર્વ સાર સંસાર.

રહો સંસાર તે અમને
ભર્યો આનંદનો દરિયો !
ભલે લોકો કહે એને
ભર્યો છે દુઃખની ઝડિયો.
અમે તે દુઃખને ઉલટી
કરીશું સુખની કળિયો;
મુળેથી પ્રેમ સીંચીને
ઉડવશું ઉચ્ચ ઉર્મિયો. રહો૦

પ્રીતિ-ગલપાશ.

[પ્રેમના વાત્સલ્યભાવનું અહીં કરૂણ દર્શન છે.]

ગયો ગયો આ હાથથી, સંસારથી છટકી ગયો !

પ્રીતિ તણા ગલપાશની પણ જાળથી છટકી ગયો !
સંસારની એ પારના અંધારમાં સરકી ગયો,
અંધારથી પણ પાર 'બાબુ' એકલો નિસરી ગયો !
ના ત્યાં પડે દૃષ્ટિ અમારી આંધળા સંસારના
પ્રાણી અમે, એ દેશમાં શું માર્ગ દીઠા તેં ખરા !
આંસુ અમારી આંખથી નિસરી પડે ના શું જુવે ?
જોતો હઈશ, ત્હોયે હવે આ આંખ ના તુજને જુવે !
જાણ્યું અમે બાબુ ! તને ના મૃત્યુના પથની દિશા
જડશે કહિ બાળક ! તને કોણે બતાવી એ દિશા ?
હાવે સ્મરી તુજ નામ, ને જોતાં રમતનાં ઠામ આ,
બાબુ ! બળે જીવ એકલો કુણ ઠારશે પ્રિય તુજ વિના ?

મધુરિ મૂર્તિ.

[કરૂણરસ આ કાવ્યનો પ્રાણ છે.]

મધુરિ મૂર્તિને દૃષ્ટિ ચીતરે
ફરતી જ્યાં જ્યાં ફરે,
કાન શુણે કાલા શબ્દ એ
અંગ મળવા ધસે— મધુરિ.
મનને મનાવું મૃત્યુ લૈ ગયો,
માને નહિ તે હવે,
મુજને વળી વળી તે કહે
બાબુ રમતો ફરે— મધુરિ.
રજની પડી શુન્ય થૈ હવે
કોણ રમતી કરે !

કઠિણ હૃદય પોચું આ થતાં
નયને આંસુડાં ભરે— મધુરિ.

અકળ વિધિ.

[અહીં પ્રેમના મિત્રભાવનું કરૂણ દર્શન છે.]

(હરિણી.)

વિવિધ રસથી ભીની પુષ્પે ભરી વળી વલ્લરી
વળગી તરૂને કંઠે પ્રેમી રસાબ્ધિ મહીં ડુબી,
મલયગિરિનો મંદમંદ મધુર વહી રહી
પવન કરતો નૃત્યં જેની સદા રહી સંગથી, ૧
ભ્રમર ગણુના આલાપોથી સદા રસ પોષતી
પ્રણુય વૃળમાં આંટી વાળી મરોડથી લાસતી,
મધુર ખગના શબ્દો જેને પ્રમત્ત પ્રયોજતા
લસિત રસમાં વલ્લી સાથે તરૂ જહિં શોભતા. ૨
વનચર બીજાં સાથે સાથે ફરી રસ રંગમાં
તરૂવર તળે નિર્ભે થૈને રમે રસ ખેલતાં,
ગિરિવર મહીં નિદ્રા પાશે પડયો મૃગરાજ જ્યાં
અકળ વિધિ ! તેં ત્યાં કયાં મૂકયો દવાગ્નિ પ્રજાળતો ! ૩
પ્રણુય રસના સંભોગોમાં પડી પડી બાથમાં
મધુરૂ લવતી રામાકેરૂં મુખાબ્જ નિહાળતાં
અધિક અધિરો થાતાં ચૂમે પતિ અધરામૃત
ધિક ! વિહિત તેં રાખ્યો કયાંથી ? વિધે, સુવિયોગ ત્યાં. ૪
સકળ જગના સંબંધોમાં જનો શિદ યોજીયા
અકળ કળના અંકોડા જો હતા તળમાં જડયા !
નિમિશ પળમાં જો તેં ધાર્યું મને કરવા જુદું

નવલ યુગલું તીરે આવ્યું હતુંજ ડુબાવવુ! ૫
સ્વરૂપ ગુણથી ગુંથ્યું આવું મનોહર આ વપુ
અમર વિમળ જ્ઞાની આત્મા થકીજ પ્રકાશતું,
વિનય સરખાં સારાં આભૂષણે કરી ઓપતું
તહિ પણ અહા! મૃત્યુ મૂકયો વિહિત કરી વિભુ! ૬
કુસુમ વયમાં નિર્દોષી બે હૃદે મળતાં થયાં
સમય વિતતાં સાથે સાથે પ્રયાણુ પથે પળ્યાં,
પ્રણય બળમાં આવી બન્ને દ્વિપે દ્વિપમાં ભમ્યાં!
અકળ વિધિ! તેં ત્યાંયે પાછાં વિભિન્ન પથે કર્યાં! ૭
હૃદય ગતિના આવેગે ત્યાં કદિ કદિ એકઠાં
મળી હૃદયની વાતોમાંયે વિયોગ વિસારતાં,
તદપિ નહિ તે સંખાયાથી અરે ધિક હા! વિધિ,
અકળ વિધિની ઇચ્છા છે, એ શિખાવ્યું પ્રયોગથી.! ૮

મીઠા ભણકાર.

[પ્રેમીના વાત્સલ્ય ભાવનું કરૂણ દર્શન આ કાવ્યનું જીવન છે.]

મીઠારે મીઠા તારા શબ્દના
કૈં કૈં ભણકાર્ પડે.
રામ કૃષ્ણ ગોવિન્દ ધૂનનો
ધ્વની ઘરમાં ભમે.— મીઠારે૦
કંઠ કોમળ બાપુ! તાહરો
એમાં નહિ રે! જડે.
ખોળી રે ખોળીને આંખ રાતડી
આંસુ ભરીને રડે.— મીઠારે૦
પંખી તું દિવ્ય પ્રદેશના

આવી, ક્યમ રે ઉડે ?
તાર તોડી તારા બોલના
હૃદયું દુઃખથી ભરે.— મૉઠારે૦

માતાને.

[દેશકાલના પ્રતિબંધે મનોરાજ્યની અશક્યતામાં ઉદ્‌ભવતું કરણ દર્શન આ કાવ્યનું જીવન છે.]

તુજ રૂદન જોઈ મુજ હૃદયું રડતું,
પુત્ર ત્હોય પણ કરૂં શું હું ?
મુજ પાછળ ગાળ્યું તન તારૂં
મુજ તન ત્હોય નકામું શું !
દૈવ ! દશા આણી શી આ તેં,
દુઃખ અનળ પ્રકટાવ્યો શું,
પુત્ર જોઇ દુઃખ જન્મભૂમિનું
વદન વિકાશી રહ્યો જ હું !
હાય ! દિન એ આવે ક્યારે ?
અંક ભરૂં માતાનો હું,
પ્રાણ દિધો તેં અર્પી તુજને
અંતર ટાઢક વાળું હું.
ચાર પાસ બંધાયો દૈવે
નઠોર દુઃખ નિહાળું હું !
ધિક્ ! જન્મ ધરી રહ્યો જગત્‌માં
આંખ ભરી નવ રડ્યોય હું.

*એક દિન એવો આવશે.

[ધાર્મિક જીવનના પ્રબળ ઉત્સાહમાં પ્રકટતા દેશના ઉજ્વળ ભાવીનું આનંદદર્શન આ કાવ્યનું જીવન છે.]

(દેશરાગ.)

એક દિન એવો આવશે,
જ્યારે અમી ઝરણો ઝરંતાં પૃથ્વીનેય પલાળશે.
એક દિન એવો આવશે— ધ્રુવ૦
કળિ કાળમાં પણ વીર એવા આર્યભૂમિમાં પાકશે,
નિજ વીર્યથી ભૂમિ ભક્તિથી આ સૃષ્ટિનેય ધ્રુજાવશે—એક૦
રામ અર્જુન ભીષ્મ જેવા કર્ણ સંગ પ્રતાપ ને
કુમિરાજ યોગીરાજ ગુર્જર રાજનેય ભુલાવશે— એક૦
શિબિરાજ ભગિરથરાજ સમ પરમાર્થ જીવન ગાળશે,
મેવાડના ભડ ભીષ્મ ચંદારાજને વિસરાવશે— એક૦
પરબ્રહ્મ નિષ્ઠ વશિષ્ઠ વિશ્વામિત્ર ઋષિના પાદને
પ્રેમે નમી નિઃસ્વાર્થ નેતા આર્યવર્ત ઉધ્ધારશે— એક૦
આત્મબળ પામી બધા આ પુત્ર ભારતવર્ષના
નિર્ભય તણી મૂર્તિ બની સૌ સ્વાર્થને તુછકારશે— એક૦
આ દેહ કાચો કુંભ આત્મા નિત્ય દિવ્ય પ્રકાશશે,
દૃઢ સત્યપર એ શત્રુના સંગ્રામમાં સૌ ચાલશે— એક૦
આ દુઃખને ભુખના પડે પોકાર ચારે દેશથી
ત્યાંથીય મંગળ ગીતના ધ્વનિ મંદ મધુરા ચાલશે— એક૦
મરૂદેશના જેવી ઉજડ ભુમિ સર્વ ભારતવર્ષની
ફળ ફુલથી લચી સુંદરી સમ એકલી અહીં મ્હાલશે—એક૦

* આ ગીતને ૧૯૧૭ ની કાંગ્રેસમાં કમીટીએ પસંદ કરીને ગવરાવેલું.

અહીંથી મહાવીર મ્હારથી ટંકાર કરતા શસ્ત્રના
પરદેશમાં જઈ રાજ્યના શુધ ધર્મને શિખવાડશે— એક૦
પૂર્વે થયા ન્હોતા, વળી સ્વપ્ને ન તર્ક્યા વીર તે
આ પૃથ્વીને કરી સ્વર્ગ સરવે દેવનેય ઉતારશે— એક૦

આર્યધર્મવર ધર તું.

[દેશના ઉજ્વળ ભાવીમાં સાધનભૂત કરતું ધર્મપ્રોત્સાહન આ કાવ્યનું જીવન છે.]

હે આર્યપુત્ર ! આ ભૂમિ રજકણુનો દેહ દેશવશ કર તું;
તુજ એજ કુલિનતા, એજ સુજનતા, આર્યધર્મવર ધર તું.
હે આર્ય પુત્ર ! આ ભૂમિ રજકણુનો દેહ દેશવશ કર તું.—ધ્રુવ.
ધનધાન્ય ભર્યા કોઠાર જવાહીર હાર કંઠમાં લસતા,
તુજ માત ગર્વ ભરી ઘુમી સૃષ્ટિમાં, તે ધન દિનને સ્મર તું,
તે કાળ ફરી ફેરવ તું—હે આર્યપુત્ર.
ધરી ખડ્ગ શસ્ત્ર કર્યો પ્રાણુ વેગળો જન્મભૂમિ રૂણુ ભરતા
રમતા માતાને અંક ક્ષત્રીના બાળ કેમ વિસર તું ?
લળી વળીને તેને નમ તું—હે આર્યપુત્ર.
ટળવળતી માતા તેજ સુકલી શ્યામ અંગ દુખ હરિયે,
તે અનાથ અબળા જોઈ નિર્લજા ! આંખ આંસુડે ભર તું,
હા ! હૃદય ચીરી ચીરી રડ તું—હે આર્યપુત્ર.
ત્યજી સ્વાર્થ અંધ, કર બંધ વિષયની ક્ષુદ્ર વાસના તારી,
કર રંક માતપર વ્હાલ ટેક ધરી વેશ દેશનો ધર તું,
તું એજ માતનો સૂત છું—હે આર્યપુત્ર.
ઓગુ મરણુ સમયની પડે બૂમ તુજ જન્મભૂમિ સુરભીની !

શું હૃદય ધડકતું હજૂ રહ્યું તુજ દર્દ દુઃખનું શુણતું ?
છું તેજ દિલિપનો તન તું—હે આર્યપુત્ર.
રટ નામ નિરંતર માત! જન્મભૂમિ! આર્ય એકની જનની !
જીવું મરવું તારી સાથ માત ! વ્રત પુણ્ય વીર એ ધર તું,
અંતે મોક્ષજ પામીશ તું—હે આર્યપુત્ર.

પાટણનું સહસ્ત્રલિંગ તળાવ.

[પાટણની પ્રાચીન પ્રભુતાની સ્મૃતિએ હૃદયમાં કરેલી ગ્લાનિ આ કાવ્યનું જીવન છે.]

(વસંતતિલકા.)

શું આ જ હાલ તુજ આંખથી દેખવાના
વ્હાલાં તણાં હૃદય ફાટ દુખે રડ્યાના !
એ અશ્રુધાર ઝીલી ઉદર પોષવાના
આવ્યા દિનો સહસ્ત્રલિંગ તળાવ તારા ! ૧
તારે તટે રજપુતો રણધીર વીરા
શત્રુ હણી રૂધિર અંગ ભરી રમેલા
આવેલ પુણ્ય જળમાં કરી સ્નાન ગાવા
હર્ષે મદોન્મત થઈ જય ગુર્જરીના ! ૨
રે ! હાય ! તે રૂધિર નીતરિ ખડ્ગ ધાર
ધોતાં જળે રૂધિરનું તળ બાઝયું સ્થૂળ,
તેમાં કૃષી કરી રહ્યા નિર્માલ્ય વંશ
તે વીરનો, અધિક દુઃખ શું એથી હોય ! ૩
બે ચાર કોસ ફરતી તુજ પાળ ઘેરે
બાંધ્યાં સહસ્ત્ર શિવ મંદિર આર્યન્હાણે,
ચિત્રેલ ચિત્ર મહિ પૂર્વની જે કથાઓ,
સ્વપ્ન સમાન થઈ સર્વ ગયા બનાવો ! ૪

આ યજ્ઞ કુંડ મહિ આહુતિઓ અપાતાં
સંતુષ્ટ દેવ સ્વરગે ગીત ગુર્જરીનાં
ગાતાં ભૂમિ મહિ ધરી નિજ વીર્ય તેજ
વીરાવળી જનમ આપી જતા સહર્ષ ! ૫
તે હાય ! આ ઉદર તારૂં થયું શું શુષ્ક,
કંથાર જાળ ઝરડે ભર્યું દુઃખ દુઃખ !
જ્યાં આવી ચંદન થકી ચર્ચેલ અંગે
ન્હાતી સગર્વ જનની વીરની નિશાન્તે ! ૬
ને ચંદ્ર જ્યોતિ તરલિત તરંગ લ્હેરે
આનંદમાં પવન સાથ મચેલ નાચે,
ત્યારે ફરેલ સતી ગુર્જર દેશ રાજ્ઞી
તારે જળે લલિત પુષ્પની નાવ માંહી ! ૭
તેનો સ્ફટિક સમ શુભ્ર ઉભેલ મ્હેલ
વચ્ચેથી હાય ! ઉખડી મુળથી ગએલ !
ખંડેર આ કંઇક પૂર્વની ભવ્યતાનું
રાખ્યું શું દૈવ ! દરદે હૃદ ભેદવાનું ? ૮
આ પુણ્યશાળી જળ શુદ્ધ સરસ્વતીનાં
ધોતાં જતાં ચરણ ત્હોય દુખો પડયાં શાં !
શે પાપ ગુર્જર ધરા સતી શાપ લાગ્યા
આવા ગયા વિભવ ઇન્દ્રની વાંચ્છનાના ? ૯
જોતાં તને નયનથી નિતરેલ ધારા
વ્હેતી જતી શી ભરતી દુઃખના ઉછાળા !
રે ! કોણ ગુર્જર હશે દુઃખ જોઇ આવું
પાંશે ભરે ન દરદે દદડેલ અશ્રુ ! ૧૦

પાવાગઢને ચઢાવે.

[પાવાગઢની પ્રૌઢતાએ દબાતા હૃદયના નિરૂત્સાહમાંથી ઉછળી નીક-
ળતો અંતરાત્માનો બળિષ્ઠ પ્રભાવ આ કાવ્યનું જીવન છે.]

(રોળા.)

જતાં દિંગંબર જીન તણાં મંદિરને જોવા
પ્રથમ પડયો મુજ દૃષ્ટ માત ગુર્જર ભૂમિના
પાવાગઢ ગિરિરાય! ઈશની ભવ્ય પ્રભુતા
જોઇ આંખ ગભરાય હૃદયમાં માય નહીં આ! ૧
ગાડે બેશી ધીમે ધીમે એ ઢાળ ચઢીને
આવ્યો હું તળ મહીં દૃષ્ટિ મેં નાંખી ઉંચે.
અહા! મહાન પ્રભાવ બ્હીકથી ભરે હૃદયને
તળમાં ઉભો રહ્યો એકલો ચકીત થઇને! ૨
ભમી રહી મુજ આંખ પંખિ જે ઉંચા નભનાં
ભમનારાં તે ગિરિ કેડમાં ભમી રહ્યાં જ્યાં,
અને બકાવળ હાર પુષ્પનાં તોરણ ભરતાં
ગગનગર્જી વનવૃક્ષ ઝીણાં જ્યાં બિન્દુ બનતાં, ૩
પવન તણે સુસવાટ વિરળ ઘન ખંડ તણાતા
અથડાતાં ગિરિકેડ પરે ઉડતી જળધારા,
તેપર નચવી રહી સૂર્ય નીજ કિર્ણ શલાકા
ચિતરે જ્યાં પચરંગ રમ્ય એ ધનુષ્ય ધારા! ૪
નયન ભરાયું જળે જોઇ આ રચના આવી,
ગિરિ ગૌરવની પાસ અલ્પ છે મનુષ્ય કાંઇ!
દીન બનીને ઉભો ઉભો હું જોઈ રહ્યો આ
પ્રેર્યું અંતર એજ ગિરિપર ચઢીને જોવા. ૫

ચઢતાં તો શું ચઢયો, વિવિધ હૃદભાવ ભરાયા
જોઇ પુરાણા વિભવ તણા ત્યાં પડધા તાજા!
નહીં જોયું મેં વૃક્ષ એક કે તળાવ ત્યાંનું
નિર્મળ જળથી ભર્યું પુષ્પની મ્હેક ભરેલું, ૬
નહીં નજર મુજ પડી હારની હારો ચાલી
એક ઉપર વળી એક ગિરિને લેતી ઘેરી
બાંધેલા ગઢ ભવ્ય આંખને તમ્મર આવે
અને ખડકમાં દ્વાર કોતરીને કાઢયાં જે, ૭
વળી ઉપરથી ધોધ પડીને જળના મોટા
ખીણમાં વહે પવિત્ર નદીના તે લીસોટા,
ચારે તરફે રહ્યાં ખિલી વન ઢાળ ચઢાવે
કોતરમાં કંઈ પડયો ઉંઘે જે વાઘ નિરાંતે, ૮
નહિ જોયું કંઈ આ અને નહી જળે ભરાયું
નયન માહરૂં દુઃખ અંતરે કંઈ કંઈ સાલ્યું!
હૃદય રહ્યું ધબકાર કરીને નિશ્વાસ ચાલ્યા
હાય હાય! મુખ શબ્દ અચિંત્યા કૈંક નિકળતા. ૯
હૃદય રહ્યું મુજ રડી પૂર્વનો પ્રભાવ જોઇ,
સ્મરી દીનતા હાય! આજની છેક આપણી.
નિરાશ થઇ નભ મહીં સજળ હું નેન ઠરાવી
ચઢયો શિખરપર સ્હેજ પ્રભુતા જોવા ત્યાંથી. ૧૦
ચઢયો શિખરપર અને નજર મેં નાખી ફરતી,
ફરી વળી ચોપાસ નાચતી ને તે રમતી,
ગગન મહીં રહી ઘુમી અને જ્યાં ક્ષિતિજ મળતી
પર્વતની હરધાલ ચાલતી પૂર્વ ભણીની. ૧૧
લાંબી લાંબી ગઇ ગ્રામને નગરો ગણતી

ખુટી ગઇ ભૂમિ ત્હોય નહીં રહી કંહિ એ અટકી.
ભમી રહી વળી જહી ભયાનક ખ્હો કોતરડાં
પાવા પાછળ દ્વારપાળ સમ રહ્યાં રૂડેરાં. ૧૨
પડતામાં એ નજર બ્હીકની ભરી જરા જે
પડી પાછી તત્કાળ, બ્હીકને પણ જોવાને
ઠરી રહી એ મહા ભયાનક ખ્હોમાં ઉંડે,
ભયમાં પણ ત્યાં રમી રહી રસભર આનન્દે ! ૧૩
ફરી વળી ગિરિરાય પાછળે ફરી નજર એ,
અને ઉછળી ચઢી નભે જ્યાં રવિ ઉગેછે,
ચંદ્ર તેજ ઘેરાય અસ્તને શિખર ચઢીને,
સમાન સાથે રહી જોઈ આ સૃષ્ટિને એ. ૧૪
ગળી ગઈ મુજ નજર સૃષ્ટિ આ અલ્પ કરીને
ભળી ગઈ નિજ ધામ આત્મની સૃષ્ટિમાં એ.
ઉડી ગયું મુજ દૈન્ય અતુલ બળ પ્રભાવ ઉલટ્યો !
નવ જાણું ક્યાં રહ્યો હતો એ પ્રભાવ છૂપો ! ૧૫
અંતરનો અભિરામ નાદ કંઈ મધુરૂ ગાતો
કરી રહ્યો ઘુઘવાટ ભાવોને એ સૂચવતો !
ગુર્જરનો કો બાળ વીર મ્હાવીર થશે જે
ભર્યો ગર્વ તે સત્ય ઉચરશે, ને કૂહેશે કે, ૧૬
'ગુર્જરના ગિરિરાજ ! અમારો હતોજ તું જે
રહો સદા અમ સાથ પાળતો ભવિષ્યમાંયે.'
ને જીવું હું મહા પુનિત એ વીર ચરિતનું
દર્શન કરવા એજ યાચના પ્રભુ ! કરૂંછું. ૧૭

પાવાગઢની ખીણુમાં

[ચાંપાનેરની જૂની જાહોજલાલીના સ્વપ્નાનંદમાં કઠોર સત્યે આણેલો
વિષાદ આ કાવ્યનું જીવન છે]

(સોરઠા.)

પાવાગઢ ! તુજ પાસ ધીમે ધીમે આવતાં
ગંભીર તું ગિરિરાજ હૃદય ભરૂં શા ગૌરવે ! ૧
ઉભો હું ખીણુમાંય ઘેરાયો તુજ ઘાટથી
મન મારૂં ગભરાય પ્રભુતા તારી જોઇને. ૨
ફરતાં આ વનવૃક્ષ લીલી કુંપળ ધારને
નચવે મુજ મન સાથ મંદ સમીર પ્રહારથી ! ૩
વાતો વાંચી જે પૂર્વેની ગઢ ! તાહરી
ઘોળાયે મનમાંય એ ગઢ ગુર્જર રાયના ! ૪
હૃદયું આ ચીરાય વિધ વિધ આવા ભાવથી,
સૃષ્ટિ શી ! ચિતરાય જૂની વૈભવ ભારની. ૫
જાણે દેખું આજ ગુર્જરનો મહારાજ એ
ઉભો લઇ હથિયાર રક્ષક આપણુ સર્વનો. ૬
ધર્મધુરંધર ધીર એ વીર ગઢને કાંગરે
ઉભો અમૃત ધાર દૃષ્ટિની રેલી રહ્યો ! ૭
કંઠે મુક્તાહાર કોમળ ગુર્જર સુંદરી
નિકળે ચાંપા બ્હાર ઉદ્યાને રમાવા સહી ! ૮
સહિયરની સંઘાત નિર્ભે થઈ શૃંગારના
વિધ વિધ કરે વિહાર રમ્ય ઋતુ ઋતુ રૂચતા. ૯
લક્ષ્મીથી ઉભરાય આ ભૂમિ ગુર્જરરાજની
વ્યાપારી ભીડાય વિવિધ કળા કૌશલ્યથી. ૧૦
યુવક બધા હરખાય મનહર મદરસના ભર્યા
ઉજ્વળ જીવન પ્રભાત જોઇ ખિલતી આશનું. ૧૧

ક્ષત્રીના વીર બાળ ધનુર્ધરી હય પર ચઢી
મૃગયા કાજે જાય શિખવા રક્ષક ધર્મને. ૧૨
સૈનિકો ધરી ગર્વ ‘ સેવક આપણ દેશના ’
રક્ષક ધર્મ પ્રવીણ રાજાને ચરણે નમે ! ૧૩
મંદ સમીરની ધાર લાવે મંગળ શબ્દ શા
સંગીત તાલ રસાળ વાડીના સરવર તટે ! ૧૪
વિશાળ માર્ગ જળાર્દ્ર રમણિય ચાંપાનેરના
ધારે વૃક્ષ કટાર લચતી મંજરી ભારથી ! ૧૫
મીણાતાં મુજ નેન એ વૈભવ મહઘેનમાં
પડયો ઢળી કે તર્ત ઉડી ગયું સુખ સ્વપ્ન એ. ૧૬
ઉઘડી ગઇ મુજ આંખ, હાય ! દીઠાં ખંડેર આ,
વહી રહ્યાં ચોધાર આંસુ અંતર દુઃખનાં. ૧૭

ગિરીંદ્રને

[ધર્મિષ્ઠ ધનાઢયના દયાર્દ્ર અંતરમાં થતા ગિરીંદ્રના દર્શનનો ઉત્સાહ આ કાવ્યનું જીવન છે.

નગ ! તવ હૃદય કઠિન દ્રવાવ— ધ્રુવ૦
અમૃતમય તુજ શીતળ ઝરણુથી
યાચક જન પોશ ભરાવ— નગ૦
કિરણુ પ્રચંડ તપે મુસ્તક પર
વન નિર્જન ઘોર બચાવ— નગ૦
ભૂધર, ધરણીધર, લક્ષ્મીધર,
તુજ લક્ષ્મી એ વિલસાવ— નગ૦
તાપ તપ્યો નગ જાત મુનીવર !
તૃષિત શમન સુખ કાજ— નગ૦

હાડ કઠણુ ઉપર દુખ ખમવા
અંતર પોચું દયાર્દ્ર— નગ૦
પથ્થર પાછળ દેવ-હૃદય તુજ
હૃદયની સાથ મિલાવ— નગ૦
દેશ દેશ રસ પૂરી રહી નગ
શિખ માનવને તું ભણાવ— નગ૦
અગન ઝાળ લાગી રહી હૃદયે
ગિરિ ! શીતળતા વરષાવ— નગ૦

દુઃખી પંખિરાજ.

[જન્મથીજ દિવ્ય એવા પુરૂષને તો જાતે સ્વીકારેલું સંસાર દુઃખ લીલા રૂપેજ છે, એવા દર્શનનો ઉત્સાહ આ કાવ્યનું જીવન છે.]

દુઃખથી કાયર કેમ થાઉં તું ? દુઃખ ખમવાને આવ્યો છું,
અજર અમર તુજ પ્રદેશ ત્યાંથી પંખિરાજ આવ્યોછું તું.
સૂવર્ણ મય કોમળ તુજ દેહે સૂવર્ણ ચંચૂ લાવ્યો છું,
કર્દમથી ઉદ્ભવતાં અંકુર કર્મ લખાવી લાવ્યો તું.
જન્મ પ્રદેશે કોટિક સૂર્ય તણા તેજે તું મ્હાલ્યો છું,
તેજ હીન આ પ્રદેશ માંહિ અહિ રમવાને આવ્યો છું.
અમિત નભમાં ભર્યું માન સર હંસરાજ સંચારી તું
સ્વચ્છંદે ઉડી આવ્યો ત્યાંથી ક્ષાર સમુદ્રે બેઠો છું.
અખંડ તેં આનંદ એકલે સ્વર્ગ માંહિ માણેલો, શું ?
ભિન્નભાવ આનંદ માણવા સૃષ્ટિમાં આવ્યો છું તું !
પ્રેમ--સુધારસ પાન કરીને પિંડ પોશી આવ્યો છું તું,
વિના પ્રેમના સ્વાર્થ અર્થના સમુદ્રમાં પેઠો છું તું.

રમ્ય દિવ્ય તે સ્થાન મૂકિને ગાન મૂકિ આવ્યો છું તું,
ઉદધિની ખારાશ મહીં પણ જન્મ રીતિ લાવ્યો છું તું
સ્વર્ગ તણો સંચારી તોપણ સ્વર્ગે થકી ઉતર્યો છું તું.
નિર્મેલું સંસારે રે'વા તર્યા વિના ઉડશે કયમ તું ?
વિસાર તેથી રમ્ય સૃષ્ટિ તે, ક્ષણભર સંસારી થા તું,
દુખ દરિયાની વીચીધારા વક્ષે ઝીલી તરી જા તું.

સરિતા.

[મનુષ્યની કામના જ્યાં ઇશ્વરના સત્ય સંકલ્પાત્મક-ધર્મની સાથે તાલબંધ(Harmony)માં ના હોય ત્યાંજ આ સૃષ્ટિ એને તોફાની જણાય છે, અને ઇશ્વરની એવી સત્ય સંકલ્પાત્મક ગંભીર વ્હેતી સરિતા જગતના વિવિધ ક્લેશોથી વિંટાયલી એને દેખાય છે. પણ એ ધર્મના પ્રવાહમાં પડતાં તદ્રુપ થઇ પ્રભુના જીવનનો આનંદ અનુભવીને પાછો તે ગુંજી ઉઠે છે. આવા સતત વહી રહેલા ઐશ્વર સંકલ્પનું શાન્ત દર્શન આ કાવ્યનું જીવન છે].

મધુરૂં શુણાવ તારૂં ગાન,
  સરિતા! શુણાવ તારૂં ગાન !
દિવ્ય ગાન સમજું હું એકજ
  નાચું દઈ દઇ કાન— મધુરૂં૦
જન્મ દ્રવ્યમાં ભળવા માટે
  વહી રહી સરિતા તું.
એ વિધિ સૃષ્ટિની ધ્વનિવાળું
  ગભિરૂં ગાણું ગા તું,
    શબ્દમાં જ્ઞાન— મધુરૂં૦

સમુદ્રના હૃદયેથી ઉલટી
 પર્વત શિરપર પડી તું,
કઠીણુ એ પથ્થરને હૃદ થઈ
 વન વન મહિં રહિ વહી તું,
 રમ્ય એ ગાન— મધુર૦
અમિત એ ઉદધિ રૂપ થાવા
 જતાં નડે બહુ પ્હાડ,
ધૈર્ય ધરી જળ ઓઘ ભરી તું
 વિટાવતી દુખ માળ,
 એક તુજ તાન— મધુર૦
કંટક મય તુજ વન્ય પથારી
 ભર્યા પ્હાડ ચો પાસે,
તેમાં થઇને રમતાં ફરતાં
 ભરે સાવ આનંદે,
 એજ સુખ પાન— મધુર૦
કલકલાટ કુતુહળનો ફરતો
 વચમાં શાન્ત વહે તું,
દેવ સકળ તુજ દિવ્ય ઝરણુમાં
 શાન્ત કરી રમતી તું,
 લક્ષ્યનું ધ્યાન— મધુર૦
પશુ પંખી વન વનસ્પતી તુજ
 પ્રસાદ પામી રમતાં,
પુણ્ય સંગથી જન્મ દેશ ભણી
 વળવા દૃષ્ટિ કરતાં,
 શુણી એ ગાન— મધુર૦

આત્મ સૃષ્ટિના વિકાસક્રમના
સિતારપરનો તાર
ઝણુઝણાવી તું કરતી મંજુલ
મધુરૂ મોહક ગાન!
ભુલ્યો હું ભાન— મધુરૂ૦

વનદેવતાનું આવાહન.

[ઇશ્વરી દૃષ્ટિવાળો થતાં સત્ય સંકલ્પના બળે ભરેલો આત્મા ઉત્સાહથી દેવતાઓને સૃષ્ટિનો આનંદ ઝીલવા બોલાવે છે. જગતની આવી દૃષ્ટિમાં ઉભરાતો આનંદ આ કાવ્યનું જીવન છે.]

મંદ મંદ મધુ મંજરી હલવી
મધુવન મ્હેક ભરાવો,
પ્રેમ ભર્યું હૃદ લાગ્યો રમવા,
રાસ દિવ્ય મંડાવો,
પ્રેમ લૂંટાવો— દેવતા આવો.
વનની સરવે દૈવ સંપતિ
કોમળ તરૂની ડાળે,
તરૂવર વીંટળી રમતી વલ્લરી
નાજુક પાંખડી ધારે,
રમ્ય વિલસાવો— દેવતા આવો.
હૃદય થકી પણ કોમળ મંજરી
થેડ થેડ રહી ઝોકી,
દિવ્ય હૃદયની નૃત્ય ભૂમિકા
તે પર એ વરષાવો,
પુષ્પ પથરાવો— દેવતા આવો.

નવીન નવીન રમણિય પક્ષીનાં
મંજુલ ગાનની માંહે
કોકિલનો પંચમ ટૌકારવ
મોહક મન આનંદે
સુર પૂરાવો— દેવતા આવો.
ગિરિ નિર્ઝરના અધઃપાતથી
વિરલ સિકર પથરાવો,
તે સિકર ભર્યો શીતળ મલયાનલ
વન વનમાં વવરાવો,
વ્યજન કરાવો— દેવતા આવો.
પુણ્ય પવિત્ર ગભીર ભાવના
ભરી પાંખ ફફડાવો,
દેવ મનુજનાં હૃદય નાચતાં
જગવનમાં ઉભરાવો,
લેઈ લ્યો લ્હાવો— દેવતા આવો.
અંતર્ જ્યોત જગાડો—દેવતા આવો.

પ્રીત.

[પરમાત્માના વિયોગે પ્રેમના દાહમાં થતું કરણ દર્શન આ કાવ્યનું જીવન છે.]

મને કોણ બતાવે એ પંથ રે,
મને કોણ બતાવે એ પંથ ! ધ્રુવ.
જ્યાં પળતાં મળે મને, પ્રીતમ કેરો સંગ રે. મને.
માલ ખજાના ભર્યાં રે જવાહીર
સર્વસ્વ લુંટાવું એને ધન રે— મને૦

ભૂમંડળમાં પ્રીત કરી ભટકું
જાગું રાતડીયો હું અખંડ રે— મને૦
ગુરૂજી કહે તો પીંડ પ્રજાળું,
કૂહેતો ભભુત લગાવું સારે અંગ રે— મને૦
કાળજડું કૂહે તો કાપીને કાઢું
જોવા પ્રીતમનો ભર્યો રંગ રે— મને૦

રમ્ય વસંત દિનાન્તે.

[રાગદ્વેષના આવરણુથી છવાતાં આત્મનો પરમાત્મ ભાવ ભુંસાઇને જીવભાવ પ્રકટે છે. એવા રાગદ્વેષનું આવરણુ વેગળું કરતાં સ્વતઃ સિદ્ધ પરમાત્મભાવ પ્રકટ થાય છે. આવા પરમાત્મ ભાવના પ્રકાશનો આનંદ આ કાવ્યનું જીવન છે.]

સુખ અવર અધિક કહિં જડશે,
મન શાન્ત થઇ કહિં ઠરશે !— સુખ૦
રાગ દ્વેષ વિસરી સરવે આ
સીમ સીમાન્તે ફરવું,
સૃષ્ટિની સ્વચ્છંદી રચના
મહીં હૃદય શુધ ધરવું,
એકલા ફરવું,
આ રમ્ય વસંત દિનાન્તે— સુખ૦
વિશાળ ચોક ભર્યા દડ જોવા
પથરાતા દિગ દિગમાં,
એ રમ્ય ચોકની ધાર ઉપર તરૂ
નચવે ડાળ પવનમાં,
શા વિશાળ નભમાં !

પંખિ વિરલ મધુ ગાન શુણાવે— સુખ૦
  નિષ્પાપ હૃદયના અજ્ઞ ખેડુતો
કૃષી કર્મ કરી રહેલા
  પ્રેમ ભક્તિનાં ગીત મધુરાં
નિશંક થઈ ગણુગણુતા
  એમને જોવા,
પશુ ધન બાળ ચરાવે— સુખ૦
  અહો ધન્ય પળ વિતવી રે'વું
રમ્ય દેવ ભૂમિ આં જ્યાં!
  દેવ સકળ ભરી સભાં વિરાજે,
હૃદય આપણું વચમાં
  મુકવું રમતું ત્યાં,
ભવ્ય સૃષ્ટિની છાપ ઉપડશે— સુખ૦

દિવ્ય આ દિવ્ય દૃષ્ટિવાળી.

[પ્રાજ્ઞ બ્રહ્મથી વિસ્તરતી સૃષ્ટિનું જ્ઞાનીને થતું અદ્‌ભુત દર્શન આ કાવ્યનું જીવન છે.]

શું આત્મ સ્વરૂપ બળ ભરતું,
ગળી સર્વ સૃષ્ટિ વિસ્તરતું!
રમતું ફરતું વન ભરતું
ગિરિ વૃક્ષ પંખિ રૂપ ધરતું,
ગિરિ ગભીરતામાં ગળતું,
મહા રમ્ય વૃક્ષમાં ઠરતું,
મધુ પંખિ કંઠ નીસરતું
ગિરિ નિર્ઝર રૂપ થઇ ઝરતું,

હા ! ગગન ગાનથી ભરતું
વિલસ્યું વર નભ મંડળ શું !
આ રમ્ય ગગન ભર્યું ઉડુગણુ ઝળકે
તેય રૂપ આત્માનું !
ને વિશાળ નભ પણુ સ્વરૂપ એનું
અનંત ઈશ્વરતાનું !
નિયામક એજ સર્વ સૃષ્ટિનું
ખિલતું રૂપ સુંદર મારૂં !
કૈં કૈંક ભયાનક ચારૂ,
આનંદ ભરેલ રૂપાળું,
વિધ વિધ સુખ દુખ દેનારૂં,
પણુ એજ રૂપ આત્માનું !
શું ચકિત નયનથી જોઈ રહ્યો હું
વિચિત્ર રચના આવી !
દ્વંદ ભાવ ગળી વિલોપ થાતાં
રહી સૃષ્ટિ સઉ મારી,
દિવ્ય આ દિવ્ય દૃષ્ટિવાળી !
કાળમાં અનંતતા વાળી !

આનંદ પૂર.

[જ્યારે ઇશ્વરના સંકલ્પની સાથે જીવાત્મા તદ્રુપતાના તાલબંધમાં આવે ત્યારેજ પુરૂષને બાહ્ય રચનામાં શુદ્ધ અનેપવિત્ર આનંદનો આવેશ થાય છે; ત્યારેજ સૃષ્ટિ એને અત્યંત રમણિય દેખાય છે. આવી રમણિયતા (Beauty)માં જ ઇશ્વરનું દર્શન છે. બહાર અને અંતર વ્હેંચાયલા ઉભય ચિત્પ્રવાહો આમ પુનઃ બાહ્ય દ્રશ્યમાં એકઠા થઇને એવા તાલબંધમાં જોડાય ત્યારે આનંદ ઉભરાય છે. આવા આનંદનું દર્શન આ કાવ્યનું જીવન છે.]

મુજ મન કેમ હર્ષમાં નાચે,
અલૌકિક ભાવ પુણ્ય ઉભરાવે ! ધ્રુવ
અસ્ત થતો રવિ ક્ષિતીજમાં રહી
તેજ પુંજ ભરી ભાવે
કાંચન વર્ણ વિરલ વિકસાવી
દિગંત દિવ્ય બનાવે,
રમણિય ભૂમિકા લાવે— મુજ૦
એ ભૂમિકાપર રમવા માટે
એક એક પાછળ શી !
નવ પલ્લવભર વૃક્ષ માળની
કુમળી ડાળો આવે,
મંજરી લચી વલ્લરી લાવે— મુજ૦
એક એક એ ડાળ ડાળને
વળગી પલ્લવ પૂરે,
કુળી કુળી માંજર મહિ ઝુલવી
જાળ વેલડી ગુંથે,
મન સાથ ગુંથતી ચાલે— મુજ૦

અપૂર્વ આ આનંદ પૂર શું
ઉલટયું નિર્મળ હૃદયે !
અવર્ણ્ય આ રચનાના અંતર્
દેવ ! કહો એ શું જે ?
શું શુદ્ધ આત્મદર્શન એ !— મુજ૦

પ્રતિબિમ્બ.

[આ કાવ્યનું અને 'આનંદ-પૂર' કાવ્યનું જીવન એકજ છે, છતાં દર્શનના પ્રકારમાં ફેર છે, અને તેનું કારણ, દૃષ્ટાનું આવરણ તુટતાં તેને મહદાત્મનું થતું સ્પષ્ટ દર્શન છે, એમ અહીં સૂચવ્યું છે.]

મુજ મન મોહિ રહ્યું તરૂ ડાળે,
પચરંગી કુંપળ ધારે ! ધ્રુવ૦
તરવરતી આંખ નિહાળે
ભરી ભૃંગ મંજરી હાલે !
શો મંદ પવન વન હલવે,
વન હલવે ને મન નચવે !
કરી ગાન પંખિ વન ગજવે,
સુર હૃદય સુંસરો ધુધવે !
પડી હૃદય સુંસરો વનલીલાનો
રાસ અંતરો તોડે,
સ્થૂળ ભાવનાં વળ્યાં પડળો
પાર દિવ્ય બતલાવે
કે સબંધ મીઠો હો ! મુંજ૦

વૃન્દાવનમાં ક્હાનગોપી.

[આ કાવ્યમાં કૃષ્ણ એ મહદાત્મા–ઈશ્વર રૂપે છે, અને જૂદા જૂદા પ્રત્યગાત્માઓ ગોપી રૂપે એને આલિંગવા, એના રૂપ થવા, અત્યંત તૃષ્ણાતુર થઇ રહ્યા છે, અને મહદાત્માના દર્શનની યાચના કરી રહ્યા છે. મહત્ કૃષ્ણનું આવું આકર્ષણ એજ એનું રમ્ય સંગીત છે, એજ કૃષ્ણની મોરલીનો હૃદય ભેદી સુર છે. એમની કૃપાનું ફળ તે જ્ઞાનોઉદય છે. અજ્ઞાનમાં પ્રકાશ કરનારી તેજ ચંદ્રની આનંદ જનક ચંદની છે. ભાગવતનું એજ પરમ રહસ્ય છે.]

(વસંતતિલકા.)

બોલો તમે મુકુલ બાલ મુકુંદ શ્યામ
ગોપીજનો મન તણા અભિરામ ધામ,
સૌન્દર્યતા ખીલી રહી પ્રભુ ચાર પાસ
મંદં વહી રહી વળી યમુના વિશાળ. ૧
રંગે રમી રજનિનાં સુખ ભોગવીને
અંગે ઘસી મધુર ગંધ સગંધ પુષ્પ
શૃંગારના રસ ભરી મત પ્રેમ હર્ષે
આ વલ્લરી રમણ વલ્લભની સમીપે, ૨
યાચે જુઓ કર ધરી સ્વજ પુષ્પ શુક્લ
આલિંગવા ફરી ફરી નિજ નાથ અંગ,
ના પ્રેમ પાન કરતાં થઈ તૃપ્ત તેથી
જાણે પ્રયાસ કરતાં પ્રિયમાં સમાતી ! ૩
પ્રેમે તણાય જગ આ પ્રભુ પ્રેમથી તે
ભાળો જરાક મુરલીધર નેનથી, ને
આવ્યાં સપ્રેમ કરવા મધુપાન તેનું
ચીર્યું હૃદે વૃજ મહીં શુણી ક્હાન વેણું, ૪

તેને હવે પ્રિતમ પ્રીત વિસારી આજે
બાળાપણે રમણ અંક રમાડી જેને
બોલો નહીં રીસ ધરી જયમ હોય વ્હાલા
એ પ્રીતની રિત શિખ્યા કહિથી વળી હા! ૫
જેણે હર્યું હૃદય કોમળ અંગનાનું,
બાંધી લીધું જગત સર્વ રસે તણાતું,
બ્રહ્માંડમાં છલક પ્રેમની છાઇ જેણે
સંગીતના રસથી કૃષ્ણ! કૃપાળ રૂપે, ૬
તે મોરલી હરિ! હવે, મુખમાં ધરો ને,
તે દિવ્યસુર રમણી પ્રિય તોષવાને
ખેંચો ફરી જગત કૃષ્ણરૂપે બતાવો
ગોપી બધી હૃદય રાગ મહીં રમાડો. ૭
શું કામ કામણ કરી મુખ ફેરવીને
ઉભા અને નયન કાતર શીદ મારો ?
પ્રેમે રમે વન બધું થઈ પ્રેમરૂપ
પ્રેમાળ મૂર્તિ અમને શિદને સતાવો ! ૮
હોયે કશું કવણ જો અમમાં જરા તો
મારો તમે નયન બાણ હૃદે ધર્યું આ.
નિર્દોષિને પણ પ્રભુ પિડતા અરેરે !
ન્યાયી પછી કયમ કરી ઠરશો વિભો હા! ૯
આનંદ મગ્ન હસતા શુણી સુંદરીની
પ્રેમે ભરી મધુરસી મિઠડી વિનંતી,
ધારી કરે મુરલિ નૃત્ય કરી મુરારી
ગોપી ગળે પ્રણયમાં કરને વિંટાળી, ૧૦

પ્રેમે રમાપતિ રમે સઉ ગોપી સંગે
આકાશમાં ખીલી રહી શીત ચંદની, ને
પ્રેમે વિલીન સઉ જગત થયું હરીમાં
તે પ્રેમ પ્રેમ પ્રસરો સરવે જનોમાં. ૧૧

સૃષ્ટિ.

[સૃષ્ટિની રચના તે મહદ્ અને જીવાત્માઓના સંકલ્પના સંઘાતેજ બનેલી છે, અને જેમ જેમ એ સંકલ્પો વિસ્તરે છે, બહાર પ્રકટ થાય છે, તેમ તેમ બીડાયલા કમળની પાંદડી ખુલતાં એમાંથી ઉડતી સુગંધની પેઠે આ સૃષ્ટિ ખીલી ઉઠે છે. આવી સર્જન દૃષ્ટિ આ કાવ્યનું જીવન છે]

નવ જગાડ પ્રિય તું હૃદય માહરૂં
રૂંધાયું રચના મહીં આજ.
વિશાળ વ્યોમ મહીંથી નિતરે
શીતળ ચંદ્રની ચંદની આજ,
ગ્રહ મંડળ પણ ગળતું ટપકે
ધવળ કિરણ ધારેથી આજ,
અમૃત દિવ્ય ઝરણનું ઝરતું
મોહક મન કરતું રળિયાત.
વન ઉપવનમાં તરૂવર સીંચી
રેલાતું સરિતાને ઘાટ,
પથરાતું સિકતાપર સુંદર
રમ્યભાવ ઉપજાવે આજ.
શાન્ત સરિત ગંભીર જળ વ્હેતું
શાન્ત પડે હિસતો સંસાર,

પશુ પંખી સઉ શાન્ત થઇ થઈ
નિદ્રામાં લેતાં વિશ્રામ.
ધીર સમીર વહે વન વનમાં
મંદ સ્હેજ શીતળ શી ધાર !
સ્હેજ તરૂવર ધાર હાલતી
મંદ પવન ઘર્ષણુ સુખ કાજ.
તરૂવરને વળગી રહી વલ્લરી
ભાવ ભજે વિધ વિધ શૃંગાર.
કઠોર પણુ કોતર શો સુંદર
કોમળ ભાવ ભરે આ વાર !
આ રચનાની ગૂઢ શાન્તતા
ગાય ગાન એ દેવ સમાજ,
એ રચનામાં અણુ અણુ વ્યાપ્યું
હૃદય પ્રિયા ! નવ હવે જગાડ.

દિવ્ય સુર.

[પ્રાપંચિક જગતની પારના અને તેના અધિષ્ઠાનાત્મક અચિંત્ય, અનંત, અજ અને આનંદ રૂપ પરબ્રહ્મના દર્શન પછી સૃષ્ટિમાં ઉતરતાં મહદ્ અને પ્રત્યગાત્માના અભેદની ભૂમિકામાં રહીને પરમ દર્શનની સ્મૃતિનું ધ્યાન કરી ક્ષણેક તેમાં લીન થતાં, જે અપૂર્વ સુર–સુરતામાં એક તરફ એકતાનું, કૈવલ્યનું, અસ્પષ્ટ ભાન, અને બીજી તરફ આવી સૃષ્ટિની સમષ્ટિમાં પ્રકટતા આનંદવાળુ ભાન રહે છે, એવી અપૂર્વ ચિત્તસ્થિતિ વાળું યોગ દર્શન આ કાવ્યનું જીવન છે.]

સાંભળ સુર મધુરો આવે
મંગળમય જગ રેલાવે ! ધ્રુવ૦

વિણુ શબ્દ મધુર સુર ન્હોય સૃષ્ટિનો
સૃષ્ટિ પારથી આવે,
સૃષ્ટિનાં અણુ અણુમાં વ્યાપી
ચેતન જડમાં લાવે.
હ્રદયના રાગ રમ્ય ઉભરાવે,
જડ ચેતન એકજ ભાવે— સાંભળ૦
એકજ મંગળ ભાવ ભર્યું વન
ગરજે વિધ વિધ નાદે,
સર્વ નાદ શા ભળતા ભેળા
દિવ્ય સુર આલાપે!
રમણિય સૃષ્ટિ વિસ્તારે,
રમવાનું એમાં તારે— સાંભળ૦
નહીં કદિ અનુભવમાં આવ્યું
અનુભવમાં નહિ આવે,
સાંભળ સુર સાંભળ આ મધુરો
દૃષ્ટિ અલૌકિક આલે,
કૈં નૂતન તેજ બતાવે!
આનંદ હ્રદય ઉભરાવે— સાંભળ૦
પ્રેમ ભર્યો માનવ નાચી લે
રમ્ય સૃષ્ટિ વિલસી આ,
નિર્મળ હ્રદય તણી રચના એ
વિલોપ થાશે પળમાં
ખેંચતાં સુર દિવ્ય અંતર્ એ,
આત્મમાં શાન્ત થઇ ઠરશે— સાંભળ૦

જુની ચશ્મે નવો આ રંગ!

[સહિષ્ણુતાનું શાન્ત દર્શન આ કાવ્યનું જીવન છે.]

(ગઝલ.)

જગત્ મિથ્યા તણા મિથ્યા બધા તે ભાસ ભૂલી જા,
સુખે સુખી દુખે દુઃખી થતો તે દિન ભૂલી જા.
ખલકમાં ખૂબ ખેલેલો દિવાનો થઇ હતો તું જ્યાં
પડયા તે પ્રેમના કારી હૃદેમાં ઘા વિસારી જા.
ખરા મિત્રે ફસાવેલા દિનોનાં દર્દ ભૂલી જા,
બચાવ્યો સાધુએ તેનો કર્યો ઉપકાર ભૂલી જા.
સગાં વ્હાલાં વળ્યાં ટોળે કર્યા જે લાડ ભૂલી જા,
અને શત્રુ તણા ખોળે વિતાવ્યા કાળ ભૂલી જા.
પડયો ભૂલો ભ્રમણમાં તું ભમ્યો તે કાળ ભૂલી જા,
ભમ્યો, વા ના ભમ્યો, તેયે વસંતે આજ ભૂલી જા.
વિકારો આ બધા જગના જગત્‌ની સાથ ભુલી જા,
થયું જ્યોતિર્ જગત્ બ્રહ્મ! ભર્યો આનંદ ચાલ્યો જા.
જુની ચશ્મે ચઢયો આ રંગ રંગે તે રીઝાવી જા,
હતો જાણે પ્રથમથીયે અખંડાનંદ તું થઇ જા.

અમર આત્મા.

[આત્માના અમરત્વનું સ્પષ્ટ દર્શન અને તેનાથી જીવનમાં પૂરાતો દઢ ઉત્સાહ આ કાવ્યનું જીવન છે.]

અરે શી ઉત્કટ મન અભિલાષ
જન્મથી મરણ અન્ત પર્યાસ!
તિવ્ર આ રાગ દ્વેષ ઉભરાટ,

મૃત્યુંની કરાળ કાળી જવાળ,
તેય પણ જયહાં મંદ પડનાર,
ધર્મને અર્થે પ્રાણ ત્યજનાર !
એવા લોક અનેક જ્યાં વિધ વિધ રૂપ ઉભરાય,
આ જીવન રસ ઝોકમાં ડુબી રહ્યો સંસાર !
સાર સૌ આ શું મૃત્યુ માટ ?
જીવનનાં પચાસ વર્ષ ગણાય ?
અને પગ પડયો મૃત્યુ મુખ માંય
'આશનો ડુંગર ખડકૂયો જાય !
મૂર્ખ ! આ હૃદયવેંધ કલ્પાન્ત
મૃત્યુને માટજ કેમ મનાય ?
આ જીવન–રસ મૂળનો અમર કુંપ અભિરામ
અજર અમર જીવ એકલો કરતો વિવિધ વિરામ,
નામ સંસાર કહીને !

સૃષ્ટિનો ખેલ.

[મૃત્યુમાંજ જીવનવાળા સૃષ્ટિના આવા ખેલનું આશ્ચર્યદર્શન આ કાવ્યનું જીવન છે.]

મુજ મન કૈં ગભરાય
પંખિડા નાચ નહીં તું,
સુંદર ફુલની ધાર
અરે ! કચરાય નહીં શું ?
કોમળ સુંદર કાય
મધુર અથડાવ નહીં તું,
તીક્ષ્ણ ફુલની ધાર

ભોંકશો બ્હીક નહીં શું ?
નિર્દય ! કેસર નાળ
ચુંટતો ચંચુ ભરી તું !
રમ્ય સૃષ્ટિ તુજ જાત
રમ્યને ખાય અરે શું !

(સોરઠો.)

વિપરિત શો વ્યવહાર હૃદભેદક નજરે ચઢે.
સુંદર પંખીરાજ સુંદર ફુલને ખાય હા !
અહો ! શું નૃત્ય કરી કરીને
પંખિડું ગાતું વનમાં એ,
ચંચુમાં ગ્રહી પુષ્પ દલને
રચે શું સૂત્ર સૃષ્ટિનું એ !

(સાખી.)

આ પુલના આધારથી સુંદર મારો દેહ,
નાશ વિના ઉદ્ભવ નહીં સૃષ્ટિનો એ ખેલ !
અરે હા ! ખેલ સૃષ્ટિનો એહ !
મૃત્યુમાં જીવન સૂત્ર રહેલ !— અરે હા.

દુખમાં તું એકજ આધાર.

[મૃત્યુના મિત્રભાવનું અદ્‌ભુત દર્શન આ કાવ્યના ઉત્સાહનું પ્રેરક છે.]

(ગઝલ.)

આવ આવ મૃત્યુ ! હું ભેટું
પ્રેમ ભર્યો વીર ! તુજને આજ,
દુખ સહભાગી મિત્ર જગતના
તે સઉનો છું તું શિરતાજ.

મિત્ર મિત્રને મળતાં વ્હાલે
પ્રેમ ધૂન ઉડશે અંબાર,
પ્રેમ પાન કરતાં જગમાં કૂહે
પ્રેમી જનને કેવી લાજ ?
સુખમય ધામ સ્વધામ સિધાવા
ફફડાવું હું પાંખ લગાર,
દુખ રૂપ બંધન બનતું તન આ
હરવા મિત્ર સદા તૈયાર !
દૃષ્ટિ મારી દિવ્ય સ્થાનમાં
જવાય ના તેનો દુખભાર
દીન નયન અશ્રુમાં ઝરતો
જળ ચુંબન કરતો તું યાર.
સંસારી કૂહે શત્રુ તુજને
લગાર ના તેની દરકાર;
સુખના સાથી સર્વ કોઇ, પણ
દુખમાં તું એકજ આધાર.
આવ મિત્ર એ મૂર્ખ સંગ સહુ,
આત્મમિત્ર આપણુ સંઘાત.
આવ આવ, મૃત્યુ હું ભેટું
પ્રેમ ભર્યો વીર ! તુજને આજ !

વિશ્વવિલાસ.

[પ્રકૃતિ અને પુરૂષના અખંડ ચાલી રહેલા વિશ્વવિલાસનો આનંદોત્સવ આ કાવ્યનું જીવન છે.]

મધુર મલય વા પરિમળ સંગે વહતો વન ભર મદમાં
મંજરિ થકી મકરંદ ગળંતાં અલિગણુ જ્યાં ગણુગણુતાં
નટવર રસરૂપ રૂતુવર રાજે,
રમોં રમોં રાધા સંગે અંગ ઉમંગ ભરે રસ રંગે— ધ્રુવ.
મદભર આ મધુમાસ કુલ્યે મનહર મધુ માલતી કુંજે
આંબા ડાળ ઝુકયે ઝુલતી મધુ કોકિલ વેણુ શુણાવે—નટવર.
નવિન કુસુમભર લચિત લતા જે તરૂવર પર સખિ સાથે
હાથે તાળ લઇ રસ માણ્યે પુષ્પ ગરે ઉપર તે—નટવર.
રસબસ થયલી વનમાં લસતી વલ્લરોં ભૃંગનોં સાથે
મલય અનિલસુ નૃત્ય કરંતાં રેણુ ગુલાલ ઉડાડે—નટવર.
વક્રાકાર વહંતી યમુના નિર્મળ સુજળ તરંગે
મંજુલ ગુંજન કરતી જાણે પ્રવિણુ શી પટહ બજાવે—નટવર.
નવ પલ્લવભર મુકુલિત મદશર સમિત કદંબનોં કુંજે
અથડાતાં આલાપ કરંતો પવન વહે વિચિભંગે—નટવર.
પીનં પયોધર પીડતાં પ્રમદા ગાઢ ભરોં ભુજ કંઠે
શિથિલ કરે કર કમળ રમણી તવ પટકુળ સરીં સરોં પડતે—ન.
મત્ત ગજેન્દ્ર સમો મલપંતો ભમર ભર્યો ચઢોં રમણે
તરત ઉરાડોં ત્રિભુવન ધારણુ કૃષ્ણુ સ્વરૂપ આચ્છાદે—નટવર.
શ્રમિત લુલિત વપુવલ્લી પરે વળી શ્રમજળ બિંદુ સુહાવે,
ચંદ્ર તણાં શુધ ધવલિત કિરણે મૌક્તિક માળ મનાવે-નટ.
રાધાકૃષ્ણુ રમે રસ ઝીલતાં રાસ રસીક જગ જાણે,
રાધા કૃષ્ણુ જુવે સઘળે ત્યમ કૃષ્ણુ રાધિકા ભાળે-નટવર.

તમહર મુદભર નિશપતિ નભમાં સુંદર શશિવર ઉગ્યે
રાધા કૃષ્ણ ઉભય રૂપ એકજ ભિન્ન છતાંય જણાવે-નટવર.
કેલિ કલહ કલ કલ રવ કેરા ઘોર વડે વન ગાજે !
વૃન્દાવનની કુંજનીં કુંજો રાસ વડે એમ રાજે—નટવર.
પ્રકૃતિપુરૂષનું રમણુ મનોહર મોહ કરી મન ઘેરે,
સહૃદય જનને સુખદ સદા તે જગમાં મુદ વરષાવે-નટવર.

અનંત કાળ.

[કાળ પ્રજાપતિના અનંત ચિત્ના સ્વરૂપમાં સંસારનું કરૂણ દર્શન આ કાવ્યનું જીવન છે.]

હે ! તું ગરીબ જનના બેલી
આળોટી આગળ જા ની,
રખડાવી લાવ્યો વીંધી
તે પંથ વિકટ ભુલવ ની.
હા ! દિવ્ય પ્રભુતા વાળી,
જીવનની દોરી ઝાલી,
રમતો શું બેદરકારી,
હે કાળ કઠણ ખેલાડી !
ભુલવ પ્રથમના પ્રમાદ દુખદા,
અનંતતાના સ્વામી,
ચિત ઉદ્ભવ ચિતમાં લય થાવા
આગળ વધતો જા ની
લેઈ આ મનુષ્ય જાતી આવી
ઉચ્ચને ઉચ્ચ સ્થાન માંહી !

હે ! તું ગરીબ જનના બેલી,
આબોટી આગળ જા ની.

કાળજ્વર

[કરૂણાળુ કાળનું અહીં ભયાનક દર્શન છે]

હે રમણ ! આ તુજ રમણ દુભવે
　રમતી છબીને તારવી !
મુદ્રા સદા હસતી હતી
　તે આજ રહી સંભારવી !
વાત્સલ્યભાવે તું ભરેલો
　આજ્ઞા ગુરૂની માનતાં,
નિર્દોષ તારી વાતમાંયે
　ઉચ્ચતાજ બતાવતાં.
તે હાય ! કોમળ કાયને
　વિકાળ કાળે ઝાલતાં,
રડતાં મુકી અમને અહીં
　સરકી પડયો અમરત્વમાં !

આશાવલંબ.

[અમર આશામાં પોપાઈ રહેલા જીવનનો ઉત્સાહ આ કાવ્યનો આત્મા છે.]

(શિખરિણી)

રમન્તો વાસંતી મધુર રવથી કૈંક સરતો
ચઢી વૃક્ષે વલ્લી મુદિત મનથી નૃત્ય કરતી
રમી સંગે તેની રમણી મદમાં મોહિત કરી
અહીં વાયુ આવ્યો મધુર સુમ આમોદ પ્રસરી. ૧

તણાયો લ્હેરીએ રમત કરતાં રંગ મહિ હું
ગળ્યો વાયુ સંગે તન મય થયો એક રસ હું,
ન જાણ્યું તેથી મેં કહિ કહિ જઉં હું રખડતો
ઉઘાડી ચક્ષુને નજર કરી તો ઘોર વનમાં ! ૨

અહા ! શી શોભા આ મનહર ઘણી દિવ્ય વિભૂતિ
જરા જોતામાં તો ગલિત કરતી મોહજનની,
રહ્યાં શોભી ચારે દિશ મહિ ભર્યા નીર ઉજળાં
સરો એવાં ચોખ્ખાં કમળ વનથી શોભિત બન્યાં ! ૩

રહ્યાં ઝુંડાં એમાં ભ્રમર ગણનાં ગુંજ કરતાં
મધુ ચૂસી ચૂસી મદથકી અતિ મસ્ત થયલાં,
શશિ ઉગ્યો તેનું કમળ જળમાં બિંબ પડતાં
નિહાળી શોભાને ગ્રહણ કરવા પ્રાણ વળતાં, ૪

પડ્યો કુદી એમાં નહિ મન ધરી બ્હીક ડુબવા
તણાયો મોઝાંએ, નયનપટ અંધાર વળતાં
મને દીઠા ત્યાં તો ભવ વહી ગયા સાત સરવે.
ડુબ્યો જાણું એવે કંઈક રમણી હસ્ત અડકયે, ૫

ધર્યું પાછું ધૈર્ય પ્રબળ મન વેગે વિચરવા,
મહા મોહે તાણ્યો કમળ સુમને હસ્ત કરવા.
પડ્યો પાછો વેગે ગહન જળના ગુંજ મહિ હું
ગયો પાતાળે, ને ઉછળી નિકળ્યો એક પળમાં, ૬

ડુબું પાછો જેવો, રસમય થઈ પ્રેમ લતિકા
અહા ! પ્રમે લાવી કર કમળ આલંબ કરવા !
ગ્રહી તેને ડુબ્યો સરજળ થકી બ્હાર નિકળ્યો.
ન જાણું હું, હોયે જીવિત સુખદા કોણ પ્રમદા ! ૭

જીવાડીને ચાલી ગગન મહિ તે ગાન કરતી
મધુરી મીઠી શી ! યુવન મદમાં છેક યુવતિ
છકેલી જાણે એ કનક વરણી કુન્તલ છુટ્યે
ક્ષણે ચાળે હસ્તે મૃદુ પવન ઉડ્યા વસનને ! ૮
ગઈ દેવી કો એ મુકી રખડતો છેક મુજને
વિના આધારે હું ટળવળી મરૂં નિર્જન વને.
વિસારી એને કૈં લલિત વનની રમ્ય રચના
રહ્યો જોતો ઉભો નજર ગઈ શોભી રહી લતા. ૯
રસે પુરી લીલી પ્રણય જળથી ભીનો તરૂને
અતિ પ્રેમાવેશે પ્રફુલ વદને અંગ મરડી,
અહા ! આ માનીની પ્રિય પતિ તને બાથ ભીડતી
શિરે બાળા મૂકી તનુજ જગને મોહ કરતી. ૧૦
દિઠું જ્યારે એવું મનહરણ શિરાભરણ મેં
ઉડયો લેવા તેને ગગન મહિ હું મત્ત થઇને,
મહા માયા પાશે પરવશ પડયો છેક દવમેં
લીધું ના ત્યાંથી ને નભ થકી પડયો હું ભૂમિપરે ! ૧૧
ગયા જાણી પ્રાણ પ્રબળ પતને ઢાળી નયનો,
પડયો જેવો હેઠો શિરિષ સમ ઠંડા શરીરનો
થયો જાણી સ્પર્શ પ્રમુદિતમના નેત્ર ઉઘડયાં,
દિઠી ત્યાં તે બાળા કમળ કરથી બાથ ભીડતાં ! ૧૨
થયો પ્રેમે પોચો વદનશશિને જોઇ વદતાં
દયાળુ દેવી કો સકળ જગને દુઃખ સમયે
ઉગારો આવીને મરણ ભયથી બાળ યુવતિ ?
કહી “ આશા ” એવું તરત ગગને તે ઉડી ગઈ ! ૧૩

ઇતિ શિવમ્.

માર્ગદર્શી ટીકા.

પૃષ્ટ.

૩. (૪) પ્રતાપી રામચંદ્રના લોહીથી ભરેલી નસોવાળા સિસોદીયા રાજ્ય-
પુત્રોના માથાના મુકુટ, મહારાણા પ્રતાપ !

૪. (૭) તારા રાજ્ય છત્રની લક્ષ્મી પ્રજાને ચંદ્રની ચંદની સમાન પોષક હતી.

૬. (૩૬) ગઢવી ! દુઃખની જે ઘડીઓનું તમે વર્ણન કર્યું તેવાં દુઃખ તો મેં
યજ્ઞમાં પુષ્પની આહુતિઓ કરીને હોમી દીધાં; એટલે હવે તેમનો મને
વિચાર સરખોય થતો નથી.

૯. (૬૧) રાજ્યબાળકોમાં સ્વાર્થ બુદ્ધિવાળો, અને તેમનાં સુખ દુઃખથી સુખી
દુઃખી થતો પિતાના ધર્મવાળો પ્રતાપ, તે એક સામાન્ય દેશભક્ત હતો.
અને તેથી એવી વ્યક્તિ તો ધર્મ પ્રમાણે મહારાણાને શર્ણ થઇને કયા-
રનીય યુદ્ધમાં ખપી ગઇ. હમણાં જે આ પ્રતાપ તમે ઉભેલો જુવો છો,
તે તો કેવળ દેશનો દાસજ છે. એનાં બાળક તો હવે એની પ્રજાજ છે,
અને એની પત્ની હવે આ વસુંધરાજ છે. અર્થાત્ મને આ મારા મહા-
વ્રતમાં મારાં બાળકો કે સગાં સંબંધી કદિ વિઘ્નકર બનવાનાં નથી.

૧૧. (૮૮) કીર્તિ એ તો ઠાલા શબ્દોજ છે, અને સ્વાર્થી લોકેજ એને એટલી
બધી મહત્તા આપી છે. પારકાને માટે દુઃખી થનાર મૂર્ખ માણસનો
જાણે ઉપહાસ કરવા અર્થેજ સ્વાર્થી લોક તેના દુઃખમાંથી મળતો લાભ
લેઇને એની વાહવાહ બોલે છે. પણ હે ! રાણા, આંખ ઉઘાડીને જરા
ઉંચુ જો, આ બધો સંસાર સ્વાર્થનાજ તાર ઉપર રચાયો છે. સંસારની
પાર વળી સુખની ખીણો આવી છે, એવી કોની ખાતરી છે ?
(૯૪) તારી વાણીનું ઝેર આ રાજ્યના સ્થંભ રૂપ પટાવતો ઉપર કાંઈ
અસર કરી શકયું નથી, તે એમની ક્રોધ ભરેલી મુખમુદ્રા ઉપરથી તને
જણાયું હશેજ. એક વખત દાસત્વને સ્વીકાર્યું, તો પછી સ્વતંત્રતાના
ઉન્નત ભાવની સ્થિતિ ક્યાં રહેવાની ? દાસત્વની સાથેજ આત્મા નીચે
પડે છે. અને એવા નીચ આત્મા અને દાસત્વના યોગમાંથી સ્વાતંત્ર્યની
ઉત્પત્તિની આશા કેવી ? દાસત્વ અને નીચ આત્મા તેમના સંયોગે
તો દાસત્વનોજ જન્મ અને વંશ.

૧૩. (૧૧૯) અરે પાપી ! એક વખત જેને સ્વામી કરીને સ્વીકાર્યો, તેના દુ:ખના કાળમાં વિશ્વાસઘાત કરીને તેને હણુવો એવું નીચ અને પ્રપંચી કર્મ મારી મેવાડ ભૂમીને છાજે તેવું નથી. અવશ્ય તારા વિચારમાં નીચની છાયા ફરી વળી જણાય છે.

૧૪. (૧૨૧) પ્રતાપની ઉચ્ચ ભાવનાને અનુમોદન આપતાં પટાવતો કહે છે કે, ખરા વીર તો પોતાના ધર્મ્ય કાર્યના પરિણામે એમનો વંશ રહેશે કે કેમ તેનો કાંઈજ વિચાર કરતા નથી. એ વિચાર તો ઇશ્વરને કરવાનો છે, અને તેથીજ એવા ઉચ્ચ પુરૂષોનો વંશ અને કીર્તિ એક ધારી ચાલી આવે છે. (૧૨૪) પ્રતાપ કીર્તિના સંબંધમાં ઉત્તર આપતાં કહે છે કે, કીર્તિ એ દેવતાના ભાગ્યની મોંઘી વાસના છે. અને એવી કીર્તિ ધર્મને અવલંબી યજ્ઞમાં આહુતિયો આપતા યોદ્ધાના હર્ષની ગર્જના ભરી ઇશ્વરે બાંધેલા નિયમની વિજય ઘોષણા રૂપ છે; અને તેના સામું જોવાનોય તારા જેવાનો અધિકાર નથી. કીર્તિ એ શુદ્ધ આત્માની સુગંધ છે. કીર્તિનો ઉચ્ચાર એ ગમે તેવા માણસે કરેલી પ્રશંશા નથી; પણ લોકસંગ્રહ રૂપી યજ્ઞ કર્મમાં પ્રવૃત્ત થએલા વીર યોદ્ધાઓની હર્ષગર્જનાથી ભરેલી એ કીર્તિ તો યજ્ઞમાં આહુતિરૂપ થતા વીર્યની સાક્ષાત્ સૃષ્ટિના નિયંતા ઈશ્વરેજ પોકારેલી વિજયઘોષણા છે. એવી આહૂતિ રૂપ થતા વીર્ય ભર્યા સ્વતંત્ર આત્માની જાણે એ દિવ્ય સુગંધ છે ! પરમાર્થના ધર્મ કાર્યના પરિણામે મહાત્મા પુરૂષોના પવિત્ર હૃદયમાંથી તેને દબાવીને દેવતાઓએ નીગાળેલો સ્વાદીષ્ટ આસવ છે. અને એવા આસવના ભોક્તા રામ કૃષ્ણ અને સંગ જેવા બહુભાગ્ય મહાત્માઓ છે.

૧૫. (૧૩૨) જે મહાત્માઓ આત્મામાં શાન્ત થવા પ્રયત્ન કરે છે, તેની પાછળ આવી કીર્તિ તો વગર શોધ્યે ભમ્યાજ કરે છે. તારા જેવા સૃષ્ટિની દૃષ્ટિવાળા તે આવા પ્રચંડ તેજ ભણી કેમ જોઈ શકે ? હે મૂઢ, વીરપુરૂષોની ધર્મ્ય વીર્યની કળાનાં કારણ શોધવાનો તારો પ્રયત્ન મૂકી દે. તને તો તારો સ્વાર્થ ભર્યો નીચ સંસારજ સારો છે.

૧૭. (૧૧) પૃથ્વીના ઉપરે એટલે ધર્મભ્રષ્ટ થયેલા પૃથ્વીરાજના ઉપર. જુવો, જે સૂર્યની જ્યોતિ તમે તેજસ્વી ગણી હતી તેય પણ મારા પાય તખ્તે દીન બનીને હવે નમી રહી છે. મારા રાજ્યની કળામાં માત્ર એટલીજ ખામી હતી, તે કળા હવે જરૂર સર્વાશે પ્રકાશશે.

૧૯. (૩૨) આ ભારત ભૂમિમાં માત્ર એકજ તેજનો દીપ લાગતો રહ્યો હતો, તેને ઓલવી સર્વત્ર અંધકાર કરી નાખીને તેં શું જીવતા રહેવાની ઈચ્છા કરી? (૪૦) સંગના વંશનો મ્લેચ્છના ત્રાસને તુચ્છ જેવો ગણે છે. સ્વાતંત્ર્યનો તેજસ્વી મ્હેલ પૃથ્વીથી સ્વર્ગ પર્યન્ત ઉંચો છે, અને તેની આજુબાજુની ખીણો માંસ અને લોહીથી ભરેલી છે. એ મ્હેલનું રક્ષણ કરતાં ઘણા મેવાડી વીર મરી ગયા અને તેમના લોહીથી એ ખીણો ભરાઈ છે, છતાં, યાદ રાખજે કે, તે બધા પ્રાણના શરીરે પણ એ માંસ અને લોહીની ખીણોમાં તરતા રહીને સ્વાતંત્રયનું રક્ષણ કરે છે. એ પુણ્ય મ્હેલમાં મરણ પછીના સૂક્ષ્મ દેહનોય નાશ થતાં પણ તને પેસવા નહીંજ દે. કારણ કે, એજ મ્હેલમાં સ્વાતંત્ર્ય—સુંદરીની સાથે અમારે શાન્તિમાં પોઢવાનું છે. એ મ્હેલમાં કીર્તિનું તેજ છે. એજ આ દુઃખની ગુપ્ત સૃષ્ટિમાં શાન્તિનું સ્થાન છે, એમ અમારી મેવાડ ભૂમિમાં દૈવે સર્વ વીરને જન્મથીજ શીખવ્યું છે.

૨૧. (૫૮) સંકલ્પ કરવા તમારા પ્રાણરૂપી જળની અંજળી ભરો. અને એ વિકટ કાર્ય જોતાં આ મારૂં હૃદય ચીરાશે, પણ જરાય ન ડરો, એને ચીરાવા દો. ભલે તમે તે મારા હૃદયને ચીરીને જ, આ યજ્ઞમાં આહુતિ આપો.

૨૨. (૬૯) આપણું શરીર છે તે મેવાડની ભમિજ છે.

૨૩. (૮૩) પૂર્વે થઈ ગએલા મહાન વીર પુરૂષોની વાતોના દૂધનું—વીર્યનું પાન જન્મથીજ તેં કરાવ્યું હતું. અને એવી રીતે તેં આ શરીરના પ્રાણને પોષેલો હોવાથી આ શરીર તે તારૂંજ છે. આવી રીતે માતા અને પુત્રને અપૂર્વ પ્રેમ બંધાયો હતો, તેથી હું તને જોઇને સદા નાચી રહેતો. અને એ મારો આનંદ જોઇને તું પણ શરીરે પુષ્ટ થયા જતી. આવા પ્રેમનાં સુખી દુઃખડાં હું રોજ નિદ્રામાં જંખ્યા કરતો હતો. આવા અન્યોન્ય આનંદના દિવસોમાં એવું ભાન નહોતું કે આપણાં બન્નેનાં હૃદય સાથે રડાવે એવા પણ દહાડા આવશે? આ દિવસની શરૂઆત થતાં તે દુઃખથી ઉગરી જવા મેં યુદ્ધ કરી કરી ડુંગરોને લોહીથી નવાડયા, અને માંસથી તેની ખીણોને ભરી કાઢી, પણ આપણા નશિબમાં એ દુઃખના સામું જોવાનું રહ્યું જ!

૨૭. (૧૬) પ્રતાપનું વાત્સલ્ય પ્રજાનો પોકાર સાંભળીને ગઢવીની યુક્તિની

વાતને સહન કરી શકતું નથી. એવે પ્રસંગે વીરને પરિણામનો વિચાર કરવાનો આવકાશ નથી, તેથી એકદમ એકલે હાથે શત્રુના સૈન્યમાં તૂટી પડી ફળનો આધાર ઇશ્વર ઉપર નાખી દઈ, પ્રજાના પોકારનો તેણે પ્રત્યુત્તર આપ્યો.

૨૮. (૩૮) માંસ અને રૂધિરનો આ સૃષ્ટિમાં અવશ્ય નાશ છે. એને સાચવી રાખ્યાંય તે સચવાવાનાં નથી. આત્મા તો અમર છે, અને તેની જ્યોતિમાં મૃત્યુનો પણ નાશ થાય છે.

૩૧. (૬૪) આજનો દિન ધન્ય છે. પોતાના વંશજોનાં શરીરને બાળ કિરણથી લપેટી લેઇ તેમને હૃદય સરસાં ચાંપતો સૂર્ય આજે હર્ષ ભર્યો ઉગે છે. (૬૯) અમે તો પ્રાણજ આપીને માતાનુ પૂજન કરનારા છીએ. પરંતુ વણિકને પ્રાણના કરતાંય ધન વધારે વ્હાલું છે, અને તેવું ધન આપીને હે ભામાશા ! સ્વદેશ ભક્તિની તમારી મૂર્તી તમે બહુજ સુંદર પ્રકટ કરી છે. આપણા દેશની કીર્તિમાં તમે સો ઘણો આમ વધારો કર્યો, તેથી આ અમે–રાજ્યલક્ષ્મી તમને પુષ્પથી વધાવવા તૈયાર થઈ રહ્યા છીએ.

૩૨. (૮૧) જે ક્ષત્રિયો પોતાનું ન ચાલ્યે તમને નમ્યા છે, તે જો કે અમારી આર્યની કીર્તિના તો ફીકા દીવા જેવા થઇ ગયા છે, તોપણ તમારા તાજમાં અમુલ્ય તેજના પુંજ પુરશે; માટે એમને બહુ સંભાળથી તમે જાળવી રાખજો.

૩૩. (૯૦) રાજાનું સ્થાન પ્રજાના સ્થાનથી જુદુ છે. અને તેના ધર્મ પણ જુદાજ છે. રાજાના સ્થાનને યોગ્ય જાણીને ઇશ્વરે તને એ સ્થાન આપ્યું છે. પણ જ્યારે તું પ્રજાના ધર્મનોજ સ્વીકાર કરીને સ્વાર્થ અને ઈન્દ્રિયોના વિષય ભોગમાં પડીશ, ત્યારે તરત એવા ઉંચા રાજને સ્થાનથી તને ઈશ્વર તાણી પાડશે, અને પ્રજાના ધર્મનો તેં અંગિકાર કર્યો માટે એક સામાન્ય માણસની સ્થિતિએ તને લાવીને મુકશે. હે મિત્ર, રાજાનું સ્થાન પવિત્ર અને દિવ્ય છે, એ સત્ય તું કદિ પણ વિસારીશ નહીં.

૩૫. (૧૧૪) જે બ્રાહ્મીસ્થિતિએ પૂર્વે આર્યાવર્તને અત્યુચ્ચ પદે ચઢાવ્યો હતો, તે શક્તિ આપનારી ભગવતી 'બ્રાહ્મીસ્થિતિ' પુનરપિ આ દેશનો ઉદ્ધાર કરો. સર. ગીતા. ૨. ૭૨.

૩૬. આખુ વિશ્વ તે આત્માનોજ વિલાસ છે, એવા સત્યનું આ કાવ્યમાં

સ્પષ્ટી કરણ થયું છે. વિજ્ઞાન વિના વિશ્વને સત્તા નથી, અને વિજ્ઞાન એજ આત્મ-વિકાસના ઉપર આશ્રિત છે. એટલે આત્મ વિકાસ પુરતુંજ વિશ્વ રચાઇ રહે છે. ઇશ્વરની સત્તા પણ ઇશ્વરના વિજ્ઞાનની સાથેજ સ્ફુરે છે. આવા જગતમાં પ્રકટ થતા ઇશ્વરનું નિયામક સ્વરૂપ કાર્યકારણ સંઘાતમાંજ પ્રકટ દેખાય છે. એ માયામાંથીજ માયાનો પ્રેરક પતિ પકડાય છે. આ કાવ્ય "વસંતસેના" ના કાવ્યનું અંતરગત સૂત્ર સમાન છે. સર. ગીતા. ૭. (૪–૭); ૯. (૪–૧૦); ૧૦. (૪–૬). છાંદો. ૬. (૨–૩) આદિ ખંડોની શ્રુતિ, અને ઋ. મં. ૧૦. ૧૨૯.

૩૭. બાહ્ય સૃષ્ટિ જ્યારે આન્તર્ સૃષ્ટિની સાથે એક્તા ભોગવે છે, ત્યારેજ આનંદનું સ્ફુરણ વધુટે છે, અને બાહ્ય સૃષ્ટિ રમણીય જણાય છે. આંતર સૃષ્ટિ તે બાહ્ય સૃષ્ટિની નિયામક છે, એટલે બાહ્ય વસંત અત્યંત મનોહર અને રમણીય બની રહ્યો છે, છતાં પ્રીતમના વિયોગથી ખિન્ન થયેલી નાયિકાના મનને તે આનંદ આપી શકતો નથી ! પણ ઉલટો,

> " વિલાસ સૌન્દર્યની રેખ રેખનો
> બની રહ્યો માર્મિક વેંધ ચિત્તનો ! " (૬૭).

૩૮. (૫) સૂર્ય વસંતના સામ્રાજ્યની લક્ષ્મીની સાથે સ્પર્ધા કરતો હતો, પરંતુ આખરે તે પરાભવ પામી, વસંતશ્રીની ઉત્તમતા સ્વીકારીને પશ્ચિમે પર્વત ઉપર અસ્ત થતાં, વસંતના મુસ્તક ઉપર જાણે વિજયનો કુંદન-તાજ મુકી રહ્યો છે.

૪૨. (૨૫) આનંદ એજ જીવનનું સત્વ છે. આત્માનું આનંદ સત્વ તે આ સૃષ્ટિનું હાર્દ બનીને અત્યારે વસંત રૂપે ખીલી રહ્યું છે.

૪૩. (૩૩) ગરીબ ગામડીયો જેમ ચક્રવર્તી રાજાના મ્હેલનો વિલાસ જોતાં દિંગમૂઢ બનીને ઉભો રહે તેમ, આ રમા વસંતલીલાને જોઇ રહી.

૪૫. (૪૫–૪૯) વસંતની આવી ગંભીર રમણીયતાએ નાયિકાના શરીરની ધાતુને વિસ્મયતાથી ટાઢી શિતળ કરી નાખી. અને તેના વિભવને જાણે પૂજતી તે ઉભી રહી છે, એટલામાંતો વિશ્વવિશાળતાનો ગેબી ધ્વનિ પ્રત્યા-ઘાત રૂપે હૃદયમાંથી ઉઠયો, અને તે માનવની અલ્પતાનું સૂચન કરતાં આ-ત્માની આ વિશાળ અને ભવ્ય સૃષ્ટિ ભણી દૃષ્ટિ નાખવાનું કહેવા લાગ્યો. આથમતા સૂર્યે ગંભીર અને અદ્ભુત રચેલી રચનાના ભયપ્રદ ધ્વનિમાં પણ આનંદનું જ સૂત્ર ગુંથાઇ રહેલું બતાવવા લાગ્યો. આવું અદ્ભુત રૂપ જોઈ

હે પામર મનુષ્ય ! તારૂં હૃદય થરથરે છે. તેથી તેને જરા દબાવી રાખ. આ તારી જ સૃષ્ટિ છે, પણ પૂર્વે નહી દીઠેલી હોવાથી તારા અજ્ઞાનેજ તને તે ભય ઉત્પન્ન કરે છે. પણ જરા આંખ ચોળીને તારી જ્ઞાન ચક્ષુ ઉઘાડ, અગર તારી ક્ષુદ્રતાથી પછી શરમાઇને હમેશને માટે નીચું ઘાલી રાખ.

૪૬. (૫૧) આ અદ્દ્ભુત અનુભવ થતાં એના ગદ્દગદ્દ કંઠમાંથી માત્ર હા નાથ ! હું એકલીજ આ વિભૂતિ પૂજવા આવી ! એટલાજ શબ્દ નીકળ્યા. તેની પ્રતિભાનું ચિત્ર આથી વધારે ખેંચીજ શકાયું નહીં.
(૫૩) જેમ વનના મધ્યમાં વસન્તની મનોહર ખીલેલી સૃષ્ટિનું અસ્તિત્વ વનાન્તમાં આવતી તેની વિરલ સુગંધજ બતાવી આપે છે તેમ, નાયિકાના અંતરમાં વિવિધ વૃત્તિયોનું જે નૃત્ય ચાલી રહ્યું હતું તે તેના કમળ જેવા કોમળ મુખની વિવિધ રંગમાં ખીલતી કાન્તિ બતાવી રહી.

૪૭. (૫૪) જ્યારે વસંતની સેના આ નાયિકાને વસંતશ્રીની સપત્ની સ્થાપીને રાણી રૂપે તેને વધાવી રહી હતી ત્યારે. (૫૬) સ્વામીના પ્રેમમાં લચી પડતા કંઠનું કમલપત્રવડે પૂજન કરવાનું રસમય સૂચન કરી, નાયિકાના સરળ હૃદયે એ કમળને ચુંટી લેવાની વૃત્તિ કરી. (૫૭) પછી એ વિલાસીની ડગલે ડગલે પોતાની સપત્ની વસંતશ્રીનો ગર્વ ઉતારવા લાગી, અને સરોવર આગળ પહોંચતાં તો નાયિકાના વૃદ્ધિ પામેલા લાવણ્ય આગળ પરાજય પામીને વસંત લક્ષ્મી તેને પગે પડીને જાણે નમીજ રહી.

૪૮. (૬૦) અરે, મનુષ્યની આ શી અંધતા, શો એનો ગર્વ ! આવી દિવ્ય પ્રભાવની વિકાસતી કળા તે વળી વને વને હોય ખરી કે ? એવી વિરલ શોભા ભણી પણ મનુષ્ય જાતી કેવી દુર્લક્ષ રહે છે ! (૬૧) બીજા ગમે તેમ દુર્લક્ષ હશે, પણ હું તો તને એમને એમ નહીજ ખરી પડવા દઉં. મારા 'સ્વામીના કંઠમાં તું જરૂર ચંદ્રની સાથે ગ્રહમંડળ જેવું શોભીશ.

૪૯. (૬૬) ચિત્ત વિહ્વળ થતાં વસંતની સુંદર સૃષ્ટિની એને જે દૃષ્ટિ હતી તે પણ ફરી ગઇ ! (૬૭) અને સૌન્દર્યની રેખેરેખ ચિત્તને વિંધી રહી. વિનોદ એજ પછી ત્રાસ થઈ પડયો !

૫૩. (૯૩) અહો દિવ્ય પ્રભાવવાળાં પ્રાણી ! તમારી જાત એટલી બધી

કોમળ છે કે પારકાની જરાક પણ પીડા તમને આમ પીડે છે ? મનુષ્યને
સંગ ત્યજીને તમે સુખે વનમાં ફરજો. એનો સંગ તો તમને બગાડશે.

૫૪. (૯૮) દુઃખી છતાં સજ્જન પુરૂષોના દુઃખની વ્હેંચણી તે સુખનેજ આ-
પવાવાળી છે. સજ્જન પુરૂષોના સંબંધમાં દુઃખમાં ભાગ પડાવવાથી
ઉભયનું દુઃખ હલકું થાય છે.
(૧૦૧) પવિત્ર સ્ત્રીને ગમે તેવો ક્રોધ પણ પોતાને હાથે કોઇનો નાશ
કરવાને અસમર્થજ છે. એનું પોચું હૃદય સુંદર વસ્તુને વિછિન્ન કરી
શકતું નથી, માટે તેણે જાળવીને કમળ દંડ ચીરવા માંડયો. દંડ તદન
તુટી ન જાય પણ હારની સેરો બને તેવી રીતે જાળવીનેજ વારાફરતી
ચીરવા માંડયો.

૫૬. (૧૧૧-૧૧૩) વનાન્તની રમ્ય વનસ્પતિ વ્યોમની સાથે સંધીમાં જે
પહેલાં સ્પષ્ટ હતી તે નિશાગમે અસ્પષ્ટ થઈ, છતાં હવે તે કાંઈક
જુદાજ રમણીય રૂપમાં શોભાવા લાગી. વનશ્રીએ નિશાની શ્યામળતા
ધીમે ધીમે જાણે પીવા માંડી, અને સંધ્યાનું વિરલ અંધકાર અલૌકિક
પ્રભાવાળુ જણાવા લાગ્યું. પણ આવા પ્રભાવ તો બાળક જેવા સરળ
હૃદયવાળી મનોરમાને માટે અત્યારે અસહ્ય હતા.

૫૮. (૧૨૩) પ્રિયાની વેદના જે અશ્રુવાટે વહી રહી હતી તેને તેણે ચુમી
લીધી. (૧૨૪) નાયકના હૃદયની વેદના વનમાં ખીલેલી વનસ્પતિનેય
હૃદયના પ્રત્યાઘાતે જાણે રડાવી રહી હતી.

૫૯. (૧૨૮) છેક નિરાશ થઇ ગએલો પતિ પોતાની પ્રિયાને અડકવાથી એને
દુઃખ થશે એવી બ્હીકે માત્ર પ્રેમની ભીની દૃષ્ટિથીજ એનામાં ચેતન
લાવવા નીચો વળીને નિહાળતાં તેનાં અંગોને પંપાળી રહ્યો.

૬૧. (૧૪૦) દેવી, એક છતાંય ભિન્ન દેખાતાં આપણુ બન્નેનો પાછો
સંયોગ થતાં જગત્ જીવન પ્રેમનો પ્રભાવ જાગી ઉઠયો, એ જ તારા
આવા વિલાસનું કારણુ છે.

૬૨. પ્રેમ સુત્રની ગુંથણી પતિ પત્નીના અન્યોન્યાશ્રયે આઘાત પ્રત્યાઘાતથી
રચાય છે. અને એ બંનેએ થઈને રચેલા સૂત્રમાં સૃષ્ટિના વિવિધ અનુ-
ભવનાં નિત્ય પ્રફુલ્લ અને સુગંધ ભરેલાં ફુલ પરોવાય છે. એવી
પ્રેમની માળાજ બે જુદાં શરીરને એકત્ર કરી મરણુની પાર પણ
એકતામાં ગાંઠી રાખે છે. વિલાસ તરંગ કાવ્યનું એજ ગૂઢ સૂત્ર છે.

૬૩. આત્માનું મંથન કરી તેને જગતની રંગભૂમિ ઉપર ઉતારનાર પ્રેમજ છે. અને એ મંથનમાં રસેન્દ્ર—શૃંગાર તે પ્રેમનો દૂત બને છે.

૬૫. (૭) મંજરીનાં બનાવેલાં આભૂષણોનેજ જાણે નાયિકાના શરીરે ઉલટી શોભા આપી. (૮.) મોતીની એકસેરી સુંદર માળા તેજ લાવણ્ય ધારા. (૧૧.) આવી સ્થિતિમાં પ્રેમ કે કામ એનો વિવેક કરી શકાય તેમ નહોતું.

૬૬. (૧૭) મનસિજ—કામદેવને બેવડું ધૈર્ય આવ્યું, અને એવા ધૈર્યના પરિણામે એની કાન્તિમાં પણ વૃદ્ધિ કરી. હવે તો તેણે જાણે મને મૃત્યુને શરણ કરવાજ બાણ ચઢાવ્યું. (૧૯.) નાયિકાના વદન કમળમાં આવીને મદન તાણ્ડવ નૃત્ય કરવા લાગ્યો. હું પણ એ નૃત્યની શોભા, આંખમાં જળ ભરાઇ આવવાથી, બરાબર જોઇ શકયો નહિ.

૬૭. (૨૦) આ નાયિકાના વદનકમળ ઉપરના મન્મથનું તાણ્ડવ જોઇ મારા અંતરમાં રહેલા કામદેવે પણ એજ પ્રિયાના કમળ ફલક ઉપર આવીને નાયિકાના મન્મથ સાથે રમવા વિચાર કર્યો. (૨૧.) આવા તેમના વિહારમાં જાણે આડે આવતી ખીલી કાઢી નાખવા, તર્ક, વિતર્ક, અને વિચાર જાળમાં ગુંથાયલી મારી વિવેક બુદ્ધિનું તેમણે જરૂર ખૂનજ કર્યું.

૬૮. (૨૬) અધર તલના ઉપર ચુંબન કરતાં તો અધર તલ સુકાઈ ગયું, છતાં એટલા રસથી તૃપ્તિ વળી નહીં, તેથી હવે દંતછેદ ફરી પ્રેમનો કૂપ ખોદીને ત્યાંથી અમી ઝરણ ઝરાવી અમૃત પીવાની વૃત્તિ થઇ. (૨૮.) આ પ્રમાણે પ્રેમના આવેશની સીમાએ પહોંચતાં દંતના છેદની સાથે આવેશ ઉતરી ગયો. પછી પ્રેમનોજ ઝરો વહેવા લાગ્યો. આવેશવાળી ભોગની ઈચ્છા પ્રેમના ઝરણની સાથે તરત લોપ થઈ જાય છે, તે પ્રમાણે, મન્મથ હવે ગળી જઇ પ્રેમાનંદના પૂરમાં કયાંઈ સમાઇ ગયો! પ્રેમમાં રસિકમદનનું આયુષ્ય લાંબુ હોતુ નથી. (૨૯.) કુસુમશર—મદન આમ અદૃશ્ય થઇ ગયો, છતાં તેની શરીરમાં વ્યાપી રહેલી ઉજ્વળ કીર્તિ હવે પ્રેમનીજ ધારામાં શબ્દ વાટે વહેવા લાગી.

૬૯. (૩૧) પાતિવ્રત્યનું રક્ષણ કરતી દેવીની પેઠે શિક્ષા કરવાને ધર્મપત્ની જાગી ઉઠી એમ જાણીને હું વ્યાજ નિદ્રા કરીને સૂઇ ગયો. (૩૩) જ્યારે મેં જાણ્યું કે, એના દૃઢ પાતિવ્રતથી ઉત્પન્ન થએલી પર પુરૂષના સ્પર્શવાળી શંકા એક પળમાં એનો પ્રાણ લઇ નાખશે, ત્યારે તરતજ એના હૃદયમાંથી છૂટેલી પ્રેમની જે ધારાને એવી શંકા રૂપી શિલાએ ખાળી

રાખી હતી, તે શંકાને એના મનમાંથી ખસેડી નાંખી, રસ્તો સરળ કરી આપવા એની દૃષ્ટિએ ચઢી તે ધારાને ફરી વહેવરાવવાનો મેં નિશ્ચય કર્યો. (૩૫.) પણ નાયિકાના સરળ હૃદયે દયાનો પ્રવાહ વહી રહ્યો હતો, અને જાણે તેના પૂરમાંજ તણાતી એની મેળેજ એ મારા ભણી આવી, અને હું સૂતો હતો ત્યાં અંટેવાળીથી તે અખડી પડી.

૭૦. (૩૮) પતિપત્ની સુખદુઃખમાં સમાન અંશે ભાગીદાર છે એવી આપણા લગ્નની પ્રતિજ્ઞા છે, તે તમે લીધેલી હતી. છતાં તેનો ભંગ કરીને ચુંબનના સુખમાં મને તમે સહભાગી કરી નહીં, તેના દોષથીજ મન્મથે તમને પીડીને પોતાના બંધનમાં નાખ્યા હતા. ત્યાંથી નાશી આવી મને છેતરીને તમે અહીં ઠીક સૂઇ રહ્યા છો! (૪૧) પ્રિયાએ આલિંગનમાં મારા શરીરે હાથ વીંટાળીને જાણે કનકના ઘરવાળું પાંજરૂ કરી દીધું હતું. (૪૨) અથવા રતિને મારા ઉપર ઈર્ષા હોવાથી તેણે કામદેવના કાન ભંભેર્યા, અને તેથીજ તેણે તમને પ્રેમના સંભોગમાં આવી નઠારા માણસની રીત શિખવાડી?

૭૧. (૪૬-૪૭) નાયકે જ્યારે દોષમાંથી મુક્ત થવા એમ કહ્યું કે સ્વપ્નમાં 'કોક' પ્રેમિએ તને શૃંગારમાં રોળીને તારૂં ચુંબન કર્યું હશે, ત્યારે એવા વિવેકશૂન્ય શબ્દના ઉપર સ્વભાવેજ પાતિવ્રત્યની લાગણીવાળી નાયિકાને ક્રોધ ચઢયો, અને તેણે કહ્યું કે, લાજ મર્યાદ મૂકી રતિનો વિલાસ ભોગવતા તમે કામદેવની સાથે જ્યારે ખોટી મિત્રાચારી બાંધી હતી, ત્યારે હું તો મારા શુદ્ધ અને ધાર્મિક પ્રેમમાંજ રમતી હતી. નાયકને આ શબ્દ સાંભળી પોતાની પ્રિયાના સ્વપ્નમાં અન્ય પુરૂષના રતિવિલાસની સ્હેજ શંકા ઉત્પન્ન થઇ, અને અહીંથી આ શંકાથીજ નાયકને પરિતાપ થતો ચાલ્યો જાય છે. નાયિકા, જાણે પોતાના પ્રતિ પતિએ કરેલા અન્યાય અને અવિવેકની શિક્ષા કરતી હોય તેમ, સ્વપ્નના વિલાસીની સ્પષ્ટતા કર્યા વિનાજ તેના વિલાસને સર્વ રસના ભભકમાં ચીતરી બતાવે છે. આ સ્થિતિમાં ૫૭ શ્લોક સુધી પતિ પત્નીની અનેક શૃંગાર વૃત્તિઓના કલહનો ચિતાર ચાલે છે.

૭૨. (૫૮) મનનો ધર્મ સંકલ્પવિકલ્પાત્મક તર્કની જાળ માંડવાનો છે, પણ પવિત્ર હૃદયમાં તો સત્ય અને પ્રેમની છાપ સ્વતઃ પડી રહે છે, તેથી નાયિકાના શબ્દનો વિચાર કરતાં મન નાયિકાના સ્વપ્ન વિલાસમાં

શંકાને ઉભી કરે છે, પણ હૃદયને પૂછતાં એની પવિત્રતામાં તે વિલીન થતુજ જણાય છે! પતિવ્રતાને થતા અન્યાયને માટે મને કરેલી શંકાની જાળમાં પૂરેલું હૃદય રડે છે.

૭૪. (૬૨) આખરે, પતિએ પૂછયું કે પ્રિયા! ધર્મ્ય.છતાં છળ કપટના ભરેલા વિલાસમાં પણ તું કહે છે તેવો આનંદ હશે ખરો? અને તેના ઉત્તરમાં તમે શું એમ નથી અનુભવ્યું? એટલું સાંભળી, નાયકના મનની શંકા ઉડી ગઇ. અને તે બીજા૯ શ્લોકમાં મનને ઠપકો આપવા લાગ્યો કે, પ્રેમના પંથમાં તું જરૂર એક શલ્ય રૂપજ છું. પ્રેમી જનોના સચ્ચરિત્રમાં શંકા લેવાનો તને લેશ પણ અધિકાર નથી.

૭૫. (૭૨) શંકાથી મુક્ત થએલાં પતિપત્ની પવિત્ર હૃદયની ભેટમાં ઉભાં રહ્યાં. અને એકબીજાને એજ પવિત્ર પ્રેમ ભરી દૃષ્ટિથી જોતાં તેમના શરીરની સ્થિતિ પણ બદલાવા લાગી–તેમની મનોહરતામાં તત્ક્ષણેજ વૃદ્ધિ થવા લાગી. એવી બદલાતી ઉચ્ચ ભાવ ભરી ચિત્તસ્થિતિનો આ શ્લોકમાં સુંદર ચિતાર છે.

૭૭. (૮૨) શુદ્ધસત્વા પ્રિયાના આવા વિમળ ચરિતે જે પૂજ્યભાવ મારામાં પકટાવ્યો, તેવા ભાવમાં હું એના પંકજે નમી રહ્યો. પ્રિયા શરમાઇ ગઈ, (૮૫) સંસારની આપણી દૃષ્ટિ આવા પ્રેમભર્યાં વિલાસવાળી થાય, ત્યારે સંસાર દુઃખનોજ ભરેલો છે, સંસાર કઠિન છે, અને તે શુષ્ક છે, એમ તે કેમ માની શકાય?

૭૮. (૮૯) અહીંથી પ્રેમી દંપતીનો વાર્તાવિનોદ શરૂ થાય છે. એ વિનોદ પ્રેમના વિલાસથી ભરેલો છે, અને તે આખરે રામચંદ્રના પવિત્ર પાદના અર્ચનમાં જઇને વિરમે છે. એક બીજાની ઉક્તિમાં અનેક ઉચ્ચભાવનાં ભરેલાં ચિત્ર છુપાયલાં રહેલાં છે.

૮૨. હૃદય એ અનેક જન્મના ધર્મ, વિદ્યા, કે વિવિધ જ્ઞાનના સંસ્કારોથી ઘડાયલા આત્માનો સ્વાભાવિક ઉચ્ચ વૃત્તિવાળો અને પવિત્ર આવિર્ભાવ છે. એ હૃદયજ આત્માનું ખરૂં સ્વરૂપ હોવાથી, તે સ્થિર અને સતત વહેતા પ્રવાહવાળું હોય છે. એની વિવિધ ઉછળતી વૃત્તિઓ એજ ઉચ્ચતાની સુગંધવાળી હોવાથી બધી સ્વભાવે જ શીતળ અને આનંદદાયી હોય છે. સર. રવિન્દ્રનાથ ટાગોરની ગીતાંજલિ. ૫૬.

૮૪. 'પ્રીતમ' એટલે પ્રિયતમ એવો પરમાત્મા.

૮૫. ગ્રીષ્મર્તુમાં પ્રાતઃકાળનો મંદ સમીર એટલો બધો સુખકર હોય છે, કે સૃષ્ટિનું અન્ય સર્વ સૌન્દર્ય જાણે એના આગળ કાંઈજ વિશાતમાં નથી. સર્વ સૌન્દર્ય અને સરળતાને જાણે નીચોવી લાવીને એક અમૃતની ધારા વાટે તેને આ ખેલ કરવામાં પ્રવીણ એવો મંદ સમીર આખા આકાશમાં રેલી રહ્યો છે.

૮૬. પ્રાણીના જીવનનો આધાર જે આનંદ છે, તેને વ્હેંચી આપવાનો તારી પાસે મંત્ર છે! અને તારી પાસેનું એવું અખુટ ધન જરૂર દુર્બળજનને માટેજ છે. સજ્જનનો તો એ ધર્મજ છે. જાણે જીવન વગરનાં ઘણાં માણુસો જીવતાં રહી અહીં વલખ્યા કરે છે, તેમને માત્ર તેનું એકજ બિન્દુ આપીને તું શું મલકાય છે? એ સર્વનાં જીવનને તું પૂર્ણ રસમય કર. તારી પાસે તો એનો ભંડાર છે. જો તું એવું જીવન રેલવા માંડીશ, તો કયો મૂર્ખ માણસ એ અમૃતને ઝીલવાનું ના પાડશે? મારો આ સંદેશો તું આખા જગતમાં ફેરવજે.

૮૮. નાયકનો મિત્ર નાયિકાને ઘેર જઈ તેના વિના એના પતિની સ્થિતિ ઉપવનમાં કેવી ભયંકર થઇ છે, તેનો ચિતાર આપતાં કહે છે કે, તારો પ્રિય વલ્લભ વનમાં તને પુકારે છે, તું ત્યાં ઉતાવળે જા. તનેજ જોવાની આતુરતાથી બળી જતી તેની દૃષ્ટિ તારા મધુર મુખના ઉપર ઠેરવશે ત્યારેજ તારો વલ્લભ શાન્ત થશે. આધ્યાત્મિક ભાવમાં સર. ગીતાંજલિ ૧૮.

૮૮. પ્રથમના વર્ષાદનું ઝાપટું પડી ગયા પછી, આંબાના પાનમાંથી પાણીનાં બિન્દુ ટપકી રહ્યાં છે, એટલામાં તો ફરીને મેઘ ચઢી આવ્યો! આવા રમ્ય પણ ભયાનક સમયે, નાયક નાયિકાને આંબા તળે પેશી જવાનું રસમય સૂચન કરે છે.

૮૯. મુંબઇમાં ચર્ચગેટ સ્હામે આવેલા દરિયાને કિનારે પથ્થરો. ઉપર બેશી શરદ્‌ના અસ્ત થતા સૂર્યને આકાશમાં મનોહર રચના રચતાં જોયો હતો. આ આનંદમય દેખાવ અડધોક કલ્લાક ચાલ્યો હશે. આ નંદનવન કાવ્ય તે રચનાની છાયા છે.

૯૧. જ્યાં પ્રેમ છે ત્યાંજ સંસાર છે. પણ જ્યાં સૃષ્ટિ પ્રેમહીન થાય છે, ત્યાં સંસાર મટી જઇને તે અસારજ બને છે. પ્રેમીના મનમાં તો તેથી પ્રેમ એજ સંસાર એટલે સર્વ સારનો સાર છે.

૯૧. 'પ્રીતિ' ઘણી વખત માછલી પકડવાના ગલના જેવી જાળરૂપ બને છે.

૯૩. મારા મિત્ર નડીઆદના દેશાઈ અંબાલાલ નાથાભાઈના મૃત્યુને અંગે આ કાવ્ય લખાયું હતું. પ્રભુ! વિધિની ઇચ્છા અકળ છે તે આવા જ પ્રયોગથી તેં મને શિખવ્યું!

૯૬. હમિરાજ તે ચિતોડનો હમીર. યોગીરાજ તે 'યોગેન્દ્ર'ના નામથી ઓળખાતો સમરશેન, ચિતોડનો મહારાણો, અને તે પૃથિરાજ રાઠોડનો સમકાલિન અને મિત્ર. મેવાડનો ભીષ્મ તે 'ચંદ્રસેન' જેણે પોતાના પિતાના સુખને અર્થે લગ્ન અને રાજ્ય ઉભયનો ભીષ્મ પિતામહની પેઠે ત્યાગ કર્યો હતો તે, અને જેના દેશભક્ત વંશજો અત્યાર સુધી મેવાડના રાણાને એટલાજ સહાયક છે. દેશની આવી સ્થિતિમાં દેવનેય પણ અહીં અવતાર ધારણ કરવાનું મન થતાં તે અહીં ઉતરી આવશે.

૯૮. અરે! અત્યારે આ સહસ્રલિંગ તળાવમાં પાણી પણ રહેતું નથી.

૧૦૦. જ્યાં સુધી આપણને આપણા બળની, અને આત્મસત્તાની ખબર હોતી નથી ત્યાં સુધી, પર્વત જેવી મહાન્ વિભૂતિથી આપણને ભય ઉત્પન્ન થાય છે. પણ ધીમે ધીમે જ્યારે એ વિભૂતિને જોઇ, નિહાળી, આપણા વિચારમાં ઉતારી જઇએ છીએ, અને આપણી આંખ તેને સૃષ્ટિની વિશાળતાની સરખામણીમાં અલ્પ જેવી કરીને ગળી જાયછે, ત્યારે દીનતાથી ઉત્પન્ન થએલો ભય પણ જતો રહે છે. ભયથી મુક્ત થયેલો જીવ પોતાના આત્મબળની દૃષ્ટિવાળો થતાં, ભીતિના કોટમાં બંધ થએલી દૃષ્ટિને પછી ભવિષ્યમાં નાખી શકે છે. એની ઇચ્છાઓ અને આશાઓ પણ ઉંચીજ બંધાય છે; અને જાણે અંતરમાંથીજ ઉછળતો કોઇક અભિરામ નાદ તે સાંભળે છે. આવા તત્વનું આ કાવ્યમાં સ્પષ્ટીકરણ થએલું છે. પાવાગઢ ઉપર ચઢતાં ચઢતાં તેના જૂના ઇતિહાસનું ભાન થાય છે, અને તે વખતની સ્થિતિનું ભાન બહુ કલેશ કરાવે છે. એક એવું વૃક્ષ, સરોવર, કે કિલ્લાની હાર ત્યાં મેં જોઇ નહીં, કે જેને જોઇને મારી આંખમાં આંસુ ભરાઈ ન આવ્યાં હોય! એ સર્વ ચિતાર મેં રડતે હૃદયેજ જોયો. જ્યારે નજરે આકાશ અને પૃથ્વીનું માપ લેવા માંડયું, ત્યારે અંધારી કોટડીમાંથી નીકળીને આત્માની દૃષ્ટિ બહાર ફરવા લાગી. એવી બળવાળી દૃષ્ટિ ભયાનક ખ્હોમાં પણ પછી તો રસભર આનંદે નાચવા લાગી. ઉંચાં કાવ્યોમાં અધ્યાત્મદર્શનમાં

જણાતા વિરોધાભાસી આવિર્ભાવોને માટે સરખાવો. Tertium Organum પૃષ્ઠ ૨૩૯, અને આ કાવ્યની 'Sublimity' ને માટે જુવો ડ્યુસેનનું Elements of Metaphysics.

૧૦૩. હાલોલથી ચાંપાનેર જતાં બે ખડકોની વચ્ચે થઈને ચાંપાનેરના ખંડેરમાં જવાનો રસ્તો છે, અને ત્યાં એક સુંદર તળાવ અને પહેલો દરવાજો આવે છે. આ ભાગ પાવાગઢની ખીણનો છે, અને ત્યાંથી ચાંપાનેરના ખંડેરનો દેખાવ ઘણો મનોહર છે. અહીંની સૃષ્ટિલીલા તેના જોનારને એકદમ ચાંપાનેરના પૂર્વ વિભવની સ્વપ્નાવસ્થામાં નાખે તેવી ગંભીર છે.

૧૦૫. હે માનવ ! દુઃખ એ તો તારો આહાર છે. દુઃખને સહન કરવું એજ તારો ધર્મ છે. અને એવા દુઃખના સહનથી જે આત્મતત્વની ખીલવણી થાય છે, તે અર્થે તો તું અભેદની પ્રેમસૃષ્ટિમાંથી આવી ભેદભાવવાળી સૃષ્ટિમાં ઉતરી આવ્યો છું. તારી જન્મ સ્થિતિનું તને ભાન રહ્યું છે, તેથીજ આ દુઃખથી તને કંટાળો ઉપજે છે. પણ જ્યારે જાણીજોઇનેજ તું અહીં આવ્યો છું, ત્યારે જન્મસ્થિતિ સંભારી સંભારીને રડવાથી તારૂં શું વળવાનું છે ? દુઃખ સહન કર્યા વિના સિદ્ધિ નથી, તો ધૈર્યથી તેનો અંગિકાર કરીનેજ તું આ સંસારાર્ણવને તરી જા.

૧૦૬. આ સરિતા જાણે મહાન આત્મસૃષ્ટિના વિકાસ ક્રમનો સતાર વગાડતી હોય એમજ હું સાંભળું છું ! એનું મોહક ગાન તે આવાજ ક્રમનો ધ્વનિ કરી રહ્યું છે. અને સૃષ્ટિની આવી ઘટમાળની ગુંચવણી ભરેલો કોયડો જાણે તે ધીમે ધીમે ઉકેલીને બતાવી રહીછે.

૧૦૮. આખી સૃષ્ટિને પ્રેમભરી દૃષ્ટિથી જોતું હૃદય દેવતાની સાથે રાસ રમવા માટે તેમનું આવાહન કરે છે. એ હૃદય પછી પોતાને યોગ્ય સૃષ્ટિ ઉપજાવી કાઢવાને જગત્‌ના અસ્ખલિત નિયમોને પ્રેરાવા કહે છે.

૧૦૯. 'પ્રીતમ' એટલે પરમપ્રિય એવો પરમાત્મા.

૧૧૦. રાગદ્વેષ રહિત પુણ્ય હૃદયનેજ એ સૃષ્ટિ દેવભૂમિ જેવી લાગે છે. દેવોની ભરેલી એ સભામાં એવુંજ હૃદય રમતુ રહે છે. સૃષ્ટિની રચના મહાત્માની સત્ય અને સ્વતંત્ર સંકલ્પબળથી છે, તેથી તેને સ્વચ્છંદી કહી છે.

૧૧૧. સૃષ્ટિ આવી દિવ્યદૃષ્ટિવાળી બની રહી છે. આત્માના માનસિક વિસ્તારનીજ સાથે એનો સૃષ્ટિ વિસ્તાર વધતો જાય છે. તેથી આત્મસ્વરૂપ એજ આ બધી સૃષ્ટિનું નિયામક જણાય છે. સૃષ્ટિનું ખરૂં સ્વરૂપ આવા પ્રકારનું જોતાં ચકિત થઈ ને હું ઉભોજ રહ્યો !

૧૧૩. સૃષ્ટિની આવી રચનામાં મને આટલા બધા હર્ષનું શું કારણ હશે ? આ રચનાના અંતર દેવ વિના એનો કોણ ખુલાસો કરે ? જુવો ગીતા ૬. (૨૯–૩૧) જ્યોતિ. અને ગીતાંજલિ ૫૭.

૧૧૪. હું આ મનોહર વનલીલાને જોઉં છું, અને તેનો હૃદય સુંસરો પડતો સૂર સાંભળું છું. તે ખરેખર મારા મનની સ્થિતિને તદ્દન ઉલટપાલટ કરી નાખે છે ! મારામાં સંમોહ ઉત્પન્ન કરે છે ! શું આવી વનલીલાની સાથે મારે કાંઈ ઉંડો સંબંધ હશે ? મારા આત્માનુંજ એ પ્રતિબિમ્બ તો નહીં હોય ?

૧૧૫. વ્રન્દાવન તે પવિત્ર હૃદયવાટિકા છે. અને તેમાં ભગવાનના સ્વરૂપની સ્હેજ ઝાંખી થતાં ભક્તની અત્યંત ભક્તિભાવવાળી વૃત્તિ ભગવાનના ભેળી થવા તેમની યાચના કરી રહી છે. હે ભગવાન્ તમારા સ્વરૂપનું યથાર્થ ભાન કરાવતો તમારી મોરલીનો તે દિવ્ય સુર ફરીથી ખેંચો, અને આખા જગત્‌ને તમારા ખરા સ્વરૂપમાં–કૃષ્ણરૂપે–બતાવો. તમારા એવા સ્વરૂપમાં અમે મોહી રહ્યાં છીએ.

૧૧૭. આનંદના પ્રવાહમાં તણાતું મારૂં હૃદય પોતાની સૃષ્ટિ રચનામાં ગુંથાયું છે. સૃષ્ટિના પરમાણુમાં ફરીવળતાં તેને પોતાનોજ રંગ લગાડી રહ્યું છે, સત્તા આપી રહ્યું છે. આ રચનામાં કઠોર કોતર પણ કોમળ થઇ ગયા છે ! આ આનંદ પ્રવાહના તોર ઉપર ચઢીને ઘેનાઈ રહેલું હૃદય હે પ્રિયે ! હમણાં જગાડીશ નહીં. જરાવાર એને એજ રચનામાં ગુંથાયલું રહેવા દે.

૧૧૮. અભેદભાવની પ્રેમ ભરી દૃષ્ટિ જડમાં પણ ચેતનનેજ પ્રગટાવે છે. એ દૃષ્ટિનો અંતરમાં થતો આઘાત કાંઈક મનોહર ધ્વનિ ઉપજાવે છે. અને એ શબ્દ વગરનો સુર આત્મ સૃષ્ટિનો હોઇને આ જડ સૃષ્ટિની પારનો છે. નિર્મળ હૃદયમાં સંભળાતો આવો સુર જ્યાં સુધી આ દૃષ્ટિનો વિલાસ છે ત્યાંજ સુધી સંભળાશે. માટે, હે માનવ ! આ જ્ઞાનર્પણનો તું ઉપ-

યોગ કરી લે, નૃત્ય કરતાં એને વધાવી લે. આવો સુર કોક વખત જ સંભળાય છે. આત્માનો આવો વિલાસ જે હમણાં બહાર રચુર્યો છે, તે આત્મામાં પાછો ખેંચાતાં તરત બહારની આ સૃષ્ટિ શૂન્યકાર થઈ જશે. સર. ગીતાંજલિ ૩.

૧૨૦. નવી દૃષ્ટિ પ્રાપ્ત થતાં જૂની દૃષ્ટિનો દુઃખદ સંસાર સંભારવાની જરૂર જ નથી. દૃષ્ટિ એજ સંસાર છે. એવા મિથ્યા સંસારમાં તત્વ દૃષ્ટિએ તો ઉપકાર, અનુપકાર, અને અપકાર એ સર્વ સમાન છે. અત્યારની આનંદભરી સ્થિતિ તે જાણે પ્રથમથીજ એવી હતી એમજ હું દૃઢ માન. 'વસંતે' એટલે બ્રહ્માકાર વૃત્તિમાં.

૧૨૦. શું આ રાગદ્વેષ ભર્યો સંસાર, અને મરણને પણ શિથિલ કરી નાખતી ધર્મની લાગણીનો આવો આવિર્ભાવ, તે મરવાને માટે હોઈ શકે ? મરણના મુખમાં પડયાં પડયાં આશાનો ડુંગર ખડકવાની લોલુપતા તે શું મરવાને માટેજ છે ? શું જીવનનાં આવાં પચાસ જ વર્ષ હોઈ શકે ? મૂર્ખ પણ એવી વાત માની શકે તેમ નથી. જે તત્વ આવો સંસાર રચે છે, તે જરૂર અમરજ હોવું જોઇએ.

૧૨૧. અરે આ પંખી બહુ કોમળ છે, અને આ ફુલની ધાર પણ એટલીજ સુંદર અને કોમળ છે. અરે, આ પંખીના શરીરને ફુલની ધાર ઘોચાશે! પણ એ ફુલની ધાર વળી પંખીના નૃત્યથી કચરાશે ! આ ઉભય કેમ બચે? અરે નિર્દય પંખી ! ત્યાર સોરૂં તો નાળ સહીત તેં પુષ્પને તોડી લીધું? શો આ ખેલ ! પંખી સુંદર, અને પુષ્પ પણ સુંદર. પણ એવું પંખી એવા પુષ્પને ખાઇ જાય છે ! એટલી વારમાં તો આ પુષ્પદલને લેઇને જાણે સૃષ્ટિનો પાઠ ભણાવતું તે પંખી ઉડયું ! આ સુંદર ફુલના નાશમાંજ મારા આવા સુંદર શરીરનો ઉદ્ભવ છે, એમ એ ગાઈ રહ્યું છે ! અરે એકના મૃત્યુમાંજ બીજાના જીવનનું સૂત્ર છે ! અરે હા ! કાર્યાત્મક સૃષ્ટિનો આવોજ લીલા ખેલ છે ! સર. ગીતાંજલિ. ૬.

૧૨૨. આત્મોન્નતિના ક્રમમાં જ્યારે આ શરીર બંધનરૂપ બને છે, ત્યારે એવા દુઃખમાંથી તારા વિના કોઈ છોડાવી શકતું નથી, માટે ખરા દુઃખમાં તો તારોજ આધાર છે. તને તે શત્રુ કેમ કહેવાય ? સર ગીતાંજલિ, પર.

૧૨૫. ગરીબનાં દુઃખને ભુલવનાર તેમનો બેલી કાળ એકલોજ છે: તેમના

ઉપર એટલાં એટલાં દુ:ખ પડે છે કે, જો એ સર્વની તેમને સ્મૃતિ રહે તો, તેમનાથી જીવી પણ શકાય નહીં. માટે એવા કઠિન કાળ ભુલાડીને બેદરકારી રાખ્યા સિવાય આગળ વધ્યાજ જવાની અહીં યાચના છે. એ કાળ અનંત છે, એટલે તેનું આયુષ્ય ખુટવાનું નથી. તેનો ઉદ્ભવ ચિત્તમાંથીજ થાય છે, એટલે ચિત્તની ઉચ્ચ વિકાસતી સ્થિતિમાંજ એનો લય થવાનો છે.

૧૧૬. સંસારની અનેક મોહક વસ્તુ પ્રથમ આકર્ષણ કરીને પછી હાથમાંથી સરી જાય છે. એવા દુ:ખના પ્રસંગે 'આશા' એજ માણસને જીવાડી લેછે. આવી આશા સદા યુવાન છે, અને તે ઉચ્છૃંખલ જેવી છે. તેનું સ્વરૂપ મોહક છે, અને તેની જાળ તેના મનોહર કુન્તલ છે. એ માત્ર આમ જીવાડવાનુંજ કામ કરીને કોઇને હાથ લાગ્યા વિના ગગનમાંજ ઉડયા કરે છે!

અગત્યનું શુદ્ધિપત્ર.

પૃષ્ટ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૧ (૯૫)	વક્ત્રતા	વક્ત્રના
૨૭ (૨)	હાથે	હાથ
૨૯ (૪૨)	ઓ	આ
૩૫ (૧૧૪)	પૂર્વ	પૂર્વે
૩૬ થી ૪૮ બધેયથી	[સર્ગ ૩] એવું છાપેલું	કાઢી નાંખો
૩૮ (૪)	મનુજતા	મનુજના
૪૪ (૩૮)	નમી	રમી
૫૩ (૯૨)	જેમને	જેમનો
૬૪ (૭)	એનો	એના
૭૬ (૬૪)	તુરત	મુસ્ત

આ લેખકનાં પુસ્તકો.

૧.	ઉપનિષદ્-જ્યોતિ ભા. ૧	૪–૦–૦
૨.	ઉપનિષદ્-જ્યોતિ ભા. ૨	૪–૦–૦
૩.	ભગવદ્ગીતા-જ્યોતિ	૩–૦–૦
૪.	બ્રહ્મમીમાંસા-જ્યોતિ	૫–૦–૦
૫.	અભિજ્ઞાનશકુંતલ (ગુજરાતી) ...	૧–૪–૦
૬.	વૈદેહીવિજય (નાટક)	૦–૯–૦
૭	કુસુમાંજલિ	૦-૧૨-૦
૮.	કાવ્યાર્થ પ્રદીપ	૦–૮–૦
૯.	ક્ષાત્રપાળ (વે. સ. ધ. સ.) પાસેથી...	૦–૩–૦
૧૦.	સ્વદેશી હીલચાલ...	૦–૨–૦
૧૧.	શિક્ષકનું કર્તવ્ય	૦–૧–૦
૧૨.	Studies in Land Revenue & Economics	૧–૦–૦